# વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજી.)

# VEDIC JYOTISH SANSTHAN (REGD.)

Reg. No. Bombay Public Trust Act
**Vide Registration No. E-26475 (Mumbai)**

175/43-D, Panchsheel CHS., Sector-1, Charkop, Kandivali (W), Mumbai - 400 067.
Email : vjtvv1@gmail.com • www.vedicjyotishsansthan.com

ચંદ્રક અને પ્રમાણ પત્ર વિતરણ

Medal & Certificate Distribution

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ

## GURU PURNIMA MAHOTSAV

**On Sunday, 2nd August - 2015**

**Lecture : 2.00 p.m. • Medal & Certificate : 3.30 p.m.**

---

**Venue :** Samta Krida Bhavan, Sai Nagar, M. G. Road,
Opp. Wasan Motors, Kandivali (West), Mumbai - 400 067.

---

**Our Centers : Borivali (Sat.) • Malad (Sun.) • Borivali (Mon.)**



ભગવાન શ્રી બટુક ભૈરવ

# ॥ आपदुद्धारक श्रीबटुक-भैरव अष्टोत्तर-शतनामा-स्तोत्र ॥

## ॥ मूल स्तोत्र ॥

ॐ ह्रीं भैरवो भूतनाथश्च, भूतात्मा भूतभावनः । क्षेत्रज्ञः क्षेत्रपालश्च, क्षेत्रदः क्षत्रियो विराट ॥१॥
श्मशानवासी मांसाशी, खर्पराशी स्मरान्तकः । रक्तपः पानपः सिद्धः, सिद्धिदः सिद्धिसेवितः ॥२॥
कङ्कालः कालशमनः, कलाकाष्ठातनुः कविः । त्रिनेत्रो बहुनेत्रश्च तथा, पिङ्गललोचनः ॥३॥
शूलपाणिः खड्गपाणिः कङ्काली धूम्रलोचनः । अभीरुर्भैरवीनाथो, भूतपो योगिनीपतिः ॥४॥
धनदोऽधनहारी च, धनवान् प्रतिभागवान् । नागहारो नागपाशो, व्योमकेशः कपालभृत् ॥५॥
कालःकपालमाली च, कमनीयः कलानिधिः । त्रिलोचनो ज्वलन्नेत्रस्त्रिशिखी च त्रिलोकप ॥६॥
त्रिनेत्रतनयो डिम्भशान्तः शान्तजनप्रियः । बटुको बटुवेषश्च, खट्वाङ्गवरधारकः ॥७॥
भूताध्यक्षः पशुपतिर्भिक्षुकः परिचारकः । धूर्तो दिगम्बरः शूरो हरिणः पाण्डुलोचनः ॥८॥
प्रशान्तः शान्तिदः शुद्धः, शङ्करप्रियबान्धवः । अष्टमूर्तिर्निधीशश्च, ज्ञानचक्षुस्तपोमयः ॥९॥
अष्टाधारः षडाधारः, सर्पयुक्तः शिखीसखः । भूधरो भूधराधीशो, भूपतिर्भूधरात्मजः ॥१०॥
कङ्कालधारी मुण्डी च, आन्त्रयज्ञोपवीतवान् । जृम्भणो मोहनः स्तम्भी, मारणः क्षोभणस्तथा ॥११॥
शुद्धनीलाञ्जनप्रख्यो, देत्यहा मुण्डभूषितः । बलिभुग् बलिभुङ्नाथो, बालोबालपराक्रमः ॥१२॥
सर्वपत्तारणो दुर्गो, दुष्टभूतनिषेवितः । कामी कलानिधिकान्तः, कामिनीवशकृद् वशी ॥१३॥
जगद्रक्षकरोऽनन्तो, मायामन्त्रौषधीमयः । सर्वसिद्धिप्रदो वैद्यः, प्रभविष्णुरितीव हि ही ॐ ॥१४॥

### देवी-पुत्र भगवान् श्रीबटुक-भैरव

अष्टभुजा स्वरुप



सात्विक स्वरुप



राजसिक स्वरुप



तामसिक स्वरुप



# ગુરૂવંદના

ॐ पूर्णमदः पूर्णामिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ॐ॥

ૐ મારા ગુરૂજી તરફથી પ્રાપ્ત થયેલું આ શક્તિપૂર્ણ આનંદમય કૃપાસ્ત્રોત પરિપૂર્ણ છે, અબાધ છે, અમિત પ્રભાવશાળી છે, પરમ કલ્યાણકારી છે, આ મારૂ શીવસંકલ્પ પરિપૂર્ણ છે, જે ચિંતન કરાયું છે તે પરિપૂર્ણ છે, જે ચિંતન કરી શકાયું નથી તે પણ ગુરૂકૃપાથી મારા માટે પૂર્ણ શક્તિમય એવમ્ શક્તિમય ગુણોથી મને પરિપૂર્ણ રીતે પ્રાપ્ત છે, માટે તે પૂર્ણ જ છે, આમાંથી પ્રયોગ થતા છતાં એ પૂર્ણ જ રહે છે, આમાં સંપૂર્ણ કૃપા પ્રવાહમાંથી મેં સંપૂર્ણ રીતે બધે ઠેકાણે પ્રવાહીત કર્યું છે, જે પ્રવાહિત કર્યું છે તે સંપૂર્ણ જ છે, છતાં ગુરૂકૃપાથી આ બધુ કાંઈ ઓછુવધતુ થતું નથી, પરિપૂર્ણજ રહ્યું છે, તેમાં કોઈ પ્રકારે વધઘટ થતું નથી, ભરપુર પ્રયુક્ત થયા પછી પણ શ્રી ગુરૂમહારાજજીની કૃપાશક્તિનો પ્રવાહ સંપૂર્ણ જ છે પરિપૂર્ણ જ છે.

॥ ૐ ॥

# आज का संकल्प

१. मै आजसे त्रिकालदर्शी और साक्षीद्रष्टा स्थितिमें रह कर हर परिस्थिति पार कर द्रष्टारुप बनुंगा ।

२. शुभ भावना और शुभ कामना के मंत्र द्वारा हर आत्मा को संतुष्ट करते हुए सदा संतुष्ट रहुँगा ।


३. मीठे बोल ओर मुस्कुराते हुए चहेरे द्वारा हर एक के साथ मधुरता सम्पन्न व्यवहार करुंगा ।

४. सच्चे और साफ दिल से चिंता और व्यर्थ चिंतन से मुक्त रहुंगा।

५. संपूर्ण पवित्रता पाने के लिए व्यर्थ व नकारात्मक शब्दों को समाप्त कर अपनी वृत्तिओं को भी पवित्र बनाऊंगा।

हम सभी इस सृष्टि रुपी मंच पर चल रहे खेला के पात्र है । हमें सृष्टि के निर्माता द्वारा दिये गये पात्र को निभाना है । बीना किसी प्रकार की चिंता, शोक, दुःख, सुख, हर्ष, ममता, लालच, लगाव, एषणा, तृष्णा, वासना, प्यास या तडप के फेरे में न पडते हुए दिये गये पात्र को न्यायपूर्वक निभाना है । इस सृष्टिरुपी खेला के निर्माता द्वारा दिये हुए पात्र में हर प्रकार के प्रसंग या संजोगो को हर्षीत रह कर साक्षीभाव से निभाना हमारा कर्तव्य है।

# VEDIC JYOTISH SANSTHAN



**Ashok Chauhan**
President - Hon. Trustee
(Jyotishalankar)



**Hiren Bhavsar**
Hon. Principal



**Vasanti Bhadra**
Hon. Lecturer



**Jayshree Gadani**
Hon. Lecturer



**Harilal Malde**
Hon. Lecturer



**Jayesh Waghela**
Hon. Lecturer



**Varsha Raval**
Hon. Lecturer



**Pradip Joshi**
Hon. Lecturer



**Chaitali Parmar**
Hon. Lecturer



**Zankhana Dave**
Proxy Lecturer

મહાન માનવીની પ્રથમ કસોટી વિનમ્રતા છે.

હરિ ૐ

# સંસ્થા પરિચય

વૈદિક જ્યોતિષ સંસ્થાનનો મૂળ ઉદ્દેશ્ય આજના આધુનિક યુગમા જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્રને પહેલા જેટલું જ આદરપાત્ર બનાવવાનું તથા જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્રને જીવંત રાખવા માટે નિઃસ્વાર્થભાવે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે.

હાલનું દૂષિત માનસ જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્રને ખુબ જ નિમ્નકક્ષાનું ગણે છે. શાસ્ત્રના રચનાકારો એ કલ્પના પણ ન કરી હોય એવી અવહેલના આજના સમયમાં થવા માંડી છે, લોકો જ્યોતિષ કે વાસ્તુમાં વિશ્વાસ જાહેર કરવામાં નાનમ કે શરમ અનુભવતા હોય છે, ગુપ્તતા જાળવતા હોય છે, હિણપત અનુભવતા હોય છે, શાસ્ત્ર પ્રત્યે સૂગ ધરાવતા હોય છે, કારણ શું...? કારણ કે આજે આપણે આપણી મૂળ સંસ્કૃતિથી વિમુખ થઈ રહ્યા છીએ. સંસ્થા લોકોના માનસમાંથી આ વિદ્યા કે શાસ્ત્ર પ્રત્યેના ખોટા ભ્રમ અને ડર દૂર કરવાના હેતુ થકી નિઃસ્વાર્થ પ્રયાસ દ્વારા લોકોને જ્યોતિષનું નિર્મળ જ્ઞાન પ્રદાન કરે છે.

જ્યોતિષશાસ્ત્ર પાસે લોકોની આપેક્ષા એલોપથી દવા જેવી થવા લાગી છે. આજના સમયમાં લોકોને પોતાની તકલીફોનું તરત જ નિવારણ જોઈએ છે. લોકોને અંધશ્રદ્ધા, પૂર્વગ્રહ તથા હાથોહાથ નિકાલ આપતા અન્ય ઉપાયો દ્વારા તેમની તકલીફોનું કલાક અને મિનિટોમાં જ સમસ્યાનું નિરાકરણ જોઈએ છે. ટીકડી ખાતા જ દર્દ ગાયબ...! આ માનસ બદલાવું જોઈએ. સંસ્થાનો અભ્યાસક્રમ એ એક ગણત્રી તથા વિજ્ઞાન જ છે, જેના દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી પૌરાણિક દાખલા, કથાઓ, દ્રષ્ટાંતો દ્વારા ખુબજ સરળ પદ્ધતિથી શાસ્ત્ર ભણાવવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર, હસ્તરેખાશાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર તેમજ સ્વરજ્ઞાન વગેરે વિષયોને આવરી લઈ વિસ્તૃત અભ્યાસ ક્રમ દ્વારા જ્ઞાનદાનની નિઃશુલ્ક સેવા માનદ્ અધ્યાપકો દ્વારા આપવામાં આવે છે. કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતાં કોઈપણ ઉંમરના ભાઈ-બહેનોને જ્ઞાન મેળવવાનું સહૃદય આમંત્રણ આપવામાં આવે છે. વર્ષાંતે પરિક્ષા લઈ પ્રમાણ-પત્ર આપવામાં આવે છે. આ શાસ્ત્ર વેદો દ્વારા મળેલો અમૂલ્ય વારસો છે, વરદાન છે, જે ઋષિ-મુનિઓની ન જાણે કેટકેટલા વર્ષોની મહેનતનો નિચોડ છે. જ્યોતિષ શબ્દનો અર્થ શું છે ? ઉત્તર છે, ઈશ્વરની જ્યોત...! માનવને જીવન જીવવાના માર્ગો તો અનેક છે, પરંતુ સદ્-જીવન જીવવાનો સાચો માર્ગ કયો છે ? તે આ ઈશની જ્યોતનો પ્રકાશ એટલે કે જ્યોતિષશાસ્ત્રના જ્ઞાન દ્વારા જ જાણવા મળી શકે છે.


## ❋ માનદ્ અધ્યાપકો ❋

શ્રી અશોકભાઈ ચૌહાણ - પ્રેસીડન્ટ

| | | |
|---|---|---|
| શ્રી હીરેનભાઈ ભાવસાર | શ્રીમતી વાસંતીબેન ભદ્રા | શ્રીમતી જયશ્રીબેન ગદાણી |
| શ્રી હરીલાલ માલદે | શ્રી જયેશભાઈ વાઘેલા | શ્રીમતી વર્ષાબેન રાવલ |
| શ્રી પ્રદીપભાઈ જોશી | શ્રીમતી ચૈતાલીબેન પરમાર | કુ. ઝંખના દવે |

## ❋ વ્યવસ્થાપન સમિતિ ❋

| | | |
|---|---|---|
| શ્રી મુકેશભાઈ મહેતા | શ્રી શર્વીલભાઈ વૈધ | શ્રી સૂર્યકુમાર મિશ્રા |



# માનવંતા ગુરૂજી શ્રી સુભાષચંદ્ર સકસેના

શ્રી સુભાષચંદ્ર સકસેનાજીનો જન્મ ૯ ઓગસ્ટે મુરાદાબાદ ઉત્તરપ્રદેશમાં થયો હતો. માધ્યમિક શાળાનું ભણતર એમણે દિલ્હી તથા કાનપુર ખાતે પૂર્ણ કર્યું. ભણવામાં તેજસ્વી હોવાથી રાજસ્થાન ખાતે મીકેનીકલ એન્જીનીયરીંગની ડીગ્રી મેળવી. તેઓ અત્યંત મહત્ત્વાકાંક્ષી હોવાથી ઓગસ્ટ ૧૯૫૬માં રાજસ્થાનથી મુંબઈમાં સ્થળાંતર કર્યું. એમણે મુંબઈ જેવી મહાનગરીને પોતાની કર્મભૂમી બનાવી. જુનીયર એન્જીનીયર તરીકે B.A.R.C. માં જોડાયા. ચાર દાયકાની પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વકની સેવા આપી સીનીયર સાયન્ટીફીક ઓફીસર (રીમોટ ઈલેક્ટ્રોનીક ડીવીઝન) તરીકે નિવૃત્ત થયા.

B.A.R.C. માં તેમના ઉપરી અધિકારી શ્રી દાંડેકર સાથે તેમની મુલાકાત થઈ, જેઓ વૈજ્ઞાનિક હોવા છતાં જ્યોતિષમાં ઉંડો રસ ધરાવતા હતાં. ત્યારે સુભાષચંદ્રજીને આશ્ચર્ય થયું કે એક વૈજ્ઞાનિકને જ્યોતિષશાસ્ત્રમાં આવી રૂચિ કેવી રીતે હોઈ શકે ? દાંડેકરજીના વધારે સંપર્કમાં આવવાથી તેઓશ્રીની શ્રધ્ધા જ્યોતિષશાસ્ત્રમાં વધારે દ્રઢ થઈ.

તેઓની જ્યોતિષ વિદ્યાની સફર ૧૪ વર્ષની નાની વયે થઈ, જ્યારે તેઓ જયપુરના રાજ ઘરાનાના સ્વામી આત્મારામ સરસ્વતીના (કાશી વિદ્યાપીઠના પ્રથમ વાઈસ ચેન્સલર) સંપર્કમાં આવ્યા. ગંગા નદીના કિનારે આદર્શ વાતાવરણમાં તેઓ ગુરૂજી પાસેથી સંસ્કૃત અને જ્યોતિષ વિદ્યા પ્રાપ્ત કરી.

૧૯૬૪માં તેઓ ભારતીય વિદ્યા ભવન સાથે તથા ૧૯૬૭માં જ્યોતિર્જ્ઞાતા મંડળ સાથે જોડાયા. પોતાનું જ્ઞાન વૈજ્ઞાનિક પધ્ધતિથી શિક્ષક બનીને સમાજને અર્પણ કરવાનું શરૂ કર્યું. સમય જતા તેઓ જ્યોતિર્જ્ઞાતા મંડળના આચાર્ય બન્યા.

૨૦૦૩ તથા ૨૦૦૫માં તેઓ અમેરીકાના પ્રવાસે ગયા જ્યાં તેઓ વિવિધ દેશોના જ્યોતિષીઓના સંપર્કમાં આવ્યાં જ્યાં તેમણે જ્યોતિષ વિદ્યાનું આદાન પ્રદાન કર્યું. એમણે વાસ્તુ અને ભારતીય જ્યોતિષ વિદ્યા ઉપર અનેક લેક્ચરો આપ્યા.



**શ્રીમતી સ્મિતાબેન આર. પારકર** અનાવીલ બ્રાહ્મણ કુટુંબમાંથી આવેલ છે. એમણે એમ.એ. તથા M.Ed. કરેલ છે. તેમના જીવનનો મુદ્રાલેખ છે કે શાળા એ મંદિર છે તથા શિક્ષણ આપવું જે પુજા-આરાધના છે. તેઓ લગભગ ૧૮ વર્ષ સુધી શિક્ષિકા તરીકે સેવા આપી ચુકયા છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી એમને આગળ વધતા જોઈ ગર્વ અનુભવે છે, એમનું જીવન ધ્યેય છે કે દેશનું દરેક બાળક-બાલિકા શિક્ષિત હોય, શિક્ષણનો પ્રકાશ સર્વત્ર ફેલાય, શિક્ષા ક્ષેત્રે ૧૮ વર્ષની સેવા આપ્યા બાદ તેઓ સરકારના એજ્યુકેશન ઈન્સ્પેકટર (શિક્ષણ ક્ષેત્રે તપાસકર્તા) તરીકે ૬ વર્ષ સેવા આપી, આ દરમ્યાન તેઓને વિદ્યાર્થીઓની સમસ્યાઓનો સારો એવો અનુભવ થયો અને તેમની ઉત્કૃષ્ઠ સેવા તથા અનુભવને કારણે સરકાર દ્વારા મોટી જવાબદારી આપવામાં આવી જે (શિક્ષણ વ્યવસ્થા) એજ્યુકેશન સુપરીટેન્ડન્ટ તરીકેની હતી. અહીં તેમણે પોતાની કાર્ય સાધકતા, કાર્ય સમતા, સમર્થતાનો ઉત્કૃષ્ઠ પરિચય આપ્યા બાદ નિવૃત્ત થયા, પરંતુ બીજા લોકોની જેમ નિવૃત્તિ બાદ શાંત બેસવું એમના સ્વભાવમાં ન હોવાને કારણે ફરી શિક્ષણ ક્ષેત્રમાં સેવા માટે બોરીવલીની બન્ને તરફ રહેલી જયાબેન ખોત હાઈસ્કુલ ખાતે એજ્યુકેશન ડિરેકટર તરીકેની સેવામાં પ્રવૃત્ત થઈ ગયા. તે ઉપરાંત તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના મહિલા વિભાગમાં કાર્યરત રહે છે. તે ઉપરાંત તેઓ કુમારીકાઓ તથા યુવતીઓના સુધારા, પ્રગતી, શિક્ષણના લાભાર્થે કાર્ય કરનારી સંસ્થાના પ્રમુખ પદની જવાબદારી પણ સંભાળે છે. વેદિક જ્યોતિષ સંસ્થા તેમની આ સેવામય સફરમાં હંમેશા આગળ વધવાની શુભેચ્છા આપે છે અને ઈશ્વર તેમને આ કાર્યમાં હંમેશા આગળ વધવાની શક્તિ પ્રદાન કરે અને આપણી સંસ્થાના ગુરૂપૂર્ણિમા સમારોહના માનવંતા મહેમાન બનવાનું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યકત કરે છે.



**નિકુંજ શેઠ**

ભગવાને મનુષ્ય જીવનને ચાર આશ્રમોમાં વહેંચ્યુ છે પરંતુ આધુનિક માનવ તે પ્રમાણે ન જીવીને દુઃખ, અશાંતિને નોતરે છે. ચાર આશ્રમ છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. પરંતુ આજે એક જ આશ્રમ રહી ગયો છે... ભોગાશ્રમ. બાળપણથી જ ભોગ - મોજશોખનું પ્રાધાન્ય જીવનમાં વધી ગયું છે. આનું કારણ છે, અંગ્રેજી માધ્યમમાં ભણતર. આપણે જે ભાષામાં ભણીએ તે ભાષા સાથે તેની સંસ્કૃતિ પણ અનાયાસે ભણીએ છીએ અને અંગ્રેજીની અંગ્રેજી પાશ્ચાત્ય સંસ્કૃતિ પણ ભણીએ છીએ અને આપણે બધા જાણીએ છીએ પાશ્ચાત્ય સંસ્કૃતિ ભોગપ્રધાન છે.

ભારતીયોનો જીવનવિકાસ કરવો હશે તો બાળપણથી માતૃભાષાનું ભણતર આપવું પડશે. માતૃભાષાના ભણતર સાથે નરસિંહ મહેતા, મીરાબાઈ, અમૃતલાલ યાજ્ઞિક, ઝવેરચંદ મેઘાણીને ભણી ભારતીય સંસ્કૃતિ પણ સાથે ભણશે જ. આમ ૧૦-૧૨ વર્ષ ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન મેળવી બાકીનું ભણતર પુરું કરી જયારે સમાજમાં વ્યવહાર કરશે ત્યારે સારા નાગરિક તરીકે શોભશે.

અંગ્રેજી શિક્ષણે બે મોટી સમસ્યા ઉભી કરી છે. લગ્નજીવન અને સંતાન ઉછેર. આજે છોકરા-છોકરીઓ ખૂબ ભણે છે. પછી નોકરી કરીને કેરીયર બનાવવાની ઘેલછા ઉપડે છે. ભણો-કમાવો, સારુ છે, પણ જેમ ઓફિસમાં સવારે જઈને કામ કરવા લાગ્યે અને બપોરે ભૂખ લાગે ત્યારે ભલે કામ બાકી હોય છતાં ભોજનનો વિરામ કરી ભોજન કરી લઈએ છીએ જેથી તંદુરસ્ત રહી વધુ સારી રીતે જુસ્સાથી કામ કરી શકીયે. તેમ લગ્નની ભૂખ છોકરાને ૨૩ થી ૨૪ વર્ષે ઉપડે છે અને છોકરીને ૨૧ થી ૨૩ વર્ષે ઉપડે તે સમયે પરણી લેવું જોઈએ. ભલે કેરીયર બનાવવાની બાકી હોય. સમયસર ન થતું ભોજન જેમ બિમારી લાવે છે તેમ સમયસર ન થતાં લગ્નો સમાજમાં વ્યભિચાર, બળાત્કાર, છૂટાછેડા જેવી ભરપૂર બિમારી લાવે છે.

સંતાન ઉછેર પણ મોટી સમસ્યા થઈ ગયી છે. મા-બાપ બે થી અઢી વર્ષે છોકરાને પ્લેગ્રુપમાં મૂકી નિશ્ચિત થઈ જાય છે કે પારકા બહેન તેમના છોકરાને હોશિયાર અને સંસ્કારી બનાવશે. કદાચ અંગ્રેજી શીખવી દેશો પણ હોશિયાર કે સંસ્કારનું શું? શાસ્ત્ર કહે છે મા જેટલું બાળકને હોશિયાર અને સંસ્કારી બનાવી શકે તેટલું કોઈ જ ન બનાવી શકે. નાનપણથી મા-બાપ થી દૂર રહીને ભણેલા બાળકમાં સંસ્કારની ઉણપ રહી જાય છે અને મોટો થઈ સારો પતિ-પત્ની કે પુત્ર-પુત્રી નથી બની શકતા માટે સંભાળજો.

સાહસ ગયું તો સમજી લેવું કે માણસની અડધી સમજદારી પણ ગઈ.

# રજત ચંદ્રકોના પ્રાયોજક

## ગુણવંતભાઈ ભોગીલાલ પારેખ



ગાયકવાડ સરકારના તળ અમરેલીમાં જનમેલા ગુણવંતભાઈ ખુબ નાની વયેજ પિતાશ્રી સાથે મુંબઈ આવી મલાડમાં વસેલા. અભ્યાસની શરૂઆત લોકલ બોર્ડ સ્કૂલમાં કરી. ત્યાંનો સમય યાદ કરતા તેઓ કહે છે, 'ખેતરની બાજુમાં ચાર કલાસની એ સ્કૂલ હતી, બે શિક્ષક. ૧૯૫૪માં પંચમ જ્યોર્જના જન્મદિવસે અમને મિઠાઈ વહેંચવા આવેલ. ત્યાર પછી શેઠ એન. એલ. હાઈસ્કૂલમાં શાળેય અભ્યાસ પુરો કરી, માટુંગાની આર. એ. પોદાર કૉલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સમાંથી ગ્રેજ્યુએશન પુરૂ કર્યું. તે વખતના એલ. એન. વેલીંગકર કે જેમના નામની અત્યારે મોટી ખ્યાતનામ ઈન્સ્ટીટ્યુટ ચાલે છે. ત્યાર પછી નોકરી સાથે અભ્યાસ પણ ચાલુ રાખ્યો. સિદ્ધાર્થ લૉ કોલેજમાં એલ.એલ.બી.નું પ્રથમ વર્ષ, જ્યારે સેકન્ડ એલ. એલ.બી.નો અભ્યાસક્રમ ગવર્નમેન્ટ લૉ કોલેજમાં કર્યો. પરંતુ એ દરમ્યાન એક અમેરિકન કંપનીમાં સર્વિસ મળતા આ અભ્યાસ અધવચ્ચે છોડ્યો. હાલમાં તેઓ સ્ક્રીન પ્રિન્ટીંગ અને સ્ક્રીન પ્રિન્ટીંગ મટીરિયલનો વ્યવસાય છેલ્લા ૫૦ વર્ષથી કરી રહ્યા છે. તેઓ સ્ક્રીન પ્રિન્ટીંગ એસોસીયેશનના ફાઉન્ડર મેમ્બર અને પ્રમુખ રહી ચુક્યા છે. શૈક્ષણિક પ્રવૃત્તિમાં આદર્શ એજ્યુકેશન સોસાયટી, નાલાસોપારા તથા કપોળ વિદ્યાનિધી ટ્રસ્ટ, કાંદીવલી ખાતે સંકળાયેલા હતા.

હાલ તેઓ મલાડ, કાંદીવલી એજ્યુકેશન સોસાયટીની શેઠ એન. એલ. હાઈસ્કૂલ અને ખાંડવાલા કોલેજનાં ટ્રેઝરર છે. તથા શેઠ એન. એલ. હાઈસ્કૂલ પાસ્ટ સ્ટુડંટ એસોસિયેશનના સ્થાપક પ્રમુખ છે. તેઓશ્રી મલાડ કપોળ મંડળ (રજી.) ટ્રસ્ટનાં પ્રમુખ અને સંસ્થા કોંગ્રેસ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

---

## *Winner of the Silver Medal for Excellence*




**Namrata K. Madhu**
Vedic Hastrekha Vignata
1st Year



**Roshni V. Nayak**
Vedic Jyotish Pravesh - 1st Year
Vedic Vastu Pravesh - 1st Year




**Seema J. Bhatt**
Vedic Jyotish Bhushan
2nd Year



**Dr. Himanshu Vyas**
Vedic Vastu Bhushan - 2nd Year




**Varsha D. Raval**
Vedic Jyotish Martand - 3rd Year



**Swapnil M. Kotecha**
Vedic Swargyan Gnyata


# *Well Wishers*



**Bhaskar Joshi**




**Suryakumar Mishra**
**C.A.**




**Apurva R. Parekh**
**Web Adviser**




**Nilay Chaubal**
**Web Designer**



**Mukesh Mehta**



**Hitendra Shah**



**Kamlesh Gandhi**



**Sarvil Vaidhya**



**Jayesh Desai**
**Souvenir Editor**


## VEDIC JYOTISH SANSTHAN

### OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY


Amee R. Phuria


Amit B. Parmar



Arti S Harsora



Arvind G. Parikh


Ashish B. Mehta


Bela N. Desai


Daksha C. Randeria


Devansh U. Pathak


Dharmesh N. Joshi


Dipti A. Desai


Geeta M. Mehta


Hashumati R. Parekh


Heena A. Shah


Hemlata D. Prajapati


Hiral P. Gogri



Jayesh K. Parmar

સુખમાં જે બીજાને સાચવે તે જ દુઃખમાં સચવાય.


# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY



Jayesh K. Oza


Jayshree P. Goswami


Kailashben G. Upadhyay



Kalpesh J. Mehta


Ketana V. Parekh


Lalit A. Joshi


Mahesh B. Gohil


Manish H. Panchal


Manoj J. Kava


Meena B. Kachalia


Meena R. Shukla


Meena V. Jagad


Nalini A. Raj


Nayna S. Mehta


Neha A. Parikh


Niranjana J. Chauhan

કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY


Priti N. Prajapati


Rekha P. Pandya


Renu S. Shah


Sagar D. Shah



Sejal P. Shah


Sheetal M. Patel


Sonam J. Bhayani


Sunaina K. Gohil


Vivek B. Shah




## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY


Amit D. Savla


Amita D. Chondagar


Arvind N. Trivedi


Ashok H. Kanabar

જે વ્યક્તિ પરમાત્માને દિલ આપે છે, પરમાત્મા એને દિલ દઈને આપે છે.

# VEDIC JYOTISH SANSTHAN


## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY


Bhakti M. Bheda


Bharti D. Shah


Bhaskar C. Thakar


Charu N. Shah


Deepak K. Shah


Devendra D. Vadgama



Divya R. Bosamia


Hardik R. Shah



Hasmukh Y. Mewada


Ishwarlal J. Vora


Jagrut Y. Shah


Jawahar G. Mehta


Jignesh B. Jani


Jitendra J. Makwana


Kailas V. Parmar


Kamlesh K. Gosai

શાંતિની ઈચ્છા હોય, તો પહેલાં ઈચ્છાની શાંતિ કરી દો.

## VEDIC JYOTISH SANSTHAN


## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY


Khushali K. Valia


Kiran H. Shah


Kirit V. Baria


Kirti B. Prajapati



Kiritkumar B. Shah


Lina J. Jethva


Mayank N. Sheth


Nirav B. Sutaria



Rakesh H. Dengda


Rohit A. Mistry



Rupal J. Damania


Shashikant N. Bathiya


Shivang T. Purohit


Urvesh H. Karia


Vaishali V. Doshi



Vijay J. Gupta

માતાની છાયા અને પિતાની છત્રછાયા એ તો બાળકના જીવનમાં અનેરી માયા.

## VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY


Vishal K. Doshi



## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MONDAY


Bhavana H. Panchal


Chhaya K. Patkar


Dilip M. Pandya


Dipak D. Mehta


Hitesh I. Bhatt


Jitendra M. Vyas


Narendra R. Soni


Nilesh L. Parmar


Nimisha N. Matthar


Pushpaben N. Sonpal


Rinku P. Shah


Ronak C. Trivedi


ઈર્ષ્યા એવો અગ્નિ છે, જે જીવતા માણસને બાળે છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MONDAY



Sanjay J. Vora



## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SATURDAY



Bhavana D. Prajapati




Bhavana R. Mehta




Daksha S. Vora



Dinta D. Shah



Dipak B. Gaglani



Gajanan D. Gupta



Geeta A. Mistry




Geeta S. Borkhatia



Jinal L. Gala



Mahendra M. Joshi



Mahesh I. Gandhi







Malti D. Vala



આપણે જ આપણા નસીબનું ઘડતર કરીએ છીએ અને તેને ભાગ્યનું નામ આપીએ છીએ.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SATURDAY

| | | | |
|---|---|---|---|
|  Manish V. Patel |  Manisha K. Jaspara |  Manisha P. Jadhav |  Meghna N. Thakkar |
|  Namrata K. Madhu |  Pawan J. Tirwadi |  Prakash I. Desai |  Prakash R. Amarseda |
|  Rajesh S. Mehta |  Ramesh M. Bhatt |  Sudhir C. Sheth |  Varsha V. Rachh |

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SUNDAY

| | | | |
|---|---|---|---|
|  Anil J. Kanani |  Anuben N. Doshi |  Bharat A. Sarvaiya |  Devendra A. Dagha |

ભાગ્ય યોગાનુંયોગ નહિ, પોતાની પસંદ કહેલી બાબત છે. એ પ્રતીક્ષા કરવાની નહીં પ્રાપ્ત કરવાની ચીજ છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SUNDAY


Ganesh V. Joshi


Geeta B. Sarvaiya



Geetabharti A. Panchal


Harendra H. Shah



Hemraj C. Rathod



Hiral J. Khambata


Jarana Y. Mehta


Jayeshkumar G. Gor


Khushbu M. Madia



Kishore N. Gidwani


Nitin R. Vora


Roshni V. Nayak


Sameer N. Kawa


Sonal R. Panchal


Sowrin R. Vora


Vrajlal D. Chauhan

તૈયારી અને તકનો મેળાપ થાય ત્યારે જે બને તેનું નામ નસીબ.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - MONDAY


Alka V. Shah


Amit H. Trivedi


Bhavin K. Mehta


Minakshi K. Buddhadev



Narendra R. Soni



Neelima D. Pandya


Neeta B. Vora


Parul B. Bhatt


Priti J. Thaker


Rajendra H. Lia




## OUR ARDENT STUDENTS - THIRD YEAR - SATURDAY


Haresh N. Trivedi


Hemlata J. Sampat


Hitesh B. Parekh


Mahesh R. Nagrecha

માતાની મમતા ને પિતાનો પ્રેમ, આ જીવનભર વિસરાય કેમ !

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - THIRD YEAR - SATURDAY



Manikshi K. Vyas


Mona C. Shah


Seema J. Bhatt


Smita M. Joshi


Snehal J. Parekh




## OUR ARDENT STUDENTS - THIRD YEAR - SUNDAY


Ami H. Vyas


Dharmesh Patel


Ganesh P. Thorat


Hetal B. Shah


Himanshu Vyas


Jayesh Bhatia



Jayshri A. Jolapara


Jyoti M. Bhatia


નસીબ સારૂં હોય તો ધૂળનું સોનું બની જાય છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - THIRD YEAR - SUNDAY


Kishore N. Gidwani


Mona C. Bajaria



Nitin I. Bhatt


Pramila V. Panchal



Pratima B. Pandya


Surendrakumar Tripathi


Swapnil M. Kotecha


Tejas Jain


Vimal H. Gandhi



નસીબથી ધનવાન બની શકાય પણ બુદ્ધિશાળી ન બની શકાય.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - 2014 H J V 1ST


Bhavana V. Pancholi


Bhavana K. Prajapati


Aarti H. Sangani


Chhaya R. Javeri



Dina K. Desai


Jayesh R. Kakka


Mahesh K. Joshi


Minakshi J. Jethva


Parth R. Desai



Satish M. Bharucha


Shilpa R. Thakkar


Smita M. Pandya


Vijaya K. Joshi


Viral B. Modi



ભાગ્ય સજ્જનનું મિત્ર, બુદ્ધિમાનનું પથદર્શક અને મુર્ખ માટે અત્યાચારી તેમ જ દુર્જનનું શત્રુ હોય છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - 2014 J V S 2ND



Aarti P. Kothari


Anita M. Limbachiya



Asmita U. Bhatt


Avani M. Joshi


Barkh D. Aacharya


Bhavana R. Parmar


Bipin H. Bhandare


Chandrakant Talati


Devangani N. Dave


Dipak T. Gohil


Hetal V. Limbachiya


Jignesh C. Chavda


Jignesh J. Parekh


Kalindi D. Trivedi


Krina R. Savla



Mahesh C. Vira

ભાગ્ય સજ્જનનું મિત્ર, બુદ્ધિમાનનું પથદર્શક અને મુર્ખ માટે અત્યાચારી તેમ જ દુર્જનનું શત્રુ હોય છે.

## VEDIC JYOTISH SANSTHAN

### OUR ARDENT STUDENTS - 2014 J V S 2ND


Mamta M. Valiya


Manish R. Mehta


Nisha R. Sheth


Parul P. Mota



Prakash M. Parmar


Urmila C. Kantharia


Usha A. Kapadiya


Varsha J. Madia


### OUR ARDENT STUDENTS - 2014 J V S 3RD


Aditya Jain


Charulata R. Purohit


Chetan B. Pandya


Devyani H. Bathia


Hasmukh Bhuptani


Hina V. Oza



Kishor R. Patel


Kunal B. Shah

નસીબના ભરોસે બેસી રહેશો તો તકને ક્યારેય નહિ ઓળખી શકો.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - 2014 J V S 3RD




Madankumar V. Bhatia




Mangesh R. Vaja



Meenaben B. Randeria



Navin J. Chawda



Nilesh K. Jani



P. V. Subbarao



Rajul R. Mehta



Ramesh K. Raval




Sangeeta U Bhatt



Vanita Pandey



Vishva M. Magia



ભાગ્ય સજ્જનનું મિત્ર, બુદ્ધિમાનનું પથદર્શક અને મુર્ખ માટે અત્યાચારી તેમ જ દુર્જનનું શત્રુ હોય છે.

## नक्षत्र ज्ञान माला

अश्विनि भरणी पद चार
कृतिका एक चरण है मेष ।
कृतिका तिन रोहिण्ये चार
दो पद मृग वृषभ विचार ।
मृग दो पद आर्द्रा चार
तिन पुर्नवसू मिथुन विचार ।
एक पुर्नवसू पूष्य श्लेष
जानिये कर्कट राशि विषेश ।
मधा पूर्वा उत्तरा पद एक
सिंह राशिका करो विवेक ।
उत्तरा तिन सकल पद हस्त
दो पद चित्रा कन्या जानो ।

दो पद चित्रा स्वाति चार
तिन विशाखा पद है तुल ।
एक विशाखा अनुराधा चार
ज्येष्ठा पूर्ण है वृश्चिक विचार ।
मूल पूर्वा उत्तरा पद एक
धनु राशिका करो विवेक ।
उत्तरा तिन श्रवण पद चार
दो धनिष्ठा मकर विभेद ।
दो धनिष्ठा शतभिष चार
पूर्वा तिन पद कुम्भं निर्धार ।
पूर्वा एक उत्तरा चार
सकल रेवति मीन विचार ।

## तिथि दोहा

प्रतिपदा एकादशी षष्ठी नन्दा जान।
दूज सप्तमी द्वादशी भद्रा मान।
तृतीया अष्टमी त्रयोदशी जया जान।
चौदशी चौथ नवमी येतो है रिक्ता मान।
पंचदशी पंचमी तथा दशमी है पूर्णा मान।
सब तिथियोके नाम सम जानो फल परिणाम।

VEDIC JYOTISH SANSTHAN

# વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજીસ્ટર્ડ)

રજી. પત્રવ્યવહારનું સરનામું :
ક્રિષ્ણા કલેક્શન, ૧૭૫/૪૩ ડી, સેક્ટર ૧, ચારકોપ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
મોબાઈલ : ૯૩૨૨૨૬૧૭૦૯ / ૭૦૪૫૪૭૦૬૬૧ • ઈમેલ : vjtvv1@gmail.com

---

## જ્યોતિષના નિઃશુલ્ક વર્ગો

**ગુજરાતી માધ્યમમાં હસ્તરેખા, જ્યોતિષ, વાસ્તુ અને સ્વરજ્ઞાનના વર્ગોમાં પ્રવેશ**

**જાન્યુઆરી થી બોરીવલી અને મલાડ ખાતે**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક જ્યોતિષ પ્રવેશ.**

૨. દ્વિતીય વર્ષ- **વૈદિક જ્યોતિર્ભૂષણ.**

૩. તૃતિય વર્ષ- **વૈદિક જ્યોતિષમાર્તંડ**

૪. ચતુર્થ વર્ષ- **સ્વાધ્યાય**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક હસ્તરેખા વિજ્ઞાતા**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક વાસ્તુપ્રવેશ**

૨. દ્વિતીય વર્ષ- **વૈદિક વાસ્તુભૂષણ**

૧. **વૈદિક સ્વરજ્ઞાન જ્ઞાતા**

**નોંધ :**

**ભાષાનું જ્ઞાન ધરાવતા કોઈ પણ ઉંમરના ભાઈઓ તથા બહેનો પ્રવેશ મેળવી શકે છે.**

***શાસ્ત્રમાં જ્ઞાન દાનને શ્રેષ્ઠ દાન કહેવાયું છે જે આ સંસ્થાનું એકમાત્ર ધ્યેય છે.***

દુઃખમાં પણ પ્રેમ હોય તો માણસ સુખેથી જીવી શકે છે.



*We are grateful to the Trustees, Committee and Management of the following Institutions for permitting us to utilize their premises for conducting our classes.*

**1. Sheth M.K.E.S. English High School, Malad (W)**

**2. Anandibai Kale Vidyalay, Borivali (W)**

*We are grateful to the Newspaper and advertisers for their best co-operation and support.*

- **Janmabhoomi**
- **Divya Bhaskar**
- **Mumbai Samachar**
- **Gujarat Samachar**
- **Sandesh Nirbhay**

મા-બાપને આપેલો સાચો વારસો પૈસા નહિં પણ પ્રમાણિકતા અને પવિત્રતા છે.

## -: અંગ્રેજી મીડીયમમાં બાળકોને મૂક્યા હોય તો આ વાંચો :-

મેં ભારતદેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના વિસ્તીર્ણ વિસ્તારોનું પરિભ્રમણ કર્યું છે. આ દેશ એટલો સમૃધ્ધ છે અને તેની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઉન્નત છે કે મેં દેશમાં કોઈ નાગરિક એવો ન જોયો કે જે ભિક્ષુક હોય કેજે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યવાન દેશને આપણે ક્યારેય પણ જીતી શકીએ. સિવાય કે આ દેશની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરી શકીએ.

અને આથી હું દરખાસ્ત કરું છું કે આપણે તેની ગૌરવસમી સદીઓ પુરાણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને મૂળથી  જ બદલીએ કે જેના પરિણામે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઈ વિદેશી છે અને ઇંગ્લીશ છે તે તેમના કરતા વિશેષ સારું છે અને મહાન છે અને આ કારણે તેઓ પોતાની ઓળખ તેમજ આત્મગૌરવ ગુમાવશે. પોતાનું નિજી સાંસ્કૃતિક સ્વરૂપ ગુમાવશે અને તેઓ એવા નાગરિકો બની જશે કે '' જેવા આપણે તેમને ઈચ્છીએ છીએ.''
(કાળ અંગ્રેજો-સ્વૈચ્છિક ગુલામો)

એ ખરા અર્થમાં આપણા આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે.

આપણને ઇતિહાસ(કે ઉઠા) એવો ભણાવાયો કે આપણે અંધકાર યુગમાં જીવતા હતા.

---

કલકત્તા, ઓક્ટોબર ૧૨, ૧૮૩૬

પરમ પ્રિય પિતાજી !

આપણી શાળાઓ ખૂબ સરસ રીતે ઉન્નતિ કરી રહી છે. હિન્દુઓ પર આ શિક્ષણનો પ્રભાવ અદ્ભુત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ એવો નથી જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નીતિના વિચારથી પોતાને હિન્દુ કહે છે અને કેટલાક ખ્રિસ્તી બની રહ્યા છે. એ મારો વિશ્વાસ છે કે જો આપણી આવી જ શૈક્ષણિક નીતિ ચાલતી રહેશે તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષોમાં એક પણ એવો બંગાળી બાકી નહીં બચ્યો હોય જે મૂર્તિપૂજક હોય. આ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઈ જશે. એમના ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું (અંગ્રેજી) જ્ઞાન અને વિચારશીલતા વધારવાથી એ કામ આપમેળે થઈ જશે. આવી સંભાવના પરમને અત્યંત પ્રસન્નતા થઈ રહી છે.

વાંચવા પછી તમારું સ્વાભિમાન શું કહે છે ?

આપનો પ્રિય
ટી. બી. મેકોલ

# (ॐ) મંગલા ચરણ (ॐ)

## ॥ શ્રવણના આરંભનું મંગલાચરણ ॥

ॐ सत्यं ज्ञानमनंतं यन्निष्कलं निष्क्रियं परम् ।
अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे ॥१॥

જે સ્તયરૂપ, જ્ઞાનરૂપ, અનંત, પ્રાણાદિ કલાઓથી રહિત, ક્રિયાથી રહિત, માયાથી રહિત, સૂક્ષ્મને વ્યાપક, દ્વૈતથી રહિત, અને નામાદિ વિશેષથી રહિત બ્રહ્મ છે તેનું અમે સારી રીતે ધ્યાન કરીએ છીએ. (૧)

शंकरं शंकाराचार्य केशवं बादरायणम् ।
सूत्रभाष्य कृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥२॥

વિષ્ણુરૂપ ભગવાન વ્યાસ અને મહેશ્વરરૂપ શ્રી શંકરાચાર્ય જેઓ બ્રહ્મસૂત્રના ને શારીરિક ભાષ્યના કર્તા છે તે બંને ઐશ્વર્યાદિવાળાઓને હું વારંવાર નમું છું. (૨)

अज्ञान तिमिरांधस्य ज्ञानांजनशलाक्या।
चक्षुरुमीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥

અજ્ઞાનરૂપ અંધારાવડે આંધળા થયેલાની અંતઃકરણરૂપ આંખો જેમણે જ્ઞાનરૂપ આંજણની સળીવડે ઊઘાડી તે શ્રીગુરૂને મારા પ્રણામ હો. (૩)

ब्रह्मामानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्ति,
द्वंदातितं गगनसदृश्यं तत्त्वमस्यादिलक्ष्यम् ।
ऐकं नित्यं विमलचलं सर्वधीसाक्षीभूतं,
भावातीतं त्रिगुणरहितं सद्गुरुंतं नमामि ॥४॥

જે બ્રહ્મરૂપ આનંદવાળા, શિષ્યોને પરમ સુખ આપનારા, અવિદ્યાથી રહિત, જ્ઞાનરૂપ, સર્વદ્વંદ્વોથી પર, આકાશના જેવા નિર્લેપ, તે તું છે. ઈત્યાદિ મહાવાક્યોના લક્ષ્યાર્થરૂપ, એક ત્રણે કાળમાં રહેનારા, સર્વપ્રકારના મેલથી રહિત, ચલાયમાનપણાથી રહિત, સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષિરૂપ, છ પ્રકારના ભાવવિકારોથી પર ને ત્રણ ગુણોથી રહિત છે તે સદ્ગુરૂનેં નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

# સમાપ્તિ મંગલા ચરણ

## ॥ શ્રવણની સમાપ્તિનું મંગલાચરણ ॥

**नमस्ते सते ते जगत्कारणाय, नमस्ते चिते सर्वलोकाश्रयाय ।**
**नमोद्वैततत्वाय मुक्तिप्रदाय, नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥१॥**

સત્યરૂપ આપને પ્રણામ, જગત્‌ના કારણરૂપ આપને પ્રણામ, જ્ઞાનસ્વરૂપ અને સર્વ લોકના આશ્રયરૂપ એવા આપને પ્રણામ, અદ્વૈતતત્વરૂપને મોક્ષ આપનારને પ્રણામ, વ્યાપક અને શાશ્વત બ્રહ્મને પ્રણામ. (૧)

**त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं, त्वमेकं जगत्पालकं स्वप्रकाशम् ।**
**त्वमेकंजगत्कर्तृपातृप्रहर्तृ, त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥२॥**

એક આપ શરણ ગ્રહણ કરવા યોગ્ય છો, એક આપ શ્રેષ્ઠ છો, એક આપ સંસારના પાલનારા ને સ્વયંપ્રકાશ છો, એક આપ માયાથી પર, અચલ ને સર્વ વિકલ્પોથી રહિત છો. (૨)

**भयानां भयं भीषणं भीषणानाम्, गतिः प्राणानां पावनं पावनानाम्।**
**महोच्चैः पदानां नियन्तृ त्वमेकं, परेषां परं रक्षणं रक्षणानाम् ॥३॥**

ભય ઉપજાવનારાઓના ભયરૂપ, ભયંકરોના ભયંકરરૂપ, સર્વ પ્રાણીઓની ગતિરૂપ, પવિત્ર કરનારાઓને પવિત્ર કરનાર, એક આપ ઘણા ઉચ્ચ પદોમાં રહેલાઓને નિયમમાં રાખનારા, આકાશાદિ પર રહેલાથી પર રહેલા, ને રક્ષણ કરનારાઓનું રક્ષણ કરનારા છો. (૩)

**श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् ।**
**नमामि भगवत्पादं शंकरं लोकशंकरम् ॥४॥**

શ્રુતિ સ્મૃતિને પુરાણોના રૂપને ને ધ્યાના પણ ધ્યાનરૂપ તથા લોકોનું કલ્યાણ કરનારા ને જેમના ચરણમાં ઐશ્વર્યાદિ રહ્યા છે એવા શ્રી શંકરાચાર્યને હું નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

**વૈદિક જ્યોતિષ સંસ્થાન ૨૦૧૫ ની ગુરૂપૂર્ણિમાંના શુભ અવસર નિમિત્તે**

# જૈમિનિ શાસ્ત્રમાં આયુષ્ય વિચાર

**અહીં આયુષ્ય માટે ત્રણ પ્રકારે વિચાર કરવામાં આવે છે.**
**લગ્નેશ અને અષ્ટમેશ, શનિ અને ચંદ્ર, જન્મલગ્ન અને કાલ હોરા લગ્ન.**

**કઈ રીતે વિચાર કરવો ?**

**૧) લગ્નેશ ને અષ્ટમેશ, ચર સ્થિર અને દ્વિસ્વભાવની રાશિ અનુસાર જેમાં અલ્પ ૩૬, મધ્યમ ૬૪ અને દીર્ઘ ૯૬ વર્ષ**

**૨) શનિ અને ચંદ્ર, ચર સ્થિર, અને દ્વિસ્વભાવની રાશિ અનુસાર જેમાં અલ્પ ૩૬, મધ્યમ ૭૨ અને દીર્ઘ ૧૦૮ વર્ષ**

**૩) જન્મલગ્ન અને કાલ હોરા લગ્ન, ચર, સ્થિર, અને દ્વિસ્વભાવની રાશિ અનુસાર, જેમાં અલ્પ ૯૬, મધ્યમ ૧૦૮ અને દીર્ઘ ૧૨૦ વર્ષ.**

| ક્ર. | લ/અ | અલ્પાયુ | મધ્યમાયુ | દીર્ઘાયુ | દીર્ઘાયુ | મધ્યઆયુ | અલ્પાયુ | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગ્નેષ<br>અષ્ટમેષ | ચર<br>દ્વિ | ચર<br>સ્થિર | ચર<br>ચર | પુર્ણાયુ ૧૦૮<br>ખણ્ડ ૭૨<br>ગુણક ૩૬ | પુર્ણાયુ ૧૦૮<br>ખણ્ડ ૭૨<br>ગુણક ૩૬ | પુર્ણાયુ ૯૬<br>ખણ્ડ ૬૪<br>ગુણક ૩૨ | લગ્નેષ<br>અષ્ટમેષ |
| ૨ | લગ્નેષ<br>અષ્ટમેષ | સ્થિર<br>સ્થિર | સ્થિર<br>ચર | સ્થિર<br>દ્વિ | પુર્ણાયુ ૭૨<br>ખણ્ડ ૩૫<br>ગુણક ૩૬ | પુર્ણાયુ ૭૨<br>ખણ્ડ ૩૬<br>ગુણક ૩૬ | પુર્ણાયુ ૬૪<br>ખણ્ડ ૩૨<br>ગુણક ૩૨ | શનિ<br>ચંદ્ર |
| ૩ | લગ્નેષ<br>અષ્ટમેષ | દ્વિ<br>ચર | દ્વિ<br>દ્વિ | દ્વિ<br>સ્થિર | પુર્ણાયુ ૩૬<br>ખણ્ડ ૦<br>ગુણક ૩૬ | પુર્ણાયુ ૩૬<br>ખણ્ડ ૦<br>ગુણક ૩૨ | પુર્ણાયુ ૩૨<br>ખણ્ડ ૦<br>ગુણક ૩૨ | જન્મલગ્નેષ<br>કાલ હોરા લગ્ન |

**ઉપરોક્ત નિયમો માટે એક ઉદાહરણ પર ચર્ચા કરીશું.**

| ગ્રહ | રાશિ | અંશ | ગ્રહ | રાશિ | અંશ |
|---|---|---|---|---|---|
| લગ્ન | કર્ક | ૨૧ :૪૪ :૨૩ | શુક્ર (૩) | સિંહ | ૧૬ :૪૧ :૧૯ |
| સૂર્ય (૪) | કન્યા | ૨૫ :૩૧ :૧૯ | શનિ (૯) | કુંભ | ૧૧ :૦૭ :૦૬ |
| ચંદ્ર (૧૧) | મેષ | ૦૩ :૩૦ :૪૩ | રાહુ (૭) | ધન | ૨૪ :૧૨ :૧૨ |
| મંગળ (૯) | વૃશ્ચિક | ૨૫ :૨૦ :૧૪ | કેતુ (૧) | મિથુન | ૨૪ :૧૨ :૧૨ |
| બુધ (૫) | તુલા | ૦૭ :૦૧ :૪૭ | કાલ હોરા લગ્ન(૯) | કુંભ | ૨૫ :૩૧ :૧૯ |
| ગુરૂ (૬) | વૃશ્ચિક | ૦૧ :૧૬ :૨૦ | | | |

સફળતા જીંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

ઉપરોક્ત ઉદાહરણમાં પહેલો ખંડ લગ્નેશ – અષ્ટમેશ જેમાં લગ્નેશચંદ્ર મેષ રાશિનો, અષ્ટમેશ શનિ કુંભનો સ્થિર રાશિનો જે મધ્યમાયુ ખંડ દર્શાવે છે.

બીજો ખંડ શનિ અને ચંદ્રમાં. શનિ સ્થિર રાશિ કુંભનો અને ચંદ્ર ચરનો મેષ રાશિનો એટલે એ પણ મધ્યમાયુ ખંડ દર્શાવે છે.

ત્રીજો ખંડ જન્મલગ્ન અને કાલહોરા લગ્નમાં જન્મલગ્ન જે ચર કર્કમાં અને કાલ હોરા લગ્ન સ્થિર કુંભમાં એટલે એ પણ મધ્યમાયુ ખંડ દર્શાવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લગ્નેશ | ૨૧:૪૪:૨૩ | ચર |
| ૨ | ચંદ્ર | ૦૩:૩૦:૪૩ | ચર |
| ૩ | શનિ | ૧૧:૭:૦૬ | સ્થિર |
| ૪ | કાલ હોરા | ૨૫:૩૧:૧૯ | સ્થિર |

૧) લગ્નેશ – અષ્ટમેશ ચર – સ્થિર ૭૨–૩૬

૨) લગ્નેશ – ચંદ્ર ચર – સ્થિર ૭૨–૩૬

૩) લગ્નેશ – શનિ ચર – સ્થિર ૭૨–૩૬

૪) લગ્નેશ – કાલ હોરા ચર – સ્થિર ૭૨–૩૬

ઉપરોક્ત ચાર ખંડમાંથી ત્રણ ખંડ વાપરીશું લગ્નેશ, અષ્ટમેશ અને કાલ હોરા.

લગ્નેશ ૨૧:૪૪:૨૩

અષ્ટમેશ ૨૫:૩૧:૧૯

કાલ હોરા ૧૧:૦૭:૦૬

**૫૮:૨૨:૪૮ / ૩ (ખંડ)**

જવાબ ૧૯:૨૭:૩૬ x ૭૨ (આયુ ખંડ વર્ષો) x ૧૨ =

૧૪૦૧:૦૧:૧૨ / ૩૬૫ (આયુ ખંડ દિવસો) આને દિવસોમાં ફેરવતા

શોધ્યખંડ ૪૬:૦૦:૨૩

અલ્પખંડ ૩૬:૦૦:૦૦

**જવાબ ૮૨:૦૦:૨૩**

(આયુ ખંડ દિવસો) જવાબ ૮૨ વર્ષ ૦૦ માસ ૨૩ દિવસ આવેલા જવાબને જાતકની જન્મ તારીખમાં ઉમેરવાથી મૃત્યુની તારીખ મેળવી શકાય છે.

**સંકલન – અશોક ચૌહાણ**

# VEDIC JYOTISH SANSTHAN

## શ્રી ગુરૂજીને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



## શ્રી નિરંજનભાઈ જોશી

સૌરાષ્ટ્રના પ્રખ્યાત કેળવણીકાર અને સુપ્રસિદ્ધ શ્રી ઈશ્વરલાલ કરશનજી જોશી અને લક્ષ્મીબહેનને ત્યાં તા. ૧-૧-૧૯૨૭ ના રોજ કેડાણ ગામે અર્વાચીન યુગના જ્યોતિષ ભાસ્કર શ્રી નિરંજનભાઈનો દ્વિતીય પુત્ર તરીકે જન્મ થયો. જરૂરી શિક્ષણ ગુજરાતમાં પુરૂં કરી ૫૦ના દાયકામાં મુંબઈ આવી અર્થોપાર્જન માટે પ્રવૃતી શરૂ કરી અને સાથે સાથે જ્યોતિષવિદ્યાની સાધનાની શરૂઆત કરી. પિતાશ્રી શ્રી ઈશ્વરલાલભાઈના સિદ્ધાંતોને પોતાના જીવનમાં સ્થાન આપી નિર્ણય કર્યો કે ''જ્ઞાનની પરબ હોય, વિદ્યાનું વેચાણ નહીં'' અને સન ૧૯૫૬ માં ચોપાટી પર આવેલ 'મરીના મોર્ડન' સ્કૂલમાં જ્યોતિષ શાસ્ત્રના નિ:શુલ્ક વર્ગો શરૂ કર્યા. એક જ ભાવના અને ખેવના સાથે કે ભણ્યા બાદ વિદ્યાર્થીઓ ધંધો કરશે તો પણ માર્ગદર્શક બનીને. પણ કમસેકમ લેભાગુ અને સ્વાર્થી જ્યોતિષોની જેમ સમાજને ગેરમાર્ગે તો નહીં દોરે. ચાર દાયકાથી વધુ તેમણે કરેલા આ જ્ઞાનયજ્ઞમાં ૪૫,૦૦૦થી વધુ ભાઈબહેનો જેમાં સામાન્ય માનવીથી માંડીને વૈજ્ઞાનિક, ડોક્ટરો, વકીલો અને નિવૃત્ત ન્યાયાધીશોને જ્યોતિષ જાણતા અને માણતા કર્યા. કોંક્રીટના જંગલ જેવા મુંબઈ શહેરમાં અઠવાડિયાના દરેક દિવસે કેન્દ્રમાં વર્ગ અને રવિવારે ત્રણ કેન્દ્રમાં વર્ગ જેમાં કામા હોલ, ગીરગામ, પ્રેમપુરી આશ્રમ, સાંતાક્રુઝ, મલાડ, બોરીવલી, માટુંગા, મુલુંડ અને ઘાટકોપર સામેલ હતાં.

જ્યોતિષશાસ્ત્રના પ્રસાર અને પ્રચાર માટે આજીવન ભેખ ધારી ૯-૯ કેન્દ્રમાં પોતે જ ભણાવેલ વિદ્યાર્થીઓના સાથ સહકાર લઈ યોગ્યતા પ્રમાણે અધ્યાપક નીમિને અવિરત જ્ઞાન પ્રસાર, પ્રચાર અને સમાજસેવા, માર્ગદર્શનનું જ્વલંત ઉદાહરણ કદાચ આવતા અનેક વરસો સુધી જોવા નહી મળે.

જ્યોતિષશાસ્ત્રમાં પોતાના આગવા પ્રદાન તરીકે ૧૪ પુસ્તકોની રચના અને સંકલન આજે પણ આપણી જ્યોતિષ શીખવતી સંસ્થામાં પાઠ્ય પુસ્તક તરીકે ઉપયોગમાં લેવાય છે. લોકસાહિત્ય અને મહાભારતના પાત્રો સાથે ગ્રહોનો સમન્વય તુલના કરી સચોટ ફળકથન કરવાનું માર્ગદર્શન ખૂબ જ લોકભોગ્ય બન્યું. જ્યોતિષશાસ્ત્રમાં તેમનું શ્રેષ્ઠ યોગદાન એ તેમણે વિકસીત કરેલી અને શીખવેલી નિરંજન પદ્ધતિ જે ખૂબ જ સરળ રીતે સચોટમાર્ગદર્શન માટે ઉપયોગી છે.

ભારતીય જ્યોતિષ (નિરયન) પદ્ધતિના આ પ્રખર સમર્થકને તેમના જીવનમાં અનેક માનસન્માન તેમજ માનદ્ પદવીઓ અને મેડલથી નવાજવામાં આવ્યા હતાં. જેમાં જ્યોતિષ વાચસ્પતિ અને જ્યોતિષતીર્થ જેવી સર્વોચ્ચ પદવીઓ પણ સામેલ છે.

વિદ્યાને લાકડામાં લઈ જવી નથી અને આવડે છે તે બધું જ શીખવી જવાની પ્રબળ ઈચ્છા સાથે શ્રેષ્ઠ કહી શકાય તેવા આત્મબળના સંગાથે છેલ્લા શ્વાસ સુધી જ્યોતિષશાસ્ત્રના જીજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા સંતોષતા રહ્યાં.

જ્યોતિષ જગતનો એક બહુ જ તેજસ્વી સિતારો તા. ૧૩-૧૦-૨૦૧૪ ના રોજ પોતાની પાછળ પત્ની ઉષાબહેન, પુત્ર ભાસ્કર અને પુત્રી હેમાને મૂકી અસ્તાચળે પ્રવેશી ગયો. આ ખોટ ક્યારે પુરાશે તે તો ઈશ્વર જ જાણે.

આજીવન નિ:સ્વાર્થ અને ભેખધારી નિષ્ઠાવાન વ્યક્તિત્વને શત શત વંદન......

# તાજિકની રાણી 'મુંથા'

જ્યોતિષ શાસ્ત્રની એક શાખા - તે 'તાજિક શાસ્ત્ર'. આ તાજિક શાસ્ત્ર આપણને ફળકથન પરત્વે સ્પષ્ટ ફળોનો નિર્દેશ કરવામાં મદદરૂપ થાય છે.

તાજિક શાસ્ત્રમાં 'મુંથા' એ પાયો ગણાય છે. આચાર્યો એ મુંથાને 'તાજિકની રાણી'ની ઉપમા આપી છે. અહીં એક વાત સ્પષ્ટ કરી લઈએ કે, મુંથા એ નામનો કોઈ ગ્રહ નથી ! પરંતુ જન્મ લગ્નના સ્પષ્ટ રાશ્યાદિ જ છે !

તાજિકકર્તા દ્વારા ઉપયોગમાં લેવાયેલો સાચો શબ્દ તો 'ઈન્તેહા' છે. જેનો શાબ્દિક અર્થ 'પરાકાષ્ઠા' કે 'પરિક્ષા' એવો થાય છે. પરંતુ કાળક્રમે લોક જીભે અપભ્રંશ થતાં-થતાં આ 'ઈન્તહા' શબ્દ ઈન્તહા - મિન્તહા - મુન્તહ થઈ.... ને છેલ્લે 'મુંથા' તરીકે પ્રચલિત બન્યો.

જન્મ લગ્નના સ્પષ્ટ રાશ્યાદિ એટલે કે તાજિકની મુંથા - રોજની ૫ કળા; દર મહિને ૨ અં શ ૩૦ કળા તથા દર વર્ષે ૩૦ અંશની ગતિથી આગળ વધે છે. એક પૂર્ણ વર્ષના સમયકાળ દરમ્યાન આ મુંથા ૯ નવાંશ ભોગવે છે. અને દરેક નવાં શના સ્વામી સાથે ૪૦ દિવસ સંબંધિત થાય છે. આ પ્રમાણે મુંથા દર વર્ષે આગળનાં ભાવમાં ગતિ કરતી-કરતી ૧૩ મે વર્ષ ફરી લગ્નમાં આવે છે.

જન્મ લગ્નમાં ગત વર્ષ ઉમેર્યા બાદ તેને ૧૨ નો ભાગ આપ્યા બાદ જે શેષ બચે તે રાશિમાં વર્તમાન મુંથા સ્થિત છે તેમ સમજવું. જન્મ કુંડળીના જે ભાવમાં મુંથા સ્થિત હોય, તે ભાવ પરત્વેના ફળની વૃધ્ધિ થતી જોવાય છે.

વર્ષ લગ્નથી ૪, ૬, ૭, ૮ કે ૧૨ માં ભાવે સ્થિત મુંથા અશુભ ફળદાયી ગણાય છે; ૯, ૧૦ માં ભાવે સ્થિત હોય તેવી મુંથા અધિકાર ભાવ, હક્ક અને સ્વામીત્વ પ્રદાન કરે છે. તથા ૧, ૨, ૩, ૫ માં ભાવે આવતી મુંથા વર્ષ દરમ્યાન પ્રયાસ, પરિશ્રમ અને ઉધમ દ્વારા ધન તથા સુખની પ્રાપ્તિ કરાવે છે.

મુંથા જે ભાવમાં સ્થિત હોય, તે ભાવમાં રહેલી રાશિનો સ્વામી 'મુંથેશ' કહેવાય છે. મુંથાનું ફળ જાણવા માટે તેના સ્વામીનું બળાબળ જાણવું પણ જરૂરી બને છે. મુંથા જે ભાવમાં હોય તે ભાવ તથા મુંથે શ એ બંને સાથે યુતિ કે તાજિકની દ્રષ્ટિ યોગથી સંબંધિત થતાં ગ્રહોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. અહીં શુભ ગ્રહો અને શુભ દ્રષ્ટિ દ્વારા શુભ ફળ પ્રાપ્ત થાય છે, જ્યારે વૈર દ્રષ્ટિના સંબંધો થકી ભય અને રોગ ઉત્પન્ન થાય છે.

વર્ષ લગ્નથી ૪, ૬, ૭, ૮ કે ૧૨ મે રહેલી મુંથા પણ જો તે સ્વામી તથા શુભ ગ્રહોથી યુક્ત કે દ્રષ્ટ હોય તો અશુભત્વનો નાશ કરીને શુભત્વ બક્ષે છે.

મુંથાના ફળનો વિચાર કરતી વખતે જેમ આપણે તેના ભાવને ધ્યાનમાં લઈએ છીએ, તે જ પ્રમાણે મુંથાના સૂર્યાદિ સર્વે ગ્રહો સાથેના સંબંધને પણ એટલું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તે પ્રમાણેનો વિચાર કરતાં....

૧) મેષ કે વૃશ્ચિક રાશિમાં સ્થિત, રાશિ સ્વામી મંગળથી યુતિ કે દ્રષ્ટિ વડે સંબંધિત મુંથા દ્વારા પિત્ત પ્રકોપ, લોહીનો વિકાર, શસ્ત્ર થકી ઈજા તથા ગરમીને કારણે થતાં રોગોનો શિકાર બનાય છે.

૨) વૃષભ-તુલા અને મિથુન-કન્યા અનુક્રમે શુક્ર અને બુધ ગ્રહના પ્રભાવ હેઠળ આવતી રાશિઓ છે. અહીં મુંથા રહેલી હોય તો, તેના દ્વારા ધર્મ અને યશની વૃદ્ધિ, મેધાવી બુદ્ધિ તથા સ્ત્રી-સુખની પ્રાપ્તિ મેળવાય છે.

૩) ચંદ્રની કર્ક રાશિમાં આવતી મુંથા તેના સ્વામી ચંદ્ર વડે યુક્ત કે દ્રષ્ટ હોવાથી ધર્મમાં વૃદ્ધિ, શારીરિક તંદુરસ્તી તથા માનસિક સંતુષ્ટિ મળે છે.

૪) સિંહ રાશિમાં જ્યારે મુંથા હોય, અને સાથે સૂર્ય રહેલો હોય, અથવા તેને સૂર્યની દૃષ્ટિ મળતી હોય, તેવા સંજોગોમાં આ મુંથા રાજ્ય દ્વારા સુખ તથા શ્રેષ્ઠ ગુણો અપાવે છે.

૫) ગુરૂ ગ્રહની સ્વગૃહી રાશિઓ ધનુ અને મીનમાં રહેલી મુંથા સ્ત્રી-પુત્રાદિનું સુખ, રાજ્ય સુખ તથા સુવર્ણ-વસ્ત્રો તેમજ રત્નોનો લાભ અપાવે છે.

૬) શનિના ક્ષેત્રની મકર અને કુંભ રાશિ સ્થિત મુંથા સાથે જો શનિ સંબંધિત થતો હોય તો મંગળ દ્વારા થતી તકલીફો વધુ માત્રામાં આપે છે. તે ઉપરાંત માન-ધનની હાનિ, વાયુના રોગો, તથા અગ્નિનો ભય આપે છે.

પરંતુ જો આ મુંથા પર ગુરૂની શુભ દ્રષ્ટિ આવતી હોય તો આપણે શનિના અશુભત્વથી બચી જઈ શકીએ છીએ, તેટલું જ નહીં શુભ ફળની પ્રાપ્તિ પણ થાય છે.


૭) રાહુ મુખ ગત મુંથા ધનલાભ, યશ, સુખ તથા ધર્મમાં વૃદ્ધિ તેમજ ઉન્નતિ બક્ષે છે.

રાહુના પૃષ્ઠ ભાગમાં (ગત અંશોમાં) રહેલી મુંથા દ્વારા અશુભત્વ; પુચ્છ ભાગમાં (રાહુ જે રાશિમાં સ્થિત હોય તેનાથી સાતમી રાશિ) આવેલી મુંથા શત્રુભય તેમજ કષ્ટ આપે છે. આ પ્રકારની મુંથા જો જન્મ લગ્ન ભાવમાં આવતી હોય અને તેના પર પાપગ્રહોની દૃષ્ટિ પણ આવતી હોય તો નિઃશંક પણે ગૃહ તથા વિત્તનો નાશ કરાવે છે.

આચાર્યોના સર્વ સાધારણ મતપ્રમાણે મુંથા કે મુંથેશ જન્મ કુંડળીમાં શુભગ્રહોથી યુક્ત-દૃષ્ટ હોય તો વર્ષની શરૂઆતના સમયમાં અને જો વર્ષફળ કુંડળીમાં શુભગ્રહોથી યુક્ત-દૃષ્ટ હોય તો વર્ષના પાછળના સમય ગાળા દરમ્યાન શુભત્વ બક્ષે છે. અહીં શુભ ગ્રહોને સ્થાને જો અશુભ ગ્રહો રહેલાં હોય તો વિપરીત પ્રકારનું ફળ જાણવું.

॥ અસ્તુ ॥

- **વર્ષા ધીરજ રાવલ**




## શ્રી હનુમાનજીના ૧૨ નામ

૧) જય હનુમાન
૨) જય અંજનીપુત્ર
૩) જય વાયુપુત્ર
૪) જય મહાબલી
૫) જય રામેષ્ટ
૬) જય ફાલ્ગુન સખા
૭) જય પિંગાક્ષ
૮) જય અમિત વિક્રમ
૯) જય ઉદ્દધિક્રમણ
૧૦) જય સીતા શોક વિનાશક
૧૧) જય લક્ષ્મણ પ્રાણદાતા
૧૨) જય દસગ્રીવ દર્પહા

- સંકલનઃ **જયેશ દેસાઈ**

## સ્વ. શ્રી મદનકુમાર ભાટિયાને
## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



# જીવનના મહામાર્ગપર શરીરરૂપી વાહનની ગતિ

જીંદગી મહામાર્ગ છે. આપણું શરીર એક ગાડી છે. મન એનું સ્ટીયરીંગ છે. હૃદય એનું એન્જીન છે. આંખ અને કાન એના સિગ્નલ છે. અને હાથ-પગ એના વ્હીલ છે. સમાજ એનો માર્ગ છે. મા-બાપ, વડીલ, શિક્ષક, મિત્ર આ ગાડીને ચલાવનારના ગુરૂ છે. આ ગાડીનું લાઈસન્સ અત્યારે પણ ૨૧ વર્ષે મળે છે. જેવા ગુરૂઓ એને મળે છે તે રીતે ગાડી ચલાવવાનું શીખે છે. જે એ વખતે મફત હોય છે. પણ પાછળથી સામાજીક નિયમ પ્રમાણે એ જ રીતે ચુકવણી કરવી પડે છે.

હોસ્પીટલો એનું ગેરેજ છે. ડોક્ટરો એના મીકેનીક છે. પેથોલોજી એની આર.ટી.ઓ. ઓફીસ છે. અને જે રીતે જુની ગાડીના કોઈ પાર્ટ બીજી ગાડીમાં ફીટ કરવામાં આવે છે તે રીતે શરીરના પણ કોઈક પાર્ટ બીજા શરીરમાં આ ગાડીના મીકેનીક ફીટ કરે છે અને અસલથી વધુ કમાવે છે.

આ ગાડીનું પેટ્રોલ ગાડી પોતે જ બનાવે છે. હાલના જમાનામાં ડોક્ટરો બીજાનું પેટ્રોલ વાપરી ગાડી ફરી પાટા પર બેસાડે છે. જીંદગી ગાડીની સરખામણીમાં અને બીજી ગાડીઓનો ફરક એટલો જ કે તેમાં પ્રેમ, લાગણી નથી હોતી પણ સંબંધ જરૂર હોય છે કે તેઓ એકબીજાની સાથે અથડાઈને અકસ્માતથી બચે નહીં તો બન્નેને નુકશાન થાય. જીંદગીની ગાડીઓ આ વાત ભુલી જાય છે અને જીવનમાં તકલીફોને નોતરૂ આપે છે.

જીંદગીની ગાડીમાં પાંચ ગીયર હોય છે. ડ્રાઈવિંગ શીખતી વખતે પહેલું અને પાંચમું ગીયર જ વાપરવું જરૂરી હોય છે. શાળાએ યોજાતી હરિફાઈમાં જો જીત મળે તો પણ પહેલો ગીયરની રેસ જ ગણાય. પંદરથી એકવીસ વર્ષે બીજો ગીયર, એકવીસ થી ચોવીસ વર્ષે ત્રીજો ગીયર પણ વાપરી શકાય. ચોથા ગીયરનો ઉપયોગ ચોવીસ થી પીસ્તાલીસની ઉંમરે જ કરવું. ૬૦ પછીની ઉંમરો શોખ ખાતર પહેલા ને બીજા ગીયરમાં ગાડી ચલાવવી. જેથી આ જુની ગાડી સચવાઈ રહે જો કોઈ ચાલક આ રીતે ગીયરનું નિયમન નથી કરતો ને જીંદગીની રેસમાં નામ અથવા દામ મેળવવા વધુ તેજ ગીયર વાપરે છે. તેઓ પુરસ્કાર તો પામે છે પણ બહુ જ આગળ નીકળી જતાં એકલવાયું જીવન જીવવું પડે છે. ગાડીના એન્જીન ને જેમ આરામની જરૂર છે તેમ જીંદગીની ગાડીને પણ થોડો સમય આરામ આપી પાર્ક કરવી જરૂરી છે ને વખતો વખત પાંચમાં ગીયરનો વિચાર રાખવો જરૂરી છે. જે જણાવે છે સકારાત્મક ચાર ડગલા આગળ તરફ વિચારો ને એક પગલું પાછળનું પણ વિચારો.

**- સ્વ. શ્રી મદનકુમાર ભાટિયા**

# હોઠ દ્વારા વ્યક્તિનો પરિચય (Lips)

હોઠ પરથી આનંદ, ક્રોધ, ભય, ચિંતા, પ્રેમની લાગણી, ઈત્યાદિ ભાવો જાણી શકાય છે. હોઠ પરના હાસ્યથી વ્યક્તિનો સ્વભાવ જાણી શકાય છે. બાણ જેવા આકારના હોઠવાળી વ્યક્તિ બોલવામાં કુશળ અને આકર્ષક લાગે છે. કામદેવનું કામણ આવી વ્યક્તિ સહેલાઈથી કરે છે. હોઠ ઉપર ઉભી લીટી/લીટીઓ સૌંદર્ય તથા આકર્ષણમાં વધારો કરે છે.

પ્રમાણસરના હોઠ સારા ગણાય છે. આવી વ્યક્તિ વ્યવહાર, વિશાળહૃદયી, આકર્ષક અને સુખી જોવા મળે છે. હોઠ દ્વારા ચુંબન દ્વારા પ્રેમની લાગણી વ્યક્ત કરાય છે.

હોઠ એ ચહેરાની સુંદરતાનું એક મુખ્ય અંગ છે. માંસવાળા સપ્રમાણ હોઠ આરોગ્ય સારું સૂચવે છે. જ્યારે સુકાઈ ગયેલા હોઠ નબળું આરોગ્ય-તંદુરસ્તી ખરાબ દર્શાવે છે. કુદરતી રીતે લાલ રંગના હોઠ તંદુરસ્તી સૂચક છે. આકર્ષણ શક્તિમાં વૃદ્ધિ કરે છે. સૌંદર્ય પ્રત્યેની વિશિષ્ટ દૃષ્ટિ ધરાવતા શુક્ર-ચંદ્ર પ્રભાવવાળી વ્યક્તિ હોય છે. હોઠને સ્ત્રી વર્ગ લીપસ્ટીકના જુદા જુદા રંગોથી રંગે છે. જેથી રંગનું વિશ્લેષણ લીપસ્ટીક લગાવેલ ન હોય ત્યારે જ કરવું જોઈએ.

બન્ને હોઠ દબાવી રાખતી કામી, ક્રોધી સ્ત્રીનો સ્વભાવ પારખી શકાતો નથી. ખૂણામાં હોઠ દબાતા હોય કે ખાડો દેખાતો હોય તો તે વિલાસી, મોજીલા અને આનંદી હોય છે. બન્ને હોઠ લાંબા ભોગી વ્યક્તિના હોય છે. બન્ને હોઠ નાના કે લાંબા-ટૂંકા વિષમ હોઠો હોય તો તેવી વ્યક્તિનો સ્વભાવ વિચિત્ર હોય છે.

કપાયેલા, સૂકા, રંગ કે તેજ વગરના હોઠ અશુભ લક્ષણ ગણાય છે. નાના ઉંચા, રૂંવાટીવાળા હોઠ સ્ત્રી જાતકને વૈધવ્યનું સૂચન કરે છે. જાડો હોઠ વધુ પડતી જાતિય લાગણી દર્શાવે છે. નાના હોઠો વ્યવહારૂ, ચીકણા, અંતરમુખી હોઈ સમજી શકાતા નથી. ખુલ્લા હોઠવાળા મિલનસાર નિખાલસ હોય છે. લબડતા હોઠ આંતરિક દુ:ખસૂચક છે. નીચેનો હોઠ લટકતો હોય તો તે દૃઢતા તથા નિશ્ચયની ઊણપ બતાવે છે. જાતિય રીતે અસંતુષ્ટ વ્યક્તિ હોઈ શકે.

ઉપરના હોઠથી નીચલો હોઠ વચ્ચેથી દબાયેલો રહેતો હોય તે સારું ચિન્હ છે. ઉપરનો હોઠ લાંબો હોય તો વાચાળતાનું સૂચન કરે છે. લાંબા હોઠવાળી વ્યક્તિ ખાવાની શોખીન, વિચારશીલ, ભાગ્યશાળી જોવા મળે છે.

બન્ને હોઠ પાકેલા ટીંડોળા-ગીલોડા જેવા લંબગોળ લાલ રંગના તથા હંમેશા ભીના રહેતા હોય તેવી વ્યક્તિ ભાગ્યશાળી હોય છે અને સ્ત્રીઓને પ્રિય હોય છે.

હોઠ બહુ જાડા હોય તે ટૂંકું આયુષ્ય દર્શાવે છે. આવી વ્યક્તિ કમઅક્કલ તથા જીવનમાં દુ:ખી, ગોટાળા કરનારી, બેવકૂફ હોય છે.

હોઠ બહુ જ ખુલ્લા રહેતા હોય તેવો માણસ દરિદ્રી ને ભાગ્યહીન હોય છે.

નાજુક હોઠવાળા શરમાળ, બીકણ તથા દુ:ખી હોય છે. મુશ્કેલીઓથી તે ડરે છે અને સફળતાપૂર્વક મુશ્કેલીઓનો સામનો કરી શકતા નથી.

ઉપરનો હોઠ ભરાવદાર તથા ગોળ હોય તે સ્વમાન પ્રિય હોય છે. આ હોઠ મધ્યમાં સીધો અને મજબૂત હોય તે દૃઢ મન અને મક્કમતા સૂચવે છે.

ઉપરના હોઠના ખૂણા ગોળ હોય તો તેવી વ્યક્તિ ખુશખુશાલ રહે છે. હોઠના ખૂણાનો વળાંક ઉપર ચઢતો હોય તો તે આનંદી અને રમૂજી સ્વભાવના હોય છે. પરંતુ આ ખૂણાઓ જરા નીચે ખેંચાતા હોય તો તેવી વ્યક્તિ ગંભીર હોય છે. (શનિગ્રહનો પ્રભાવ) વાંકા હોઠ અવિશ્વાસુ, નીચ મનોદશા

દર્શાવે છે. જડકી વ્યક્તિના હોઠના ખૂણા વળેલા હોય છે. પાતળા હોઠ વિકૃત માનસ, સ્વાર્થી તથા હઠાગ્રહીના હોય છે. સુકાઈ ગયેલા હોઠને ધનસુખ ઓછું સાંપડે છે. છુટ્ટા હોઠવાળા શેખચલ્લી જેવા તરંગી વિચારો કરે છે. સફેદ હોઠ ભાવનાશીલ, નિરાશ તથા હતાશ વ્યક્તિના હોય છે. કાળાશ પડતા હોઠ લાગણીહીન, નીચ મનોવૃત્તિના સૂચક છે.

ઉપરના ઉપસેલા હોઠ મંગળ-શનિની અસરવાળા હોઈ અંતરના અવાજને અનુસરી પોતાનું ધાર્યું જ કરે છે.

નીચલા હોઠની નીચે તથા દાઢીની વચ્ચે ખાંચો લાંબો હોય તો તે વ્યક્તિ મુસાફરીની શોખીન હોય છે. નીચેના હોઠના છેડા રાતા હોય તો તે કુટુંબપ્રેમ તથા દેશપ્રેમ સૂચવે છે. નીચેના હોઠનો એક છેડાથી બીજા છેડા સુધી ગોળાકાર અને ભરાવદાર હોય તો તે વ્યક્તિ ઉદાર હોય છે અને લોકોને સારી, સાચી સલાહ આપે છે.

બન્ને હોઠ બરાબર ભીડાતા હોય તે કપટી હૃદયનો જાણવો. ઉપરનો હોઠ ટૂંકો હોય તે પાપી અને અધીરિયા સ્વભાવનો સમજવો ઉપરનો હોઠ લાંબો અને લાલ હોય તો તે વ્યક્તિ સ્વતંત્ર સ્વભાવનો તથા ધનવાન હોય છે.

ઉપરના હોઠના મધ્ય ભાગ ઉપર અને નાકની દાંડીની નીચેનો ખાંચો ઉંડો હોય તો તેવી વ્યક્તિ ઘણી પ્રેમાળ અને લાગણીશીલ હોય છે. મિલનસાર વ્યક્તિ હોઈ બધા સાથે સારો સંબંધ ધરાવે છે. લાલ રંગના હોઠવાળી વ્યક્તિ ડાહી અને શાણી જોવા મળેલ છે. ગુલાબના ફૂલ જેવા હોઠ પ્રખર બુદ્ધિમત્તા સૂચવે છે. આવી વિદ્વાન વ્યક્તિ સ્વભાવે સરળ જોવા મળી છે. હોઠ પુષ્ટ હોય તો વ્યક્તિ સુંદર, આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી અને સુખી જોવા મળે છે. બે અંગુલ પ્રમાણના કોમળ, મૃદુ, સ્નિગ્ધ હોઠ ધનસમૃદ્ધિ-વૈભવ દર્શાવે છે. સંપત્તિવાન વ્યક્તિના હોઠ મને આવા જોવા સાંપડેલ છે.

વ્યક્તિની જાતિય જીંદગી - જાતિયતાનો પ્રભાવ, તથા સેક્સવિષયક વૃત્તિને (સેક્સ અપીલ) ખુલ્લી પાડી દે છે. હોઠ લાંબા હોય તો પ્રજનનશક્તિની વિપુલતા હોઈ શકે. જ્યારે હોઠ સ્થૂલ-જાડા હોય તો કામવાસના વિશેષ જોવા મળે છે. હોઠના બન્ને બાજુના ખૂણા પ્રેમ, હાસ્ય, માધુર્ય, આદર સત્કાર, આનંદ, દુ:ખની લાગણી દર્શાવે છે. નીચેના હોઠનો મધ્યભાગ જાડો હોય તો તે વ્યક્તિને ચુંબન કરવાની તાલાવેલી હોય છે. અતિજાડા, અતિ લાંબા અને બહુ જ આગળ પડતા હોઠ કામવાસના વધુ પડતી જોવા મળે છે. આવા હોઠ અશુભ ગણશો.

લાંબા જાડા હોઠ અલ્પાયુષ્ય દર્શાવે છે. હોઠ લુખા, પાતળા, કપાયેલા, જાડા નિર્ધનતાનૂ સૂચન કરે છે. પાતળા હોઠ બેવકૂફી અને ખરાબ ચાલચલગત દર્શાવે છે. મ્હોં પહોળું હોય તથા હોઠ જાડા દિલ હોય તે પશુવૃત્તિનું સૂચન કરે છે. હોઠ પર લાલ કરચલીઓ દેખાતી હોય તે સાચા દિલનો હોય છે. કરચલી વગરના હોઠવાળી વ્યક્તિ સ્વાર્થી, વિશ્વાસઘાતી જેવો હોય મિત્રાચારી માટે લાયક નથી. સાધારાણ કાળાશ પડતા હોઠ, કાળાશ પડતા દાંત તથા કાળાશ પડતા નખ હોય તો તેવી વ્યક્તિ દારૂડિયો જોવા મળે છે. સ્વચ્છંદી, સ્વૈરવિહારી જાતકોના નીચેના જડબાં વિશેષ કરીને આગળથી ઉઘાડાં જોવા મળે છે. છુટા હોઠવાળા ખોટો બબડાટ લવારો કરનાર, બડાઈખોર જોવા મળે છે.

સ્ત્રી જાતકને નીચેનો હોઠ જાડો હોય, લંબગોળ મુખાકૃતિ હોય, આંખોનું તેજ ઓછું હોય, કપાલ-ગાલ પર વધુ પડતી ફિકાશ હોય તો આવી સ્ત્રી મનમાં આવે તેમ વર્તનાર, એકલપેટી, ગુસ્સાવાળી હોય છે. આવી સ્ત્રીને ગર્ભાશયમાં ગરમી હોય, સંતાનો ટકતા નથી. ગર્ભપાત થઈ જાય છે. ગાયનેકોલોજીસ્ટને બતાવી ઉપચાર કરે તેવું મારું સૂચન છે.

પૂરા હોઠ કડક ન હોય - ઢીલા હોય તો, તેવી વ્યક્તિ ઉદારદિલ અને કાર્યમાં સહાયરૂપ થતી જોવા મળે છે. અણીના સમયે આવી વ્યક્તિ મોડે સુધી બેસી કામ કરે છે. ભેટ સૌગાદો આપવામાં

ભેટ સોગાદો આપવામાં તેઓ ઉદાર હોય છે. તમો પોતે જ આવી પ્રકૃતિથી ઘડાયેલ હો તો બીજા લોકો તમારી ઉદારતાનો ગેરલાભ ઉઠાવે નહિ તે જોશો.

બીડેલા-ભીડેલા સાંકડા હોઠોવાળી વ્યક્તિ, પાતળા હોઠો ધરાવતી વ્યક્તિને ટૂંકામાં વાત, મુદ્દાસર કહેવી ગમે છે. તમારે તેથી દુઃખ લગાડવાની જરૂર નથી.

ઉપરના ભાગોમાં વળેલા હોઠવાળી વ્યક્તિ, હોઠની બાજુના ખૂણામાં વળાંક હોય તેવી વ્યક્તિ આશાવાદી હોય છે. આવી વ્યક્તિને તમે સારા મિત્રો બનાવી શકશો. તેઓ તમોને કઈ વસ્તુ કરવી અને કઈ વસ્તુ ન કરવી તેની સલાહ આપશે.

નીચેના ભાગોમાં વળેલા હોઠવાળી વ્યક્તિના હોઠની બાજુના ભાગમાં ખૂણામાં વળાંક હોય તો તેવી વ્યક્તિ નિરાશાવાદી હોય છે. ભૂતકાળનાં દુઃખદ સ્મરણો વાગોળતા રહે છે. આવી વ્યક્તિ પાસે રહેવાથી નકારાત્મક વિચારસરણીને કારણે તમો રમૂજ કરશો તો પણ તેઓ પચાવી નહીં શકે. પ્રેરણાત્મક વાતાવરણ તથા પોઝીટીવ વાતાવરણ સર્જવું, ઉચ્ચ વિચારો આપવા તથા જીવનમાં હાસ્ય અપનાવશો.

બે હોઠોની ખૂબસૂરતી ચહેરાનું આકર્ષણ વધારે છે. સ્ત્રીઓ પોતાના હોઠો લિપસ્ટીક તથા અન્ય મેકઅપથી સૌંદર્ય પ્રાપ્ત કરવા પ્રયત્નો કરે છે. પાતળા કે પ્રમાણ વગરના હોઠને સપ્રમાણ બનાવે છે. જે તમને કુદરતી નથી આપ્યું એ તમને કેમિસ્ટ કે ફેશનગુરુઓ આપી શકે છે. હોઠ અને એને માટે મેકઅપની આખી ઈન્ડસ્ટ્રી છે. હવે તો હોઠ માટેનો મેકઅપ લિપસ્ટીક સુધી મર્યાદિત રહ્યો નથી.

હોઠોને સ્ત્રીઓએ હળવું માલિશ કરવું જોઈએ. તેથી હોઠોમાં ચમક આવશે. હોઠોમાં ચીરા કે સોજો હોય તો ચર્મરોગના નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેશો. થોડી સાવધાની અને કાળજી રાખવાથી હોઠ તો પરવાળાં જેવા સુંદર દેખાશે જ. મેકઅપ ટ્રીકસથી લિપસ્ટિક લગાવી હોઠના આકાર અને સાઈઝના, પૂરતા પ્રકાશમાં કરી શકો છો. ઘઉંવર્ણી સ્ત્રીને કથ્થાઈ, ફાલસા કે બ્રાઉન રંગની લિપસ્ટિક સારી લાગે છે. શ્યામ રંગની સ્ત્રીને હોઠ પર લાલ-નારંગી રંગની લિપસ્ટિક બેહુદી લાગશે. ગોરી સ્ત્રીને ગમે તે લિપસ્ટિક શોભે છે. સમય અનુસાર રંગની પસંદગી કરવી. લિપગ્લોસ ફક્ત પાર્ટીમાં જતી વખતે લગાવવું. રોજ નહિ. સુંદર, સ્વસ્થ, આકર્ષક હોઠ માટે માવજત જરૂર કરશો.

ઉપસંહાર : મુખમાં હોઠ, દાંત અને જીભ, તાળવું મુખ્ય અવયવો છે. જે ખાવા-પીવાની સામગ્રી વ્યવસ્થિત રીતે પેટમાં મોકલવાનું કાર્ય કરે છે. વ્યક્તિના જીવનમાં શક્તિ તથા નિર્માણમાં મહત્વપૂર્ણ યોગો સર્જે છે.


ચહેરાનું આકર્ષણ, પ્રભાવ અને સૌંદર્ય હોઠ પર નિર્ભર છે. અતિ સંકુચિત હોઠ-નાના, પાતળા, દુબળા હોઠ શરીર ક્ષીણતા, વાક્શક્તિ-હીનતા, અન્નપાચન દૌર્બલ્ય, નિરાશા, અક્ષમતા, હીન ભાવના તથા દેખાવ કરવાનું સૂચવે છે.

સામાન્ય કરતાં વધારે લાંબા, પહોળા, રક્તિમ તથા પુષ્ટ હોઠોવાળા જાતકો પ્રાયઃ બહુભોજી, વાચાળ, ક્રોધી, મૂર્ખ, તામસી તથા પાશવી યોનપિપાસાવાળા જોવા મળે છે.

વધારે માંસલ, બેડોળ, શ્યામ તથા કઠોર હોઠ તથા પુષ્ટ હોઠોવાળા મુખમંડળની કુરૂપતા, અવિકસિત બુદ્ધિ, વાસનાત્મકતા, ક્રોધ, અસભ્યતા તથા નીચ પ્રવૃત્તિ દર્શાવે છે.

જો બન્ને હોઠોમાંથી કેવળ ઉપરનો હોઠ વધારે સ્થૂળ-જાડો હોય તો જાતકમાં હઠ, દંભ, છળ તથા માનસિક વ્યભિચારની વૃત્તિ દેખાય છે. આનાથી ઉલટું જો તુલનાત્મક રૂપે નીચેનો હોઠ વધુ સ્થૂળ-જાડો હોય તો જાતકમાં ભાવુકતા, આવેશ, ઉત્તેજના, માનસિક અસંતુલન, આક્રમકતા અને અપરાધીવૃત્તિ હોઈ શકે છે.

## હોઠ ઉપરથી વ્યક્તિને સમજવો




પરંતુ બન્ને હોઠ જાડા હોય અને એમનો રંગ લાલ પડતો સ્નિગ્ધ અને મૃદુતાથી યુક્ત હોય તો વ્યક્તિમાં રસિકતા, સાધારણ બુદ્ધિ, બીકણ સ્વભાવ દર્શાવે છે. બીજો જાડા હોઠ તમોગુણ, પાશવિકવૃત્તિ, અસભ્યતા અને ઉદ્ધતાઈ સૂચવે છે.

લાંબા હોઠ પાતળા હોઈ, જાડાઈ ઓછી હોય, તો વ્યક્તિ વાતોડિયા, વિચારવાન, કલ્પનાશીલ, બહુભોજી અને ભાગ્યવાદી હોય છે. ઉપરનો હોઠ લાંબો હોય પરંતુ નીચેનો હોઠ નાનો હોય તો કલાપ્રિયતા, શૃંગાર, સ્નેહ, આકર્ષક વ્યક્તિત્વ, અહંકાર તથા નાટકીયતા જોવા સાંપડે છે. પરંતુ જો નીચેનો હોઠ લાંબો અને ઉપરનો તુલનાત્મક રૂપે નાનો હોય તો જાતક વ્યવહાર, સુખ સંપત્તિ માટે લગાવ, ગતિશીલતા જોવા મળે છે.

હોઠમાં અસ્વાભાવિક વક્રતા હોય તો અશુભ ગણાય. કોઈ પણ પ્રકારના સૂકા હોઠ પણ અશુભ છે. હોઠ ઉપર ઉઠતા હોય તો અશુભ છે. જ્યારે સરળ, સમ, સ્નિગ્ધ, સંતુલિત, સુંદર, આકર્ષક, મૃદુ હોઠ ઉત્તમ માનવામાં આવે છે. જાતકમાં વિશાળ દ્રષ્ટિકોણ, વાણી સંતુલન, વિકસિત બુદ્ધિ, મનનપ્રિયતા, ગંભીર સ્વભાવ, વ્યવહારપ્રધાન ગુણો ઓછાવત્તા પ્રમાણમાં હોવાની સંભાવના રહે છે.

**- ડો. ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક**

(લેખકના **'ચહેરો બોલે છે'** પ્રકાશનમાંથી સાભાર)

# હૃદયરોગના કારણો અને તેના ઉપાયો

સર્જનહારે તો પુરા ૧૨૦ વર્ષનું (વિંશોતરી મહાદશાના હિસાબે) આયુષ્ય હૃદયને આપ્યું. તો પણ અફસોસની વાત એ છે કે કોઈ કમોતે મરતું હોય તો તે હૃદય છે. બીજા અર્થમાં કહીએ તો મનુષ્યનો નંબર-૧ કિલર એટલે હૃદયરોગ.

માનવીનું હૃદય એક મજબૂત, તો પણ સુંવાળા સ્નાયુઓનું બનેલું અવયવ છે. શરીરમાં લોહી ફરતું રાખવા ૨૪ કલાકમાં તે પંપની માફક ૧ લાખ વખત ધબકે છે. એક ધબકારે તે આખા શરીરની ૧૧૨૦૦ કિ.મી. લાંબી રક્ત વાહિનીઓ દ્વારા શરીરના દરેક અંગ અને કોષને લોહી પહોંચાડે છે. હૃદયમાંથી શુદ્ધ લોહી આર્ટરી-ધમની મારફત વહે છે. અને દરેક કોષ સુધી પહોંચી તેને ઑક્સિજન (પ્રાણવાયુ) અને પોષક તત્વો પૂરા પાડે છે. કટાક્ષની વાત એ છે કે હૃદય પોતે અંદરથી છલોછલ લોહીથી ભરેલું હોવા છતાં તેમાંથી તે પોતાના ઉપયોગ માટે સીધુ જ લોહી વાપરી શકતું નથી. હૃદયમાંથી લોહી પ્રથમ મહાધમનીમાં જાય અને તે ધમનીમાંથી કોરોનરી આર્ટરીઝ નામે ઓળખાતી નાની ધમનીઓમાં ફંટાય અને તેના દ્વારા હૃદયના સ્નાયુઓને લોહીનો પુરવઠો મળે. સરોવરના જીવ સરોવરમાંથી સીધુ જ પાણી ન પી શકે પરંતુ સરોવરમાંથી નીકળતી પાઈપલાઈનમાંથી મેળવે તેના જેવી વાત થઈ આ. સર્જનહારે આવી અટપટી વ્યવસ્થા કરવાને બદલે હૃદયને સીધું જ તેના ખાનામાંથી લોહી વાપરવાની છૂટ આપી હોત તો હૃદયરોગ જેવા રોગનું અસ્તિત્વ જ ન હોત.

**હાર્ટ એટેક એટલે શું?**

હૃદયને પોષણ આપતી રક્તવાહિની (કોરોનરી આર્ટરી)માં ચરબી જેવા પદાર્થો જામવાથી તે અંદરથી સાવ સાંકડી બની જાય છે. ક્યારેક તેમાં સંપૂર્ણ રૂકાવટ થવાથી અથવા સાંકડી રક્તવાહિનીમાં ક્યારેક લોહીનો ગઠ્ઠો  અટકી જતાં હૃદયના તેટલા ભાગને લોહી મળતું બંધ થાય છે, ત્યારે હૃદયનો તેટલો ભાગ ઑક્સિજન અને પોષણ વગર મૃત્યુ પામે છે અને હાર્ટ એટેક Myocardial Infarction કહે છે.

H.T. ના કારણો : હર્ષલ રાહુ કરતા ૭ ગણો ભારે છે. વય, જાતિ, વારસાગત (Hereditary), માનસીક તાણ, શારીરિક સ્થુળતા.

**અટકાવી શકાય તેવા કારણો :** Acidity સૂર્ય ને રાહુ જુવે તો અથવા રાહુ/સૂર્ય લોહીનું ઉંચું દબાણ (Hypertension) સૂર્યને રાહુ જુવે તો.

તમાકુ : બુધને મંગળ જુવે અથવા ૨ જું સ્થાન બગાડે. દારૂ : શુક્રને રાહુ જુવે, શનિ+રાહુ+ગુરૂ ની યુતિ, નીચના મંગળને શનિ જુએ, ગુરૂ બગાડે તો.

**Diabetes:** ૨-૬-૮-૧૨ માં ગુરૂ કે શુક્ર

**Cholesterol** ગુરૂને શનિ જુએ તો, મારક શનિ જુએ તો વધારે કોલેસ્ટ્રોલ.

**Obesity** બેઠાડુ જીવન, ધુમ્રપાન ૨ જુ સ્થાન, બુધ અને બીજાનો માલિક બગાડે તો. ખોરાકમાં મીઠાનો અતિરેક, ચંદ્ર સૂર્યને રાહુ બગાડે તો, સ્વભાવની ઉગ્રતા મંગળ સાથે (ચંદ્ર બગડે તો, એકલતા) અળગાપણું રાહુ, ગુરૂ, મંગળ.

**હાર્ટ એટેકના ચિન્હો :** છાતીના મધ્યભાગમાં બેચેની ભર્યું દબાણ, ભારેપણું લાગે, નીચોવી નાખતું દર્દ થાય. મધ્યભાગમાં દુખાવો થાય. દુખાવો જડબુ, ડોક, ગળુ, ખભા અથવા હાથની આંગળી સુધી પ્રસરે, સખત દુખાવો થવો, તમ્મર આવવાં, માથુ ભમવું, પરસેવો વળવો, ઉબકા આવવા, ઉલટી થવી, શ્વાસ ટુંકા થઈ જવા, સખત અસ્થમા જેવું લાગવું. આ બધા લક્ષણો એક સાથે દેખાય પણ અનુભવાય તેવું ન પણ બને.

સારવાર : હાર્ટએટેક આવે ત્યારે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ઈન્ટેન્સીવ કોરોનરી કેર યુનિટ (I.C.C.U.) માં તરત દાખલ કરવો જોઈએ, જેથી ૨૪ કલાક ખાસ સાધનો દ્વારા સારવાર મળી શકે તેમજ હૃદયની સ્થિતિનું સતત નિરિક્ષણ થઈ શકે. હાર્ટએટેકથી હૃદયના કેટલાક ભાગને કાયમી નુકશાન થવાની શક્યતા રહે છે, પણ તાત્કાલીક સારવારથી આ ઘા રૂઝાવા માંડે છે અને હૃદયના સ્નાયુઓને બચાવી શકાય છે. હાર્ટ એટેકના કારણે ઘણીવાર લોકોને નિરાશા ઉત્પન્ન થાય છે અને ચિંતા થાય છે કે તેમને શારીરિક શક્તિ ફરીવાર પ્રાપ્ત થશે કે નહીં, સામાજીક, ધંધાકીય કે સેક્સ બાબતમાં પહેલાની માફક સક્રિય થઈ શકશે કે નહીં? સામાન્ય રીતે આ બાબત ચિંતાનું કોઈ કારણ નથી. ખૂબ ગંભીર હાર્ટએટેક ન આવ્યો હોય તેવા દરેક પ્રસંગમાં વખતસરની અને યોગ્ય ટ્રીટમેન્ટથી પોતે હાર્ટએટેક પહેલા જે કાર્યો સામાન્ય રીતે કરતા હતાં તે કરી શકે છે. વ્યાયામ દ્વારા પૂર્વવત્ સ્થિતિની નજીક પહોંચી શકાય છે.

**Prevention** : જ્યારે એક કરતા વધારે કારણભૂત પરીબળો લાગુ પડતા હોય ત્યારે જોખમનો સરવાળો નહીં પણ ગુણાકાર થતો હોય છે. દા.ત. High Blood Pressure વાળાને કોલેસ્ટેરોલ ઉંચું રહેતું હોય તો હાર્ટએટેકનું જોખમ ૬ ગણું વધી જાય છે. અને જો ધુમ્રપાન ચાલુ હોય તો જોખમ વીસ ગણું વધી જાય છે.

| | |
|---|---|
| આટલાથી દૂર રહો | : માનસીક દબાણ, ગુસ્સો, ધુમ્રપાન, ખોરાકમાં વધુ પડતાં ઘી-તેલ, માખણ, સાકર, મીઠું, ચીઝ. |
| અંકુશમાં રાખો | : વજન, ડાયાબીટીઝ, Blood Pressure, લોહીમાં ચરબીનું પ્રમાણ. |
| શરૂ કરો | : નિયમીત કસરત કે ચાલવું, ડોક્ટરની સલાહ મુજબ યોગાસન, ધ્યાન, નિયમીત તપાસ જેવી કે બીપી, ડાયબીટીઝ ચેક કરાવવું, કાર્ડીયોગ્રામ કઢાવવો. |
| મુખ્ય ગ્રહ | : લગ્નેશ, ષષ્ઠેશ અને ત્યાં મૂળ ત્રિકોણ રાશિ હોય તો. |
| ગૌણ ગ્રહ | : ચતુર્થેશ અને પંચમેશ, સૂર્ય, ચંદ્ર, મંગળ અને બુધ. |

જો મુખ્ય ગ્રહ, ચોથો ભાવ, ચતુર્થેશ જો નબળા (કેન્દ્ર - ત્રિકોણના માલિક ૬-૮-૧૨ મે બેઠા હોય) હોય અને એમા ભાવ મધ્ય પર જો અશુભ ગ્રહની અસર હોય તો હૃદય રોગ થઈ શકે.

મેષ લગ્નવાળાને બુધ ષષ્ઠેશ થઈ રોગેશ થાય છે. ગોચરમાં બુધ ઘડી ઘડી નબળો પડે છે, તે સૂર્યની અને શુક્રની આજુ-બાજુમાં હોય છે. સૂર્યથી નબળો થાય છે, સૂર્ય પંચમેશ છે અને બુધ ષષ્ઠેશ છે એટલે હૃદયની લગતી બિમારી થાય છે. કાળ પુરૂષની કુંડળીમાં સૂર્ય-બુધ ચોથો અને પાંચમો ભાવ મળીને હૃદય બનાવે છે.

૧૦ મા નો માલિક ગોચરમાં ૬ હે કે ૮ મે આવે ત્યારે H.T. થી સંભાળવું exception શનિ. સિંહનો ગુરૂ A.C.D.T. આપે, પીત્ત બહુ થાય. ખાવાપીવામાં control બહુ જરૂરી. રાહુ જોતો હોય તો છાતી બળે, વિચારો પણ બળતરાવાળા થાય, સ્વભાવ ચિડીયો થાય. રાહુ, સૂર્ય-ચંદ્રને જોતો હોય તો પીત્ત ૪૮ની ઉંમર પછી થાય. શુક્ર-રાહુ ખટાશ ઉત્પન્ન કરે છે.

**હૃદય રોગ કઈ દશામાં થાય ?**

અશુભ ગ્રહ (૬-૮-૧૨ મે જો મૂળ ત્રિકોણ રાશિ હોય તો તેનો માલિક) ની અંતરદશામાં જો મંગળ અશુભ થતો હોય (૬-૮-૧૨ નો માલિક) તો operation. કેતુ સાથે આવતા અથવા ષષ્ઠેશ આવતા operationની સ્થિતિ ઉભી થાય છે.

આમ, આવી રીતે સૂર્ય અને ચોથો ભાવ રાહુ/કેતુ અથવા મંગળ સાથે સંબંધિત (ભાવ, દ્રષ્ટિ, કારક, ભાવેશ, કેન્દ્ર-ત્રિકોણ) થાય અને અશુભ ગ્રહથી ગ્રસ્ત થાય અથવા તો હૃદયના વાલ્વ માટે જોવું હોય તો મંગળનો સંબંધ જોવો જોઈએ અથવા તો કેતુનો સંબંધ જોવો.

કોલેસ્ટેરોલ માટે સૂર્ય, ચંદ્ર, શનિ એકબીજા સાથે સંબંધીત થવા જોઈએ. આ બિમારી અશુભ ગ્રહની ગ્રસ્ત દશામાં તેની અંતર્દશામાં થઈ શકે છે. સૂર્યથી ૧૨ મા ભાવની દશામાં થાય. ગુરૂને શનિ જુવે તો કોલેસ્ટ્રોલ, મારક શનિ જુએ તો વધારે કોલેસ્ટ્રોલ. જો સૂર્ય અથવા તો ચોથો ભાવ, જો શુક્ર અથવા મંગળથી અસર પામે તો બ્લડ પ્રેશરની નળીઓ સંકોચાય. B.P. માં તકલીફ થાય. કેમકે શુક્ર નસોનો કારક છે. બુધ strong હોય તેમનામાં રોગ પ્રતિકારક શક્તિ વધારે હોય રોગી જલ્દી સાજો થઈ જાય. અત્યારે રાહુ-કેતુ ૯°ના છે તો કુંડળીમાં બેકી રાશિ ૯° થી ૧૦° ના જે ગ્રહ હોય તેને અસર કરે. બુધ કાળ-પુરૂષની કુંડળીમાં ષષ્ઠેશ છે. રોગ આપવા અને સારુ કરવા બંધાયેલો છે. મંગળ ટુકડા કરી નાખે.

ભાવ પાંચ : હૃદયનો નીચેનો ભાગ અને સિંહ રાશિ માટે આપણે કહી શકીએ કે સૂર્ય, કર્ક રાશિ, સિંહ રાશિ, ભાવ ચોથો, ભાવ પાંચમો નબળા હોય અને અશુભ ગ્રહથી ગ્રસ્ત કે અસર પામેલા હોય તો હાર્ટનો પ્રોબ્લેમ આવે છે કે હૃદય રોગ થાય છે. સૂર્ય જે ગ્રહથી પીડિત થાય તે ગ્રહ પ્રમાણે હૃદયના ધબકારા સમજવા, સૂર્ય મંગળથી પીડિત તો હૃદયના સ્નાયુ નબળા પડે. સૂર્ય કેતુથી પીડિત તો હૃદયને સંકોચન અને પહોળુ થવામાં તકલીફ. સૂર્ય, કેતુ અને મંગળ બંનેથી અસર પામે તો હૃદયનો વાલ્વ ખરાબ થાય. સૂર્ય, ચંદ્ર અને બુધથી પીડિત તો B.P. ઉપર અસર કરે. સૂર્યને રાહુ જુવે તો High B.P. અને ચંદ્રને શનિ જુએ તો Low B.P. સૂર્ય ચંદ્ર અને શનિથી પીડિત તો કોલેસ્ટ્રોલની અસર થાય. ગોચરના જન્મકુંડલીના સૂર્ય પરથી રાહુ-કેતુ પસાર થતા હોય કે ગોચરનો સૂર્ય જ્યારે જ્યારે નવમાંશ કુંડળીના શનિ કે રાહુ-કેતુ પરથી પસાર થાય છે તે ત્રણ દિવસ દરમિયાન B.P. ને લીધે ગભરામણ થાય છે અને હૃદયરોગની સંભાવના રહે છે. અણધારી હૃદયની પીડા સૂર્ય-હર્ષલ કરે છે. જેમ કે સૂર્ય લગ્ને, હર્ષલ ૪ થે, શનિ પ્રતિયોગ નેપચ્યૂનને લીધે મગજ ઉપર અવળી અસર થાય અને સનેપાત થવાની શક્યતા બતાવે છે. અનિયમીત રૂધિરાભિસરણની ક્રિયાને લીધે હૃદયરોગ થાય જેનું કારણ શનિ-ચંદ્ર હોય છે.

| | | |
|---|---|---|
| સિંહ તથા કુંભ રાશિ | ૧૫° | સેન્સિટીવ ડીગ્રી છે હૃદયરોગ માટે. |
| મિથુન તથા ધન રાશિ | ૧૭° | |
| કર્ક - મકર રાશિ | ૧૦° | |
| સિંહ તથા કુંભ રાશિ | ૨° થી ૫° ઓરબીટ માં | |

**ઉપાય :** એલચીદાણા અને પીપરી મૂળ સરખે ભાગે લઈ ગાયના શુદ્ધ ઘી સાથે રોજ લેવાથી હૃદયરોગ મટે છે.

આદુનો રસ અને પાણી સરખે ભાગે મેળવીને પીવાથી હૃદયરોગ મટે છે.

હૃદયના રોગીએ ગાજરનો રસ નિયમીત પીવો અથવા ૧૫૦ ગ્રામ ગાજર ચાવીને ખાવા તેનાથી હૃદય મજબૂત બને છે અને હૃદયની કાર્ય શક્તિ વધે છે.

હૃદયનો દુખાવો ઉપડે ત્યારે તુલસીના ૮-૧૦ પાન અને ૨-૩ કાળામરી ચાવી જવાથી જાદુ જેવી અસર થઈ દુખાવો મટે છે.

છાતી, હૃદય કે પડખે દુખાવો થતા હોય તો ૧૦ થી ૨૦ ગ્રામ તુલસીનો રસ ગરમ કરી પીવો, પાનને વાટીને લેપ કરવાથી દુખાવો મટે છે.

હાર્ટએટેક એટલે હૃદયને લોહી પહોંચાડતી નસમાં કોઈ અવરોધને કારણે લોહીનો પુરવઠો થોડો સમય અટકી જાય અને એને લીધે હૃદયના સ્નાયુને જ નુકશાન થાય એ ઉપાધી. તબીબી ભાષામાં એને Myocardial Infarction કહે છે. દિલ તો બાળક જેવું છે, ઘર કે પડોશમાં નાના બાળક સાથે રમવું એમની સાથે કાલીઘેલિ ભાષામાં વાત કરવી, બાળક સાથે બાળક બનીને રહીએ તો દિલ તથા મગજ પરનો ભાર આપોઆપ ઓછો થઈ જાય છે. દોસ્તીને ઉંમરનો કોઈ બાધ નથી હોતો. હૃદયને (દિલને)

બાળક જેવું રાખીએ તો ક્યારેય હાર્ટએટેક નહીં આવે, કેમકે બાળકને ક્યારેય હાર્ટએટેક આવ્યાનું સાંભળ્યું છે ? રોજીંદા જીવનનું દુઃખ ભુલવા માટે પશુ સાથે શ્વાન કે બીલાડી સાથે વિતાવીએ તો પણ નિર્દોષ પ્રેમ મળવાથી હૃદય હળવું થઈ જાય છે. ચામડીની કે બીજી કોઈ એલર્જી ના હોય તો ઘરમાં ફુલ-પાનના કુંડા રાખી શકાય. લીલો રંગ આંખને રાહત આપે છે એ ઠંડક આંખમાંથી દિલસુધી પહોંચે છે. ઘરની નજીક ખુલ્લી જગ્યા કે બગીચા-ગાર્ડનમાં જવાનું રાખવાથી હળવાશ અનુભવાય છે. કષ્ટ આપતી તમામ વ્યથા મિત્ર પાસે ઠાલવી હળવાશ અનુભવાય છે. હૃદય આપોઆપ નોર્મલ થવા લાગશે. દરેક વ્યક્તિને નાનપણનો મિત્ર હોય તે સારું, જીંદગીમાં ગમે તેટલી ઉંચાઈએ પહોંચી જઈએ પણ તે હુલામણા નામે બોલાવે ત્યારે આપોઆપ હૃદય હળવું થઈ જાય છે. નોકરી-ધંધા તો બધા જ કરે છે. એટલે જરૂરી નથી કે પોતાની સાથે આખી જીંદગી તાણ લઈને ફરવું. વૈતરું કરવાવાળા એકલા નથી માટે જ થોડા સમય પોતાની જાત માટે કાઢવો જોઈએ. એ સમયમાં મનગમતું કરો તો તાણ હળવી થાય, અને મન શાંત થાય તેથી માનસિક શાંતિ મળે.


માંસાહારીઓ કરતા શાકાહારીઓને હાર્ટ એટેક આવવાના ચાન્સ ઓછા છે. ડાર્ક ચોકલેટ પણ હૃદયને સાબૂત રાખે છે. કોઈ આપ્તજનનું નિધન કે એના લાંબા સમયનો વિરહ, પ્રણયભંગ, ભણવામાં કે ધંધામાં કે નોકરીમાં નિષ્ફળતા, લાંબી બીમારી વગેરેને લીધે અચાનક હૃદયને આઘાત લાગે, હકીકતમાં તો એવા વખતે શરીરમાં સ્ટ્રેસ હોર્મોન તરીકે ઓળખાતા પ્રવાહીનું પ્રમાણ વધી જાય છે, જે હૃદય માટે જોખમી સાબીત થઈ શકે છે, એ ક્યારેક હૃદયને આંચકો પણ આપી શકે છે. છાતીમાં તીવ્ર દુખાવો એ પુરૂષને હાર્ટએટેક આવવાની નિશાની છે. અપચો, મોળ, ઉલટી કે ખભાનો દુખાવો એ સ્ત્રીને હાર્ટએટેક આવવાની નિશાની છે. ઘણાં લોકો કેન્સરને ભલે સૌથી જીવલેણ વ્યાધિ માનતા હોય, હકીકત એ છે કે પુરૂષોમાં પ્રોસ્ટેટ તથા સ્ત્રીઓમાં બ્રેસ્ટ કેન્સર કરતાય વધુ મૃત્યુ હૃદયની જુદી જુદી બિમારીને લીધે થાય છે. સામાન્ય સંજોગોમાં પુરૂષ કરતાં સ્ત્રીનું હૃદય વધુ ઝડપે ધબકે છે. (સરેરાશ મિનિટના ૭૨ ધબકારા સામે ૭૮ ધબકારા) સ્ત્રી કરતા પુરૂષમાં હાર્ટએટેકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને એના કારણ છે ધૂમ્રપાન, દારૂ, સ્ટ્રેસ, મેદ વગેરે. મેનોપોઝ પછી સ્ત્રીના શરીરમાં હોર્મોનના અસંતુલનના કારણે પણ H.T. ના ચાન્સીસ વધી જાય છે.

માણસ કોઈ Exercise માટે દોડે ત્યારે તેના પગને જેટલો શ્રમ પડે તેના કરતા બમણો શ્રમ દિલના સ્નાયુને આપણે સૂતા હોઈએ ત્યારે પડતો હોય છે. બહુ દોડીએ ત્યારે પગ દુખવા લાગે છે પણ ચોવીસે કલાક ચાલતુ દિલ ક્યારેય દુખે છે ? આ જ તો કુદરતની કમાલ છે. હૃદય આશરે ૩૦૦ ગ્રામ વજનનું હોય છે. અન્ય અંગો જેવા જ સ્નાયુના બનેલા આપણા હૃદયને ત્રણ આવરણ હોય છે. અને એમાં કુલ ચાર ચેમ્બર કે (ખાના) હોય છે. આ ચારેય ખાના વચ્ચે સ્નાયુની જ દિવાલ હોય છે, પણ એમાં વાલ્વના રૂપમાં લોહીની અવર-જવર માટે રસ્તા પણ હોય છે.

શરીરના અબજો કોષોને કોઈ જાતની ખટપટ વગર લોહી પહોંચાડવાનું કામ ચાલુ રાખે છે, સિવાય કે આંખના પડદા (નેત્રપટલ કે કોર્નિયા). શરીરના વિવિધ અંગને લોહીની સાથે પ્રાણવાયુ અને પોષક તત્વો પણ હૃદય પહોંચાડે છે, તો લોહી પાછું આવતી વખતે એ અંગોમાંથી કાર્બન ડાયોક્સાઈડ અને બીજા નકામા પદાર્થ લેતું આવે છે. આપણા શરીરનો પંપ ગણાતો આ અવયવ કેટલો ઝડપી છે - હૃદયમાંથી લોહીને  ફેફસામાં જઈને પાછું આવતાં ૬ સેકંડ લાગે છે. મગજ સુધીની લોહીની આવ-જાનો સમય છે ૮ સેકંડ અને પગના તળિયેથી લોહીને પાછું આવતા લાગે છે ૧૬ સેકંડ. માનવગર્ભ ચાર સપ્તાહનો થાય ત્યારથી હૃદયના ધબકારા શરૂ થઈ જાય છે.

ધારો કે આપણા શરીરમાંથી હૃદય છુટ્ટું પડી જાય તો પણ એની પાસે ઓક્સીજનનો જથ્થો હોય ત્યાં સુધી હૃદય ધબકતું રહી શકે છે. એનું કારણ એ છે કે હૃદયમાં અતી હળવો વીજપ્રવાહ વહેતો હોય છે. હૃદયરોગ જીવનની હોડમાં આધુનીક યુગમાં ઉત્તરોત્તર વધી રહ્યો છે. દિલ અથવા હૃદયનો કારક


સૂર્ય છે, તેથી હૃદયરોગ માટે સૂર્યનો પાપપ્રભાવ જરૂરી છે પરંતુ એ યાદ રાખવું જોઈએ કે સૂર્ય પર રાહુ અથવા કેતુનો પ્રભાવ જરૂરી છે, કારણ કે હૃદયરોગ એક એવો રોગ છે જેમાં કષ્ટ અચાનક વગર કોઈ ચેતવણીએ આવી જાય છે. કુંડળીમાં કેતુની સ્થિતિ લગ્નમાં છે, ૯ મી દૃષ્ટિ પંચમભાવ જ્યાં મેષનો મંગળ છે, ત્યાં પોતાનો આક્રમક પ્રભાવ નાખી રહ્યો છે. પાંચમી દૃષ્ટિથી સિંહ રાશિ અને તેનો સ્વામી સૂર્ય પર પ્રભાવ નાખી રહ્યો છે. શનિની પણ દસમી દૃષ્ટિ છે તેથી રોગકારક શનિ પણ તેનો પ્રભાવ પાડશે આવી સ્થિતિમાં ૧) પાંચ નંબરની રાશિ કા.પુ.ની કુંડલીપ્રમાણે સિંહ ૨) પાંચ નંબરની રાશિનો સ્વામી સૂર્ય (કા.પુ.) 3) પાંચ નંબરનો ભાવ ૪) પાંચ નંબર ભાવનો સ્વામી મંગળ તેની આઠમી દૃષ્ટિ શનિ પર તે પોતાના કિરણો ભાગ્ય પર લઈ જાય છે. ચારેય કાળ પુરૂષના ગ્રહ હૃદયને દર્શાવવાવાળો અંગ આક્રમણકારી કેતુના અનિષ્ટ પ્રભાવમાં આવી ગયો આ જ કારણે H.T. નો રોગ થયો.




૧૯૯૦ થી ૨૦૧૫ વચ્ચેના વર્ષોમાં ભારતમાં હૃદય રોગના કિસ્સા ભયજનક રીતે વધ્યા છે. એનાથી બચવાનો સૌથી સારો અને સસ્તો ઉપાય છે દિલનું બરાબર જતન કરવાનું. જીવનમાં નિયમિતતા લાવશો તો સ્ટ્રેસ ઓછો થશે. B.P. કાબુમાં રહેશે અને પરિણામે હૃદય પણ સાબૂત રહેશે.

॥ અસ્તુ ॥

**ડો. હરિલાલ માલદે**
FRMP, GRMP, SBM·



જે હાથ પ્રાર્થના માટે જોડાઈ જાય છે એજ હાથ જો કોઈકની મદદ માટે કામ આવે તો એ મદદ પ્રાર્થનાતુલ્ય બની જાય છે.

# મંગળ-રાહુ ની યુતિ

કુંડળીમાં દરેક ગ્રહ પોતાના સ્વભાવ, તત્વ, સ્થાન, તેમજ કારકત્વ મુજબ મહત્વ ધરાવતા હોય છે અને તેની અસર જાતકના સ્વભાવ આચાર-વિચાર, વર્તન તેમજ તેના સામાજીક, શારિરીક, વ્યવહારિક, માનસિક, ધાર્મિક, આધ્યાત્મિક જીવન પર પડે છે. આ સાથે વિશોંતરી દશા અને ગોચર ગ્રહ સ્થિતિ જાતકના જીવનની રૂપરેખા નક્કી કરતા હોય છે. કુંડળી એટલે મુખ્યત્વે નવગ્રહોની નાવડી અને મનુષ્ય જીવન રૂપી સંસાર એ વિરાટ સાગર. જેમાં દરેક વ્યક્તિ અમીર કે ગરીબ, જ્ઞાની કે અજ્ઞાની, અભણ કે ભણેલ, બળવાન કે નિર્બળ, સાગરના મોજાઓમાં પોતાની નાવડીને પાર પાડવાના અથાગ પ્રયાસ કરે છે. જીવનની ચડતી પડતીનો સ્વાદ ચાખે છે. કુંડળીના ગ્રહ અભ્યાસ દ્વારા કુંડળીમાં ગ્રહ કેટલો બળવાન કે નિર્બળ છે - શુભ કે અશુભ છે તે જાણી જાતકના જીવન પર તેની અસર અંદાજી શકાય છે. દરેક ગ્રહ પોતાની ક્ષમતા અને કારકતત્વ મુજબ ફળ આપે છે. પરંતુ જ્યારે ગ્રહ બીજા ગ્રહના સંબંધમાં આવે છે યુતિ અથવા દ્રષ્ટિ દ્વારા ત્યારે તેના ફળ બદલાઈ જાય છે. અહીં આપણે આવી જ એક યુતિ મંગળ-રાહુ ની ચર્ચા કરીશું. કુંડળીમાં રાહુ-કેતુ કોઈ પણ સ્થાનમાં એકલા બેઠા હોય તો તે સ્થાન પ્રત્યે સાધારણ ફળ આપે છે. પરંતુ રાહુ-કેતુ જ્યારે બીજા ગ્રહ સાથે યુતિ કરે છે ત્યારે તે ગ્રહ પર હાવી થાય છે અને પોતાના સ્વભાવ મુજબ યુતિ ગ્રહને લગતા કારકતત્વ, સ્થાનફળ અને રાશિફળને નષ્ટ કરે છે, નુકસાન પહોંચાડે છે. મંગળ-રાહુ ની યુતી મંગળના સ્થાન ફળ, કારક ફળ તેમજ જે સ્થાનમાં યુતિ છે તે ભાવ ફળ બગાડે છે. ચાલો, જોઈએ આનું શું પરિણામ આવી શકે.

મંગળ સ્વભાવે જોશીલો, ઉત્સાહી, આક્રમક, સાહસી, નીડર, મહત્ત્વકાંક્ષી, ટીખળ, જીદી, મોફાટ, પરાક્રમી, દેશપ્રેમી, માતૃપ્રેમી, ક્રોધી, લડાયક, કામી, સત્યવાન, હુકમી, ઘાતકી, તમોગુણી, શોખીન (સત્તાનો), પોતાની વાત પર અડગ રહેનારો અને તે મુજબ કાર્યો પૂર્ણ કરનારો, ઉતાવળીયો, આવેશ-આવેગી, ઝઘડાળુ. જો જાતકની કુંડળીમાં મંગળ સ્વગૃહી, ઉચ્ચનો, મૂળ ત્રિકોણી, શુભ સ્થાન ક્ષેત્રી અને બળવાન હોય તો જાતક મંગળના શુભ સ્વભાવ તેમજ ગુણો ધરાવતો હોય છે. જેવા કે સત્યવાન, નીડર, પરાક્રમી, ચાલાક, મહત્ત્વકાંક્ષી, લડાયક, જોશીલો, દેશપ્રેમી, માતૃપ્રેમી, બીજાને સહાયક, સમાજની સેવા કરવાવાળો, દા.ત. ડોક્ટર, સૈનિક, વૈજ્ઞાનિક, પોલીસ અધિકારી હોય છે. જો મંગળ નીચનો, શત્રુપ્રેમી, અસ્તનો, અશુભ ગ્રહ ગ્રસ્ત હોય તો પોતાના મુખ્ય સ્વભાવથી વિપરીત ગુણો ધરાવે છે. જાતક ડરપોક, ઝઘડાળુ, જુઠો, છેતરામણી કરવાવાળો, આળસુ, અતિકામી, ઘાતકી, વ્યસની, ચીડચીડિયો, ચોરી-ભ્રષ્ટાચાર આચરનારો હોય છે. આ મંગળ શરીરમાં લોહી, તાવ, માંસપેશી, પાચક તત્વોનો કારક ગ્રહ છે. જે પિત્ત પ્રકૃતિ ધરાવે છે.ખડતલ શરીર, માથે ટાલ આ મંગળની અસર હેઠળ મળે છે. આ ઉપરાંત મંગળ મકાન-જમીન, મિલકત, ભાઈભાંડુ તેમજ કુંડળીના ૩ જા અને ૬ ઠ્ઠા ભાવનો કારક ગ્રહ છે. મંગળ અકસ્માત, શસ્ત્રઘાત, અથડાવું-પડવું, અગ્નિદાહની શક્યતાઓ રહે છે. તે નૈસર્ગિક પાપગ્રહ છે.


રાહુ મહારાજ કુંડળીમાં નિર્ણાયક ભૂમિકા ભજવતા હોય છે. તે સ્વભાવે ઉત્સાહી મહત્વાકાંક્ષી, રાજકારણમાં માહીર, સંશોધક, ભોગવિલાસી, ચાલાક, હોશિયાર, સ્ફૂર્તિલો (શુભ ગ્રહ સાથે), આળસુ (અશુભ ગ્રહની છાયા), સ્વચ્છંદી, સ્વાર્થી, અભિમાની, કપટી, ઝેરી, માયાવી, દંભી, ઈર્ષાળુ હોય છે. જો રાહુ શુભ ગ્રહ દ્રષ્ટ હોય તો તેના શુભ ગુણો ઉજાગર થાય છે અને જો તે અશુભ ગ્રહ દ્રષ્ટ હોય તો અશુભ ગુણોની અસર જાતક પામે છે. લગ્નેશ સાથે રાહુ નો સંબંધ જાતકની રાહુ ના સ્વભાવ મુજબ

વર્તવા મજબૂર કરે છે. કુંડળીમાં રાહુ જે સ્થાનમાં બેઠો છે તેના પ્રત્યે ફળ આપે છે. કુંડળીમાં રાહુ ૩, ૬, ૧૦ સ્થાને એકલો હોય તો સારૂ ફળ આપે છે. ૩ જો મહત્ત્વકાંક્ષી બનાવે, ૬ ઠ્ઠો શત્રુવિજય - રોગ માટે અશુભ-અસાધ્ય રોગ આપે છે. ૧૦ મે રાજકારણી, ખટપટી સ્વભાવને કારણે કાર્યમાં સફળતા અપાવે. પૃથ્વી તત્વમાં રાહુ આર્થિક સધ્ધરતા આપે પરંતુ છળકપટ, જુગાર, સટ્ટા, શેરબજાર તેમજ ટૂંકા રસ્તા દ્વારા ધનવાન બનવાની ઘેલછા આપે. રાહુને આપણે સર્પ કહ્યો છે. ઝેરી છે જે શરીરમાં સડો, અપંગતા, ખોડ ખાંપણ, અસાધ્ય રોગ આપે છે. રાહુના જાતકો આંધળુ સાહસ કરી, ગુનાહિત કાર્યો કરવા પ્રેરાય, વ્યસની, વિષયલાલસુ હોય છે. રાહુ જે ગ્રહ સાથે યુતિ કરે તેને લગતી શારિરીક તકલીફ-રોગ આપે છે. સૂર્ય+રાહુ - હાડકાનાં કેન્સર, અસાધ્ય રોગ, ઘસારો, સડો, હાર્ટ એટેક, ચંદ્ર + રાહુ - બ્લડ કેન્સર, માનસિક ગાંડપણ, મગજનું કેન્સર, લોહીનો બગાડ, શનિ + રાહુ - સ્નાયુ, હાડકાની તકલીફ, રોગો, કેન્સરની ગાંઠ, વાયુ તત્ત્વનો બગાડ, શુક્ર + રાહુ - વિકૃતિ, એડ્સ્ જેવા ગંભીર જાતીય રોગ, વ્યસન દ્વારા શારિરીક રોગ, ગુરૂ +રાહુ - જ્ઞાનનો દંભ, અહંકાર, દંભી ધાર્મિકતા, શરીરની ચરબી તેમજ કોલેસ્ટ્રોલની અવ્યવસ્થા દ્વારા થતા રોગો, બુધ + રાહુ - ભ્રામકતા, માનસિક રોગ, ગળાનું કેન્સર, મંગળ + રાહુ - લોહીનો બગાડ, હાઈબ્લડપ્રેશર, અકસ્માત, વાઢકાપ, જાતીય રોગ. રાહુ જ્યારે કોઈપણ ગ્રહ સાથે બેઠો હોય અથવા ૬ ઠ્ઠા કે ૧૨ મા ભાવે સ્થિત હોય તો ગંભીર રોગ આપે છે જે છેલ્લા તબક્કા સુધી છૂપો રહે અને છેવટે ખોડખાંપણ કે મૃત્યુ પરિણામે.

કોઈ પણ ગ્રહ સ્થિતિ માત્ર ને માત્ર દશા મુજબ તેમજ ગોચર સ્થિતિ મુજબ ફળ આપતો હોય છે તેથી ઉપર જણાવેલ ગ્રહોની અસરથી જાતકે ઘભરાવાની જરૂર નથી. પરંતુ સચેત રહેવાની જરૂર છે. ઘણી કુંડલીઓ એવી છે જેમાં ખરાબ ગ્રહ સ્થિતિ હોવા છતાં જાતકે પોતાનું જીવન સુખ-શાંતિ પૂર્ણ વગર દુખે વિતાવ્યું હોય જે તેના શુભ-ગ્રહોની દશાનો પ્રતાપ છે. જે જીવનને સમભાવે માણે છે તેજ આ સંસાર રૂપી સાગરને પાર કરે છે.


આવા જાતકો મકાન સુખ, જમીન સુખથી વંચિત અથવા તો કોર્ટકેસ કે કુટુંબ વિવાદમાં ફસાયા હોય છે. મંગળ + રાહુની યુતિ જે ભાવમાં થતી હોય તે ભાવની રાશિના અવયવો હેઠળ રોગ કે શારિરીક તકલીફો ઉભી થાય છે. મંગળ જે ભાવનો માલિક હોય તે ભાવનો કારક તત્ત્વોની ઉણપ, તકલીફો આપે છે. શરીરમાં લોહીનો બગાડ પાચન શક્તિમાં અવ્યવસ્થા ઉભી કરે છે. મંગળ + રાહુ ની યુતિ જાતકને અતિકામી-ભોગી બનાવે છે. ખૂબ જ આવેગી તેમજ જીદ્દી અને આક્રમક બનાવે છે. જાતક આવેગમાં આવી જોખમી તેમજ ગુનાહિત કાર્યો કરવા પ્રેરાય છે. શસ્ત્રઘાત, અકસ્માત, ઓપરેશન દ્વારા શારિરીક કષ્ટ ભોગવે છે. ભાઈભાંડુઓ કષ્ટમય જીવન પસાર કરતા હોય છે અથવા તો ભાઈભાંડુઓ દ્વારા દગો થતો હોય છે. જો શુભ ગ્રહ દૃષ્ટ હોય તો આવા જાતકો સમાજમાં પોતાના કાર્યો દ્વારા નામના મેળવે છે. તેઓ એક સારા યોદ્ધા, સંશોધક, વકીલ, જાસૂસ, સેનાપતિ, પોલીસ અધિકારી, પ્રોડક્શન મેનેજર, ફેક્ટરી મેનેજર, બની શકે છે. જો મંગળ + રાહુની યુતિ જળતત્ત્વમાં થતી હોય તો અશુભ અસરો છોડી તેની શુભતા પ્રાપ્ત થાય છે. આવા જાતકો ધૈર્યવાન, વિવેકી, સમાજ પ્રત્યે વફાદાર બને છે અને મંગળ-રાહુના મુળ સ્વભાવથી વિપરીત વલણ ધરાવતા હોય છે. જાતકના જીવનની ઘટનાઓ પર કુંડળીની ગ્રહ સ્થિતિ +વિંશોતરી દશા + ગોચર ગ્રહ સ્થિતિ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. મંગળ + રાહુની યુતિ વાળા જાતકો - રાહુ/કેતુ, મારકેશ, બાધેશ, ષષ્ટેશ-અષ્ટમેશ, લગ્નેશ કે દ્વાદેશની દશા અંતર દશા દરમ્યાન ગ્રહોની સ્થિતિ મુજબ ફળ ભોગવતા હોય છે. ચાલો, આવી જ એક કુંડળી પર ચર્ચા કરીએ...

પુરૂષ જાતકની કુંડળી-૧




આ એક પુરૂષ જાતકની કુંડળી છે. હાલમાં ઉંમર ૪૩ વર્ષની છે. આ કુંડળીમાં ચોથે મકર રાશિનો ઉચ્ચનો મંગળ સાથે રાહુ, લગ્નેશ શુક્ર શત્રુ રાશિમાં શત્રુ સાથે ચંદ્ર સપ્તમમાં લગ્નેશનો શત્રુ થઈ મારકેશ બને છે. મંગળ + રાહુ ની દ્રષ્ટિ લગ્નેશ શુક્ર પર જે જાતકને આવેગી બનાવે છે. મેષનો ચંદ્ર ગુસ્સાવાળો, જક્કી વલણવાળો બતાવે છે. ૧૯ વર્ષની ઉંમરે ખૂમારી અને જનુની રાહુની ભ્રામકતાને કારણે એક આકસ્મીક ઘટના બની અને તે કારણે પોતાનો જમણો પગ ગુમાવવો પડયો. મારકેશ ચંદ્રમાં લગ્નેશ શુક્રની અંતરદશા દરમ્યાન તોફાનમાં ગોળી વાગી. જાંઘમાં નસ ટૂટી ગઈ. ઓપરેશન કરવામાં આવ્યું અને નસ સાંધી. પરંતુ ૫ દિવસમાં પગના તળીયેથી સડો જે ગોળીના ઝેરને કારણે થયો હતો તે ઘુંટણ સુધી પહોંચી ગયો અને છેવટે ઘુંટણથી થોડા નીચેનો પગ કાપવો પડયો. આ મંગળ + રાહુની યુતિનું પરિણામ અપંગતામાં પરિણમ્યું અને આખી જીંદગી દુખ ભોગવવાનો વારો આવ્યો. આ મંગળ સપ્તમેશ લગ્નજીવનનો કારક હોવાથી લગ્નજીવનથી વંચિત તેમજ ધનેશ મંગળ હોવાથી ધનસુખથી વંચિત જીવનના કષ્ટો ભોગવવાને મજબૂર થવું પડયું. આ ઉપરાંત પિતૃઓની મિલકત પિતાએ કૌટુંબિક ઝઘડાને કારણે જતી કરી. માતાના ખટપટીયા, જીદ્દી સ્વભાવને કારણે ઘરમાં અશાંત વાતાવરણ. ચોથેથી સુખશાંતિ જોવાય છે જેના માટે જાતકે ખૂબ કષ્ટ ભોગવ્યા. અને હજી પોતાની ગાડી પાટા પર ચલાવવાના પ્રયત્નો કરી રહ્યો છે. ચંદ્ર પછી મંગળ અને રાહુની દશાઓએ તેને ઉપર આવવા દીધો નહી.

પુરૂષ જાતકની કુંડળી-૨




કુંડળી ૨ - પુરૂષ જાતકની મેષ લગ્નની કુંડળી લગ્નેશ મંગળ - પંચમ સ્થાનમાં સિંહ રાશિમાં રાહુ + ગુરૂ + શનિ સાથે વિપ્ર ચાંડાળ, ચાંડાળ, અંગારક, કંજૂસ યોગો બનાવે છે. આ ઉપરાંત પૂર્ણ કાલસર્પની કુંડળી. હાલ જાતકની ઉંમર ૩૫ વર્ષની છે. રાહુની દશા ૧૯૯૮ થી ૨૦૧૬ સુધી જૈન જાતકના જીવનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી કરી. લગ્નેશ મંગળ રાહુ અને શનિ સાથે હોવાથી જાતક સ્વભાવે ખટપટીયો, ચાલાક, હોશિયાર, જીદ્દી, ક્રોધી, ઝઘડાળુ, સ્વાર્થી તેમજ કપટી અને વ્યસની. કર્મેશ શનિ લગ્નેશ મંગળ અને રાહુ સાથે હોવાથી જાતક કંપનીના માલની ઉચાપતના આરોપ સર પોલીસ તપાસનો ભોગ બન્યો. આ સમય દરમ્યાન રાહુમાં શનિની અંતરદશા ચાલતી હતી. ગુરૂ મહારાજની કૃપાથી છુટકારો થયો. ભાગ્યેશ ગુરૂ લગ્નેશ મંગળ સાથે હોવાથી જાતક ધાર્મિક અને હનુમાનજીનો ભક્ત. ૨૦૦૯ માં રાહુ માં શુક્ર પંચમ સ્થાનમાં સ્થિત મંગળ + રાહુને આધિન જાતકે પ્રેમ લગ્ન કર્યા પર નાતની સ્ત્રી સાથે. ઝઘડાળુ/ઘાતકી સ્વભાવને કારણે પતિ-પત્નીના ઝઘડા થતા અને મારપીટની વાતો સમાજમાં ફેલાવા લાગી. માન-સન્માન ધોવાઈ ગયા. જાતકનો બાંધો પાતળો, સુકલકડી, મધ્યમ ઉંચાઈ પરંતુ સ્નાયુઓની નબળાઈ અને લોહીની ઉણપ શારિરીક કષ્ટ આપતુ હોય. જાતક વારેઘડીએ પેટમાં દુખાવાની ફરીયાદ કરતો અને આંતરડાનું ઓપરેશન પણ કરાવવું પડયું. રાહુની દશા દરમ્યાન જાતકને વિદેશ પ્રવાસના યોગ ઉભા થાય છે તેમ આ જાતક છેલ્લા બે વર્ષથી મુસ્લિમ દેશમાં નોકરી કરે છે. ભાગ્યેશ ગુરૂની દશામાં જાતકને સારા દેશમાં નોકરી કરવાની તક મળી શકે. અને તે નક્કી પોતાનું જીવન સુખમય, ધર્મ માર્ગે પસાર કરી શકશે.

સર્વે ભવન્તુ સુખિનઃ । સર્વે સન્તુ નિરામયા ॥
॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

- હીરેન ભાવસાર

ગૃહસ્થી એક તપોવન છે, જેમાં સંયમ, સેવા અને સહિષ્ણુતાની સાધના કરવી પડે.

# ॥ સનાતન ધર્મ ॥

ગ્રંથ સંયોજક - **હરિશંકર દેવશંકર આચાર્ય**

(આ ગ્રંથ અંદાજે ૧૦૦ ગ્રંથોનું સંયોજન છે)

**સનાતન ધર્મ નો અર્થ શું ?**

ધર્મ શબ્દ 'ધૃ' ધાતુ પરથી આવ્યો છે. ધૃ = ધારણ કરવું, રક્ષણ કરવું. માટે ધર્મ શબ્દનો અર્થ થાય જે બાબત મનુષ્યનું આખી જીંદગી રક્ષણ કરે અથવા મનુષ્યને આંખી જીંદગી ધારણ કરી રાખે તે. પુરાતન શાસ્ત્રોમાં ધર્મનું કોઈ નામ નથી. માટે જ આખા વિશ્વનો ધર્મ એક જ હોઈ, પરંતુ સમય જતા લોકોએ ધર્મને નામ આપ્યા. ઉદા. જૈન ધર્મ, ઈસ્લામ ધર્મ વગેરે. માટે પુરાતન સૃષ્ટિની શરૂઆતના વેદોમાં કહેલા ધર્મને સનાતન ધર્મ, વૈદિક ધર્મ નામ આપ્યા.

**વૈદિક ધર્મ નામ કેમ ?**

વેદોમાં આ ધર્મનું વર્ણન છે. વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માજી પ્રગટ થયા તેમણે મનુ અને તેની પત્ની શતરૂપા દ્વારા સૃષ્ટિની ઉત્પતિ કરી. પ્રજા ઉત્પન્ન કરવા કહ્યું અને પ્રજાનું સંચાલન સારી રીતે થાય તે માટે વેદો આપ્યા. વેદોમાં કહેલા કર્મો અને ધર્મનું પાલન પરંપરાથી થતું આવ્યું છે માટે તે ધર્મને વૈદિક ધર્મ કહ્યો.

**સનાતન ધર્મ નામ કેમ ?**

સનાતન શબ્દનો અર્થ થાય પુરાતન. જે પ્રાચિનતમ હોય અને કાયમ રહેવાવાળા છે. બીજો અર્થ - સન = સેવા, જે ધર્મ મનુષ્યની સેવા કરે તેને સનાતન ધર્મ કહે.

**સનાતન ધર્મ આપણી સેવા કેવી રીતે કરે છે ?**

આપણને સાચુ અને સારું જીવન જીવવાની માહિતી પૂરી પાડીને આપણી સેવા કરે છે.

સનાતન ધર્મ

- સામાન્ય ધર્મ
  - સ્કંધ-૧ - પ્રાથમિક બાબતો
  - સ્કંધ-૨ સદાચાર
    - ૩. નીતિ
    - ૪. આરોગ્ય
    - ૫. ખાનપાન
    - ૬. મરણની આગાહી
    - ૭,૮. યમ, વિશેષ યમ
    - ૯,૧૦,૧૧. નિયમ, વિશેષ નિયમ
    - ૧૨. દાન
- વિશેષ ધર્મ
  - ૧૩. વર્ણવિચાર
  - ૧૪. આશ્રમ ધર્મ
  - ૧૫. કર્મયજ્ઞ
  - ૧૬. ઉપાસનાયજ્ઞ
  - ૧૭. સર્વયોગ સમન્વય
  - ૧૮. જ્ઞાનયજ્ઞ
  - ૧૯. આપદ ધર્મ
  - ૨૦. પ્રાચીન, અર્વાચીન ભારત

શારીરિક, માનસિક, બૌદ્ધિક, આર્થિક અને અધ્યાત્મિક વિકાસનું સંપૂર્ણ જ્ઞાન સનાતન ધર્મમાં છે.

## સ્કંધ-૧ પ્રાથમિક બાબતો

મનુષ્યની સુખની દોટ અને મંગલાચરણ શ્લોકો:

**સામાન્ય રીતે મનુષ્યની દોટ શેના માટે હોય છે ?**

શાશ્વત સુખ માટે. માટે જ દરેક શાસ્ત્ર સુખની શોધના પાયા પર જ રચાયેલું હોય છે.

**સુખ વિશે આપણી માન્યતા શું છે ?**

સુખ ભોગમાં, ધનમાં, સ્વાસ્થ્યમાં, માનમાં જ છે. પરંતુ આ બધા ક્ષણિક સુખ આપે છે. આપણો ધ્યેય 'સુખી થવું છે' તે સાચું છે પરંતુ દિશા ખોટી છે. ચાહ સાચી છે. રાહ ખોટી છે. માટે આપણને શાશ્વત સુખ ક્યારેય મળતું નથી. આમ દિશા બદલવા માટે જ શાસ્ત્રની જરૂર પડે છે.

**તો આવા ક્ષણિક સુખનો ચેપ લાગ્યો ક્યાંથી?**

૧) વિદેશી (અંગ્રેજી માધ્યમની) શિક્ષાથી ૨) પરતંત્રતાથી (આપણે જેના ગુલામ હોઈએ તેનું અનુકરણ સહજતાથી કરીએ છીએ) ૩) વિધર્મીઓના અત્યાચારથી (મુસ્લીમ વગેરેના અત્યાચારથી પોતાનો ધર્મ છોડી દીધો અને તેઓનો ધર્મ બરાબર સમજાયો નહી) તેથી ભોગ વગેરેમાં પડી ગયા. ધર્મ, સંસ્કૃતિ, સભ્યતાના આપણા શ્રેષ્ઠ તત્વોને જોવા-વિચારવાની શક્તિ ગઈ.

**શાસ્ત્ર સાચા સુખ વિશે શું કહે છે ?**

ગીતા અધ્યાય ૩-૪૨

**ઈન્દ્રિયાણિ પરાણ્યાહુ: ઈન્દ્રિયેભ્ય પરં મનઃ**
**મનસસ્તુ પરા બુદ્ધિઃ યો બુધ્યેઃ પરતસ્તુ સઃ**

(સ્થુળ શરીર કરતા) ઈન્દ્રિયો શ્રેષ્ઠ, બળવાન, સૂક્ષ્મ છે. ઈન્દ્રિયો કરતા મન શ્રેષ્ઠ, મન કરતા બુદ્ધિ શ્રેષ્ઠ, બુદ્ધિ કરતા તો આત્મા શ્રેષ્ઠ છે. માટે શરીર કરતાં ઈન્દ્રિયો, ઈન્દ્રિયો કરતા મન, મન કરતા બુદ્ધિ, બુદ્ધિ કરતા આત્માનું સુખ શ્રેષ્ઠ અને સાચું છે.

પરંતુ આપણે તો આંધળો (અંગ્રેજ) આંધળા (સનાતન ધર્મના જ્ઞાન વિનાના) દોરે તેમ દોરાવા લાગ્યા. અમેરીકા, ફ્રાન્સના રીપોર્ટ જણાવે છે કે ત્યાંના લોકો શ્રીમંત પાર્ટીઓમાં પીરસાયેલા વિવિધ પદાર્થો પચાવવાની શક્તિ ગુમાવી બેઠા છે. ફળો ખાઈને ઉઠી જનારા વધ્યા છે. ૩૦% લોકોને રાત્રી નિદ્રાની તકલીફ અને ૭૦% લોકો મદિરા વગર ખોરાક પચાવી શકતા નથી. શું આપણે આવું બનવું છે?

ઘણા અનુમાનના આધાર પર જીવન ચલાવે છે જેથી જીવનની અવાસ્તવિકતા વધી જાય છે. કેટલાક લોકો પરિસ્થિતિને દુઃખોનું કારણ માનતા હોય છે પરંતુ પરિસ્થિતિનો સર્જક પણ માનવ જ છે. ઈન્દ્રિયો અને મનનો ગુલામ માનવ ભૌતિક સુખોની વધારેને વધારે લાલસા કરતો જાય છે. અને વધુને વધુ ગુલામ બનતો જાય છે. ધર્મ અને માનની પ્રાપ્તિ માટે ધર્મ નીતિ, સદાચાર, સત્ય અને ચારિત્રનો ભોગ અપાતો હોય છે. જેમ કોઈ ઘરનો માણસ રોગનો ભોગ બને તો ઘરના બધા જ રોગીની દવા કરવા લાગે છે તેમ સંસ્કારની દ્રષ્ટિથી તંદુરસ્ત, સાત્વિક વ્યક્તિઓએ આજની યુવા પેઢીના ભોગના રોગને દૂર કરવા સત્સંગની દવા કરવી જોઈએ.

**સાચા સુખ માટે જરૂરી :**

૧) સત્સંગ - શ્રવણ, મનન, જે દ્વારા મનુષ્ય જીવનનું રહસ્ય અને કર્તવ્ય ખબર પડે અને તે રસ્તે ચાલવાની હિંમત આવે.

૨) સુખ ત્યાગ અને સેવામાં છે. સનાતન ધર્મ આપણને સેવા કરવા કહે છે. આપણે સમાજની સેવા કરવાની છે. ત્યાગેનેસે અમૃતત્વમાનસું - ત્યાગથી અમરતા (સુખ) મળે છે.

**ધર્મએવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ**
**ત્યજેલો ધર્મ વિનાશ કરે છે, પાળેલો ધર્મ રક્ષણ કરે છે.**

૩) ગીતામાં સુખની વ્યાખ્યા આપી છે ૫-૨૩

**શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્શરીરવિમોક્ષણાત્**
**કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ**

જે મનુષ્ય, આ મનુષ્ય શરીરમાં, દેહનો નાશ થયા પહેલાં જ કામ-ક્રોધમાંથી ઉદ્‌ભવતા વેગને સહેવા સમર્થ બની જાય છે, એ જ માણસ યોગી છે, સુખી છે. વિદેશીઓ ગીતાની આ વાત સમજી ચુક્યા છે ત્યારે ભારતના ભોગભુખ્યા ભિક્ષુકો પડાપડી કરી રહ્યા છે. જો યુવાન વર્ગમાં શિષ્ટતા, વિનય, વિવેક, સાદાઈ નહીં હશે તો હજી સ્ફોટક પરિસ્થિતિ નિર્માણ થશે.

**ગ્રંથનો વિષય ?** નૈતિક, આધ્યાત્મિક ઉન્નતિ

**પ્રયોજન ?** કાયમની દુઃખની નિવૃત્તિ, પરમાનંદની પ્રાપ્તિ, ચિત્તની શુદ્ધિ, સ્થિરતા.

**અધિકારી ?** ધર્મજિજ્ઞાસુ

**સંબંધ ?** સાધક (જિજ્ઞાસુ) સાધ્ય (પરમાનંદની પ્રાપ્તિ) સંબંધ.

**- નિકુંજ શેઠ**

# શરીરમાં કુંડલિનીનું નિવાસ સ્થાન



# વાસ્તુશાસ્ત્રમાં પૂજાઘર (મંદિર)નું સ્થાન

દરેક ધર્મના અને દરેક સંપ્રદાયના લોકો માટે પૂજા, પ્રાર્થના, ધ્યાન, જપ, સ્તુતિનું મહત્વ છે. માટે જ દરેક ઘર, ઓફિસમાં એક મંદિર હોય છે. અને મંદિરમાં મૂર્તિ અથવા છબી સ્વરૂપે ઈશ્વરનું સ્થાપન હોય છે.

કોઈપણ વાસ્તુશાસ્ત્રના જાણકારને પૂછશો કે વાસ્તુમાં પૂજાઘર ક્યાં હોવું જોઈએ? અથવા પૂજાનું સ્થાન ક્યાં હોવું જોઈએ? તેમાં ક્યાં દેવી-દેવતાઓની ગોઠવણ ક્યાં કરવી? મૂર્તિ અથવા છબીની સંખ્યા, ઉંચાઈ વગેરે કેવાં હોવાં જાઈએ? આ વિષયમાં પ્રાચીન યુગમાં આપણં ઋષિમુનિઓએ ઘણુ બધું વિગતવાર કહ્યું છે. પરંતુ આજના યુગમાં હજુ પણ ઘણાં મનુષ્યો એનાથી અજાણ છે.

સામાન્ય રીતે વાસ્તુશાસ્ત્રમાં પૂજા સ્થાન અથવા મંદિર વાસ્તુના ઈશાન કોણમાં હોવું જોઈએ તેવો ઉલ્લેખ કર્યો છે. અને જો ઈશાન કોણમાં શક્ય ન હોય તો પૂર્વ કે ઉત્તર દિશાએ રાખી શકાય. પણ શા માટે પૂજાઘર ઈશાન કોણ, ઉત્તર કે પૂર્વ દિશામાં જ? બીજી કોઈ અન્ય દિશા કે કોણમાં નહિં? એવો પ્રશ્ન ઉદ્‌ભવવો સાહજીક છે. તેનો ઉત્તર સૂર્ય પૂર્વ દિશાનો સ્વામી છે. ઉગતા સૂર્યના કિરણોમાં અલ્ટ્રાવાયલેટ કિરણો છે. જે આપણને શક્તિ અને સ્ફૂર્તિ પ્રદાન કરે છે. આ વાત વિજ્ઞાને પણ સિદ્ધ કરેલ છે. સૂર્યના શુભ કિરણોનો મહત્તમ લાભ ઈશાન કોણ, પૂર્વ તથા ઉત્તર દિશાને મળતો હોવાથી આ દિશા પૂજા માટે શ્રેષ્ઠ માનવામાં આવી છે. બીજું કારણ એ પણ છે. ઈશાન કોણમાં ઈશ વાસ કરે છે. ત્યાંના દેવતા ઈશ એટલે કે ઈશ્વર પોતે જ છે.

સામાન્ય રીતે મંદિર હંમેશા લાકડાનું હોવું જોઈએ. આજના યુગમાં ફેશનની દૃષ્ટિએ લોકો આરસના, કાચના, એક્રેલીકના મંદિરો રાખતા હોય છે. જે વાસ્તુશાસ્ત્રની વિરૂદ્ધ છે. દિવાલ પર અથવા જમીન પર રાખી શકાય. પરંતુ તેના પણ નિયમો છે. જો મંદિર દિવાલ પર રાખવાનું હોય તો મંદિરની નીચે એક બેઝ (આધાર) આપવો જરૂરી છે. એટલે કે લાકડાંનો સેલ્ફ દીવાલમાં જડવો અને ત્યારબાદ જ મંદિરને તે સેલ્ફ પર રાખવું પણ દીવાલ પર અધ્ધર ખીલી પર ટાંગવું નહિ. અને જો જમીન પર મંદિર હોય તો પણ જમીનને અડકાનીને ન રાખવું તેને પણ નીચે પાયા આપીને મંદિરને રાખવું. મંદિર ચાહે દીવાલ કે જમીન પર હોય પણ ઈશ્વરની પૂજા આસન પર બેસીને જ કરવી.

વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ પૂજાઘરમાં મૂર્તિ અથવા છબીની ગોઠવણી ક્યાં અને કેવી રીતે કરવી તેના પણ નિયમો છે. મૂર્તિ અથવા છબીની ઉંચાઈ ૧ આંગળના પ્રમાણથી ૧૧ આંગળ સુધીની અથવા તો ૧ મુઠ્ઠીની રાખી શકાય છે. તેથી વધારે ઉંચાઈની મૂર્તિ કે છબી ઘરની પૂજામાં દોષકારક છે. આવી મૂર્તિઓની સ્થાપના જાહેર દેવાલયમાં કરી શકાય.

પૂજાઘરમાં એક જ દેવી-દેવતાની મૂર્તિ અથવા છબી એક કરતાં વધુ સંખ્યામાં ન રખાય. મંદિરમાં શિવલિંગની ગોઠવણ એ રીતે કરવી કે શિવલિંગની જલધારા જે શિવલિંગ પરથી બહારની તરફ જાય તે હંમેશા ઉત્તર દિશા તરફ જ રાખવી. ગણેશજીનું સ્થાપન મંદિરની ઉત્તર દિશા તરફ રાખવું મંદિરની દેવી-દેવતાની ગોઠવણ એવી રીતે કરવી કે દૃષ્ટિભેદ ન થાય. જો મંદિર નાનું હોય અને દેવી-દેવતાઓની સંખ્યા વધુ હોય તો મંદિરમાં સ્ટેપ આપીને દેવી-દેવતાઓની ગોઠવણી કરવી. આપણાં પોતાના કુળદેવી અથવા કુળદેવતાને મંદિરની અંદર નહિ પરંતુ મંદિરની બાજુમાં પાટલા પર આસન રાખીને સ્થાન આપવું. મંદિરની અંદર મૃત વ્યક્તિઓના ફોટા ક્યારેય ન રાખવો મંદિરની ઉપર ત્રિકોણાકાર ઘુમ્મટ અથવા કમાનાકાર કાર્વીંગ  કરાવવું પરંતુ ગોળાકાર ઘુમ્મટ ન કરાવવો. મંદિરના ટોપ ઉપર ક્યારેય કોઈપણ વસ્તુ અથવા સામાન (જેવો કે ભગવાનના પુસ્તકો, પૂજા-પાઠનો સામાન, દીવબત્તીનો ડબ્બો) ન રાખવો તે હંમેશા મંદિરની નીચે ખાનું બનાવીને રાખી શકાય.

પૂજાઘરમાં અથવા ઘરના કે ઓફિસના મંદિરમાં મૂર્તિ અથવા છબી કેવી હોવી જોઈએ? તેના પણ નિયમો છે. મૂર્તિ અથવા છબી હંમેશા સૌમ્ય અને સુખદ અનુભૂતિ કરાવનારી હોવી જોઈએ. પૂજાની મૂર્તિમાં અથવા છબીમાં દોષ હોય તો પૂજા કરનારને કષ્ટ થાય છે. વાસ્તુશાસ્ત્રમાં તેનું વર્ણન ઘણાં પુસ્તકોમાં વર્ણવેલું છે. જો આપના પૂજાઘરમાં દેવી-દેવતાની પ્રતિમા ખંડિત હોય તો તેની પૂજા ન કરતાં તેનું વહેતાં પાણીમાં વિસર્જન કરી દેવું.

પૂજારૂમ તરીકે જો કોઈ અન્ય રૂમ ફાળવી શકાય તેમ ને હોય તો બેઠકખંડમાં ઈશાન ખૂણામાં રાખી શકાય. શયનકક્ષમાં ક્યારેય પૂજા રાખવી નહિ અને જો અનિવાર્ય હોય તો ત્યાં પાર્ટીશન રાખવું જરૂરી છે.

પૂજા કરતી વખતે પૂજા કરનારનું મુખ પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ રહે તેમ પૂજા માટે બેસવું. ઈશાન, પૂર્વ કે ઉત્તર દિશામાં પૂજા સ્થાન હોય તો પૂજક પરમાત્મા સાથે એકરૂપતા સાધી શકે છે. અને મનને શાંતિ અને શીતળતાની અનુભૂતિ કરાવે છે. માટે આ દિશા દોષરહિત હોવી જોઈએ.

- જયશ્રી ગદાણી



# વાસ્તુશાસ્ત્ર

ભારતની પ્રાચીન ભાતીગળ સંસ્કૃતિનું અમૂલ્ય નજરાણું એટલેજ વાસ્તુશાસ્ત્ર. વાસ્તુ = એટલે જ વસ + તુ. આ શબ્દનો અર્થ છે (નિવાસ કરવો) વાસ કરવો (રહેવું).

ભારત દેશ વાસ્તુશાસ્ત્રનું ઉદ્‌ભવ સ્થાન છે. પ્રાચીન કાળમાં વાસ્તુશાસ્ત્ર અનુસાર જ મંદિરો, ભવન, રાજમહેલો, કિલ્લા, તળાવ, સાર્વજનિક સ્થળો, રાજમાર્ગો, નગર-ગામ ઈત્યાદિનું આયોજન થતું હતું. સંસ્કૃતિની શરૂઆતથી જ માનવે પ્રકૃતિ સાથેનો સંબંધ જાળવી રાખેલ હતો. શહેરો અને ઉધોગો વિકસાવવા જગ્યા ઓછી પડી જેને કારણે બહુમાળી મકાનો વધ્યા. જગ્યાની સંકડાશને કારણે ઘર-નિવાસ સ્થાન બનાવતી વખતે પ્રકૃતિ સાથે સંતુલન જાળવી રાખનાર વાસ્તુશાસ્ત્રના નિયમો ધ્યાનમાં રાખ્યા નથી.

પૌરાણિક ચારેય વેદોમાં પણ વાસ્તુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં અથર્વવેદમાં સૌથી વધારે ઉલ્લેખ જોવા મળે છે.

બ્રહ્મા, નારદ, બૃહસ્પતિ, ભૃગુ, વિશ્વકર્મા, મય, અત્રિ, ગર્ગ, કુમાર, નાંદિશ, નગ્નજીત, વિશાલક્ષા, પુરંદર, સૌનક, વાસુદેવ, અનિરુદ્ધ અને શુક્ર આમ અઢાર સ્મરણીય ઋષિમુનિઓ પ્રાચીન વાસ્તુશાસ્ત્રના પ્રણેતાઓ આર્ષદ્રષ્ટા અને પ્રસારકોના આપણે સૌ ઋણી છીએ.

મનુ, પરાશર, કાશ્યપ, પ્રલ્હદ, અગસ્ત્ય, માર્કન્ડેય ઋષિમુનિઓએ પરાશરને વાસ્તુશાસ્ત્રનું જ્ઞાન આપેલ. પરાશરે બૃહદરથને અને બૃહદરથે વિશ્વકર્માને વાસ્તુશાસ્ત્રનું જ્ઞાન આપેલ. જેનો ઉલ્લેખ દીપાર્ણવ ગ્રંથમાં અને બૃહદ સંહિતામાં વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ છે.

વ્યક્તિના ઘડતરમાં અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ, આકાશ આ પંચમહાભૂતનું મહત્વ રહેલું છે.

પૌરાણિક પરંપરા અનુસાર દેવોના પ્રથમ સ્થપતિ (આર્કીટેકટ) વિશ્વકર્મા હતાં. વાસ્તુપુરૂષનો ઉદ્‌ભવ રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલ શંકરના પરસેવાનું બિંદુ પૃથ્વી પર પડ્યું અને તેમાંથી એક વિકરાળ પ્રાણી ઉત્પન્ન થયું. જે બ્રહ્માજીના આશિર્વાદથી ઘરની શાંતિ માટે આ વાસ્તુપુરૂષની પૂજાની શરૂઆત કરી અને વાસ્તુપુરૂષને વરદાન આપ્યું કે તેની પૂજા ન કરનારા વાસ્તુનો ભક્ષ્ય બનશે. વાસ્તુશાસ્ત્ર કેવળ આકાર - રેખા - દિશા - પંચમહાભૂત - તત્વો - પ્રકૃતિનું જ શાસ્ત્ર નથી પરંતુ સાથોસાથ શ્રદ્ધાનો વિષય છે.

વાસ્તુમાં જ્યોમેટ્રી ઉપરાંત જીઓમેગ્નેટીક, ફિલોસોફિકલ, મેટાફિઝીકલ બાબતોને ધ્યાનમાં લેવાય છે. વરાહમિહીરે ઈ.સ. ૬૫૦ આસપાસ વરાહસંહિતા નું સર્જન કરેલ છે. તેમાં વિશ્વકર્મા, મય, ગર્ગ, મનુ ઈત્યાદિના વાસ્તુનાં સિદ્ધાંતોની માહિતીઓ આપેલી છે.

વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો, નિયમો અને માર્ગદર્શન તર્કબદ્ધ, વૈજ્ઞાનિક તથા કુદરત અને માનવજીવન સાથે મન-મેળાપ કરાવતા હોવાથી તે અતિ ઉપયોગી હોવાનું જાણવા મળેલ છે. વાસ્તુશાસ્ત્રમાં જ્યોતિષશાસ્ત્રનો પણ ઉપયોગ થાય છે.

યોગ્ય જમીનમાં, દિશાઓનું તથા ખૂણાઓનું મહત્વ સમજી, અક્ષાંશ-રેખાંશની ગણતરી અનુસાર થયેલા વાસ્તુમાં રહેતી વ્યક્તિને શુભ ફળ સાંપડે છે. વ્યક્તિને તે ભૂમિ-જમીન ફળે છે. તેના શરીરમાં ઉત્સાહ, ઉમંગ રહે છે. તંદુરસ્તી જળવાઈ રહે છે. જીવનમાં સુખ-શાંતી મેળવીને સફળતા હાંસલ કરે છે. પરંતુ જો બાંધકામ વાસ્તુશાસ્ત્ર અનુસાર (પ્રમાણે) ન થયું હોય તો વ્યક્તિને અને તેના પરિવારને નિષ્ફળતા, અશાંતિ, આર્થિક મુશ્કેલીઓ, દુઃખ કે જાનહાનિ ઈત્યાદિનો સામનો કરવો પડે છે.

બાંધકામ શુરૂ કરતાં પહેલાં જમીન-ધરતી (વસુંધરા)ની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે. વાસ્તુશાસ્ત્ર આપણું પરંપરાગત વૈદિક વિજ્ઞાન છે. ભારતમાં મંદિરો વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો અનુસાર જ બંધાયેલા છે. મિનાક્ષી મંદિર, તિરુપતિ બાલાજી મંદિર, કોણાર્કનું સૂર્યમંદિર, સોમનાથ (વેરાવળ)માં મહાદેવનું મંદિર, અજંતા-ઈલોરાની ગુંફાઓ વગેરેમાં તેનું બરાબર પાલન કરવામાં આવેલ છે.

સુવ્યવસ્થિત વાસ્તુશાસ્ત્રનું પાલન કર્યાથી કુટુંબ પરિવારમાં ઉત્તમ સંસ્કાર, લક્ષ્મીનો વાસ, શુભ પ્રવૃત્તિઓ, સાત્વિક વિચારસરણી, અનેક પ્રકારનાં સુખો, શાંતિ, પ્રગતિ ઈત્યાદિ દ્રશ્યે પડે છે.

જીવનમાં સુખ, આધ્યાત્મિક ઉન્નતિ, શાંતિ, સુખ સમૃદ્ધિ, સફળતા મેળવવા વાસ્તુશાસ્ત્રને વૈજ્ઞાનિક રીતે મુલવવાં આવેલ છે.


પદ્મપુરાણ - વસિષ્ઠ પુરાણમાં અષ્ટવસુને પાંચમુખ તથા દશ હાથવાળા કહ્યા છે. મનુએ લોહકર્મ કરનાર (લુહાર), મયને કષ્ટકર્મ કરનાર (સુતાર), ત્વષ્ટાને તામ્રકર્મ (કંસારા), ઉર્ધ્વમુખે પત્થરનું કામ કરનારા-પાષાણ કાર્ય કરનારા (શિલ્પકાર), શિલ્પી તથા તક્ષક દ્વૈદીને સોનાચાંદીનું કામ કરનાર (સોની) - એવા પાંચ પુત્રો થયાનો ઉલ્લેખ છે. આ વર્ણન સ્કંદ પુરાણમાં આપેલ છે. હુન્નરકળાના આચાર્ય વિશ્વકર્માના જય, વિજય, સિધ્ધાર્થ અને અપરાર્જિત એમ ચાર માનસપુત્રોને જ્ઞાન આપેલ. તેની વિગતો ''અપરાર્જિત પૃચ્છા''માં આપેલ છે. જયશિલ્પમાં સ્થાપત્યનું વિસ્તૃત વર્ણન, લિંગપીઠ, પ્રતિમા, ભવનો, રાજગૃહો, મંદિરો, જળાશય, નગર, દુર્ગ, પ્રતોલી, ગોપુર ઈત્યાદિ વિષયોની રચના આપેલ છે.

તૈતરીય સંહિતામાં - યજુર્વેદમાં વિષ્ણુને બદલે દક્ષિણમાં યમને મૂકવામાં આવેલ છે. જ્યારે મનુસ્મૃતિમાં આઠ લોકપાલ દેવતામાં ચંદ્ર (સોમ), અગ્નિ, સૂર્ય (અર્ક), વાયુ (અનિલ), ઈન્દ્ર, કુબેર (ધનપતિ), વરુણ અને યમનો ઉલ્લેખ છે. આમ આઠેય દિશા પર ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈઋતી, વરુણ, વાયુ, કુબેર, ઈશ અમલ કરે છે. રામાયણ તથા મહાભારતમાં પણ દિશાઓ પર અંમલ કરતા દેવતાઓનો ઉલ્લેખ છે.

વાસ્તુશાસ્ત્ર એ જ્યોતિષશાસ્ત્રનું અવિભાજ્ય અંગ છે.

॥ શુભમ ભવતું ॥

સંકલન - **ચૈતાલી પરમાર**



**મુલાધાર ચક્ર**



**સ્વાધિષ્ઠાન ચક્ર**



**મણિપુર ચક્ર**

## લગ્નજીવન વિષે કેટલીક વિચારણા - મંગળ ઘાટડીએ કે પાઘડીએ?

મંગળ એટલે કલ્યાણ... શુભ. ધર્મ, સુખ, સંતોષ, આનંદ વગેરેનો સમન્વય હોય એવી પરમ ઉલ્લાસની સ્થિતિ. છતાં 'મંગળ'નું જેને નામ આપવામાં આવ્યું છે તે મંગળ ગ્રહને સામાન્ય રીતે અમંગળ ગણવાની લોકવૃત્તિ રૂઢ થયેલી છે. ખાસ કરીને વર-વધુની બાબતમાં મંગળના નામથી સૌ ભડકે છે, સૌને ભડકાવવામાં આવે છે. એવા મંગળના ભયના કારણે કેટલાય સુયોગ્ય જોડાનો મેળ થતો અટકી જાય છે. કેટલીય કન્યાઓના મા-બાપ ચિંતાગ્રસ્ત થાય છે. મંગળ અંગેનો આ ભય વ્યાજબી છે કે કાલ્પનિક છે? આવા પ્રશ્નો સંબંધમાં થોડીક વિચારણા કરીએ.

મંગળ એ અગ્નિતત્વ, લડાયક, તમોગુણી, ક્રૂર, ચંચળ, ઉદાર, પિત્તપ્રકૃતિ, ક્રોધી અને તીખો ગ્રહ છે. સૂર્યની સાથે તે પણ ગ્રીષ્મઋતુનો અધિષ્ઠાતા છે. મંગળના આ સામાન્ય ગુણધર્મો છે. પરંતુ એની ખાસ વિશેષતા એ છે કે તે અગ્નિતત્વ અને સાહસવૃત્તિનો કારક છે. વિશ્વમંડળના અધિષ્ઠાતા સૂર્યમાંથી પ્રગટતા આંદોલનો ઝીલીને સૌ ગ્રહો પોતપોતાના ગુણધર્મ પ્રમાણે તેનું રુપાંતર કરીને પૃથ્વી ઉપર મોકલે છે અને એ રીતે માનવ ઉપર તેની અસર થાય છે. આ સમુદાયમાં મંગળ શક્તિદાતા છે તેથી લડાયક, યુવાન, સેનાપતિ વગેરે છે. ટૂંકમાં શક્તિથી થનગનતા માનવીના જે ગુણદોષો હોય તે બધા મંગળમાં એકત્ર થયેલા છે. સૂર્ય એ આત્મા અને ચંદ્ર એટલે મન તેવી જ રીતે મંગળ એટલે શારિરીક બળ, જોમ, જુસ્સો. માનવીની માનસિક પ્રકૃતિની પ્રેરક ગણાતી શારિરીક પ્રકૃતિનો કારક મંગળ છે.

ચંદ્ર એટલે રજ, મંગળ એટલે પિત્ત, એ બન્નેનો સંયોગ સ્ત્રીને માસિક ધર્મ આપે. મંગળ વિના માસિક ધર્મ સંભવે નહી, સંતાનો થાય નહી. એટલે સ્ત્રીને સ્ત્રીત્વ આપનાર, બાળાને યૌવનમાં લાવનાર મંગળ છે. એજ રીતે શુક્ર દ્વારા પુરૂષને પુરૂષત્વ આપનાર પણ મંગળ છે. તેથી જ જ્યોતિષશાસ્ત્રના સંશોધકોએ સ્વીકાર્યું છે કે સારી કે ખરાબ મંગળની અસર તો કુંડલીમાં હોવી જરૂરી છે. એ વિનાનો માનવી વ્યક્તિત્વ વિહોણો, ચિંથરા જેવો નીવડે છે.

આ થઈ મંગળની એક બાજુ, એવી જ બીજી મહત્વની બાબત મંગળના અગ્નિ અને લોહતત્વના સમન્વયની છે. શક્તિ - લોખંડ-લોહી ત્રણેના કેવા અને કેટલા પ્રકારના સુમેળ-કુમેળ થઈ શકે તે પણ વિચારીએ. એક તરફ મંગળના પ્રભાવવાળા સ્ત્રી-પુરૂષો, સેનાપતિઓ, યાંત્રિકો, સર્જન, ડૉક્ટરો, સાહસવીરો, દાનવીરો વગેરે પોતાની કામગીરી દ્વારા જગત માટે ઉપકારક થતા હોય છે. ત્યારે બીજી તરફ ચોર, ખૂની, લૂંટારા, વિષયના કીડા તેમના પાપકૃત્યોથી સમાજને દૂષિત કરતા હોય છે. એ બધામાં સારો કે ખરાબ મંગળ મહત્વનો ભાગ ભજવે છે. સારો મંગળ સંસારમાં રોનક લાવે છે. અને વ્યભિચારની ગંદકી પણ તેની બુરાઈમાંથી સર્જાય છે.

ભોગ અને વાસના ઉપર નિર્ભર રહેલા સંસાર માટે મંગળની અસર આટલી બધી મહત્વની શા માટે ગણવામાં આવી છે. તેનો નિર્દેશ ઉપરના ટૂંકા વિવેચન ઉપરથી સહેજે મળી રહે છે. એટલે જ વર-કન્યાનું મેળાપક જોતી વખતે કુંડલીમાં મંગળના સ્થાનને મહત્વનું ગણવામાં આવ્યું છે. કાળક્રમે મંગળના મહત્વ પાછળના કારણો, તેને લગતી વિચારસરણી, એ બધું બાજુ પર રહ્યું બલકે ભૂલાવા લાગ્યું અને માત્ર એના અનિષ્ટનું વિકરાળ સ્વરૂપ નજર સમક્ષ રહી ગયું. વર-વધૂના લગ્ન આગળ મંગળનો પડછાયો માત્ર દેખાય તો એ વાત પડતી મુકવામાં આવે છે. પછી કુંડળીઓમાંના બીજા યોગો ગમે તેટલા ઉંચા પ્રકારના હોય, મેળાપકના દોકડા ભલે ૯૦% મળતા હોય છતા તરત યાદ આવે કે જેની કુંડલીમાં લગ્નમાં-બારમા-ચોથા-સાતમા કે આઠમાં સ્થાનમાં મંગળ હોય તો તેવી કન્યા પતિનો વિનાશ કરે છે અને એવો પતિ સ્ત્રીનો વિનાશ કરે છે.

આ વાત બરાબર નથી, બુદ્ધિગમ્ય નથી, જ્યોતિષના સિદ્ધાંતો સાથે સુસંગત નથી. સ્ત્રીની કુંડલીમાંનો મંગળ પતિનું અથવા પતિની કુંડલીમાંનો મંગળ સ્ત્રીનું મરણ નિપજાવે છે એવી સરિયામ માન્યતા સાચી નથી. મરણનો નિર્ણય દરેક વ્યક્તિગત કુંડલીમાંના ગ્રહયોગો ઉપરથી જ કરવાનો રહે છે. વૈધવ્ય યોગ માત્ર મંગળ દ્વારા જ સર્જાતો નથી.

'મંગળ ઘાટડીએ કે પાઘડીએ' રહેવા છતા યોગકારક પણ બને છે. એટલું જ નહીં પણ કોઈ કુંડલીમાં મંગળ ખરેખર અનિષ્ટ હોય ત્યારે પણ તેના ઉપરની અન્ય શુભગ્રહોની દ્રષ્ટિ અને અન્ય ગ્રહોના વિવિધ પ્રકારના સ્વતંત્ર યોગો આવા અનિષ્ટનું નિવારણ કરનારા નિવડતાં હોય છે.

દોકડા સારા પ્રમાણમાં મળતા હોય, મંગળનો દોષ ન હોય તો પણ કુંડલીઓમાંના અન્ય યોગો અને ગ્રહોનો પરસ્પર સંબંધોનો વિચાર કરવો જ જોઈએ.

અત્યારના વિજ્ઞાન યુગમાં જે પ્રકારનું ઝડપી જીવન આપણે જીવી રહ્યા છીએ તેનું મુલ્યાંકન હજારો વર્ષ પહેલાની સમાજ રચના અંગે નિશ્ચત થયેલા સિદ્ધાંતોના આધારે કાઢી શકાય નહી આજની સમાજ રચના, તેમાં સ્ત્રી-પુરૂષોની પરિસ્થિતી વગેરે લક્ષમાં લઈને ભૂતકાળના સિદ્ધાંતોનો વર્તમાન સાથે સુમેળ સાધવો જોઈએ.

લાંબા કે ટૂંકા સંસારમાં એક રાગ, એક રંગ, પરસ્પરનો સુમેળ જળવાય એવા ગ્રહયોગો ઉપર જ સવિશેષ લક્ષ આપીને વર-કન્યાનું મેળાપક વિચારવું જોઈએ.

હરિ ૐ

**- પ્રદિપ વાસુદેવ જોષી**

## નીચે જણાવેલ યોગો હોય તો મંગળદોષ લાગતો નથી :

૧) જન્મકુંડળીમાં ૧ લા સ્થાને મેષ રાશિનો, ૪થા સ્થાને વૃશ્ચિક રાશિનો, ૭મા સ્થાનમાં મકર કે મીન રાશિનો, ૮મે કર્ક કે કુંભ રાશિનો અને ૧૨ મા સ્થાને ધન રાશિનો મંગળ હોય તો મંગળદોષ લાગતો નથી.

૨) અસ્તનો, વક્રીનો અને નીચનો મંગળ હોય તો મંગળદોષ રહેતો નથી.

૩) જો જન્મકુંડળીમાં ગુરૂ-મંગળ સાથે, ચંદ્ર મંગળ સાથે કે રાહુ-મંગળ સાથે, બુધ-મંગળ સાથે હોય તો મંગળદોષ લાગતો નથી.

૪) મિથુન, કર્ક કે કન્યા રાશિનો મંગળ ૧લા, ૪થા, ૭મા, ૮મા કે ૧૨મા સ્થાને હોય તો પણ મંગળદોષ લાગતો નથી.

૫) સિંહ કે કર્ક લગ્ને મંગળ કેન્દ્ર અને ત્રિકોણ અધિપતિ તરીકે રાજયોગ કરતો હોવાથી મંગળ દોષકારક બનતો નથી.

૬) મંગળ પર ગુરૂની કે બુધની દૃષ્ટિ પડતી હોય તો પણ મંગળ દોષ રહેતો નથી.

૭) ધન રાશિનો કે ગુરૂના ઘરનો ૮મા સ્થાને હોય તો પણ મંગળ દોષકર્તા નથી.

૮) મિથુન-કન્યા રાશિનો મંગળ ૧૨મા સ્થાને હોય તો પણ દોષકર્તા નથી.

૯) કર્ક-મકર રાશિનો મંગળ સાતમાં સ્થાનમાં હોય તો પણ મંગળદોષ લાગતો નથી.

# હસ્તરેખા શાસ્ત્ર

માનવીના જીવનની શરૂઆતથી જ મનુષ્ય પોતાના ભવિષ્ય વિશે કુતુહલ સેવતો આવ્યો છે. જેમાં સૌથી હાથવગુ સાધન જો કોઈ હોય તો તે માનવીનો પોતાનો જ હાથ અને તેમાં રહેલી રેખાઓ જે દરેકે દરેક માનવને કુતુહલ જગાડે છે અને જેઓ આ શાસ્ત્રના જાણકાર હોય છે તેમને પોતાનો હાથ બતાડવા દરેક જણ તત્પર હોય છે.

આપણા જ્યોતિષ શાસ્ત્રની ઘણી બધી શાખાઓ છે જેના દ્વારા આપણે ભવિષ્ય જાણી શકીએ છીએ. તે બધામાંથી જ હસ્તરેખા એક શાખા છે. જેના યોગ્ય અભ્યાસ દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાનું તથા બીજાનું ભવિષ્ય જોઈ શકે છે અને તેને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે. આપણા શાસ્ત્રોમાં પણ સવારે ઉઠીને તરતજ આપણો પોતાનો હાથ જોવાનું કહ્યું છે.

આપણા હાથની રેખાઓ સમયાંતરે બદલાતી હોય છે. જે અભ્યાસ દ્વારા કળી શકાય છે. હસ્તરેખાના અભ્યાસુઓએ નાના છોકરા-છોકરીઓના એટલે કે ૧૨ વર્ષથી નીચેનાના હાથ જોવા નહી. કારણ ઉંમરના શરૂઆતના તબક્કામાં તેમની ઉપર માતાનો પ્રભાવ પછી પિતાનો પ્રભાવ વિશેષ જોવા મળે છે અને ૧૨ વર્ષની પછી જ તેમનો યોગ્ય વિકાસ જોવા મળે છે.

**હાથ જમણો જોવો કે ડાબો ?**

શાસ્ત્રમાં કહ્યું છે કે પુરૂષનો જમણો અને સ્ત્રીઓનો ડાબો હાથ જોવો. પરંતુ ઘણા વિદ્વાનો એમ પણ કહે છે કે જે હાથ વધારે ઉપયોગમાં એટલે કે કર્મનો હાથ જમણોરી વ્યક્તિનો જમણો હાથ અને ડાબોડી વ્યક્તિનો ડાબો હાથ જોવો જોઈએ. હસ્તરેખાનું ફળકથન બન્ને હાથની રેખાઓને ધ્યાનમાં રાખી કરવું જોઈએ કારણ એક હાથમાં રહેલું અશુભ ચિન્હ કે અશુભ બનાવ બતાડતી રેખા બીજા હાથમાં ન હોય કે ન બતાડતી હોય ત્યારે તે બનાવનું અશુભત્વ ઓછું થતું હોય છે.

**હાથ જોતી વખતે ધ્યાનમાં રાખવી જેવી બાબતો :**

હાથનો આકાર તેમાં આંગળીઓના પ્રકાર, અંગુઠો, હાથમાં રહેલા પર્વતો, તેમાં રહેલી મુખ્ય રેખાઓ ને આયુષ્ય રેખા, મસ્તક રેખા અને હૃદય રેખા, સંતાન રેખા, અને બીજી રેખાઓ, સ્વાસ્થ્ય રેખા, ભાગ્ય રેખા, વિવાહ રેખા, મંગળ રેખા, શની રેખા, સૂર્ય રેખા, તેઓની લંબાઈ અને ઉંડાઈ દ્વારા અને ચિન્હો જેમકે ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળ, શનિ, તારાચિન્હ, જાળુ વગેરે જેના અભ્યાસ દ્વારા આપણે માનવીનું મન, તેની વર્તણુક, આર્થિક સ્થિતી, અકસ્માત બનનારી ઘટનાઓ, જીવનસાથી વીશે, સંતાન વિશે, ઈત્યાદીનું ફળકથન થઈ શકે છે.

આ શાસ્ત્રનો અભ્યાસ દરેકે દરેક અભ્યાસુઓએ કરવો જોઈએ. હસ્તરેખાના અભ્યાસ દ્વારા ઘણુજ ઉપયોગી માર્ગદર્શન દરેક વ્યક્તિ મેળવી શકે છે. જેમકે લગ્ન ઈચ્છુક વ્યક્તિ તેના સામેના પાત્રનો હાથ જોઈને તેની ઈચ્છાઓ, વર્તણુક અને આર્થિક પરિસ્થિતિ ઉપરાંત તેનું આયુષ્ય અને તેનું મન કળી શકે છે. તેના જીવનમાં આવનારા દુઃખદ કે સુખદ બનાવ વિશે જાણી શકે છે. આજ પ્રમાણે વ્યાપારમાં અને ધંધામાં પણ આસપાસના માણસોના હાથના અભ્યાસ દ્વારા તેમની વિશે જાણી શકાય છે.

હસ્તરેખાના અભ્યાસુઓ માટે દરેક વિદ્યાર્થીઓએ સતત અભ્યાસની એટલે બની શકે તેટલા વધારે લોકોના હાથ જોવાનું ચાલુ રાખવું જોઈએ. જેના દ્વારા તેમનાથી એકાદ ફળકથન પણ જો સાચુ પડે તો તેનાથી તેમનો આત્મવિશ્વાસ વધશે. તે હસ્તરેખામાં હાથ જોતી વખતે કંપેરીઝન મહત્વનું છે. એક હાથમાંનું ફળકથન જોયા પછી તેવું જ કંઈક બીજાના હાથમાં દેખાય તો તેનું પરિણામ શું થઈ શકે તે જાણી શકાય છે. પરંતુ તેની સાથે હાથમાંના બીજા ચિન્હો પણ જોવા જોઈએ અને એકવારની અસફળતાથી ગભરાઈ જવું જોઈએ નહીં અને અભ્યાસ ચાલું રાખવો જોઈએ.

# હૃદય રેખા - એક અભ્યાસ

દરેક વ્યક્તિના હાથમાં હૃદયરેખા બુધના પર્વતની નીચેથી નીકળી ને ગુરૂના પર્વત સુધી કે મધ્યમા તર્જનીની વચ્ચે સમાપ્ત થતી રેખાને હૃદયરેખા કહેવાય છે. જે દરેક વ્યક્તિના હાથમાં ક્યારેક લાંબી તો ક્યારેક ટુંકી જોવા મળે છે. હૃદય રેખા પરથી રંગ, રૂપ, ચારિત્ર્ય, પ્રેમ, સ્ત્રીસંબંધ, મિત્રસંબંધ, વફાદારી, લુચ્ચાઈ, કામવાસના, જાતિય સુખ, લાગણી, પશુત્વ પણું જાણી શકાય છે.

હૃદય રેખા બુધ પર્વત પરથી કે બુધ પર્વત નીચેથી નિકળી સીધી ગુરૂના પર્વત પર અંત પામતી હોય અને ભાગ્ય રેખા અને સૂર્ય રેખા બળવાન હોય અંગુઠાના બન્ને પર્વો પુષ્ટ હોય અને ગુરૂ પર્વત ઉપર ઉર્ધ્વરેખા આવી હોય આવી વ્યક્તિ પુષ્કળ મહત્વકાંક્ષી હોય છે. ગમે તેવા સંજોગો સામે ટક્કર ઝીલી શકે છે. આવા જાતકો જ્યાં સુધી મહત્વકાંક્ષાઓ પૂર્ણ નથી થતી ત્યાં સુધી સંતુષ્ટ પણ નથી થતા. આવી વ્યક્તિઓ પોતાની મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરવા બધુ જ કરી છુટે છે.

ચારેય પર્વતો નીચેથી પસાર થતી હૃદય રેખાવાળી વ્યક્તિ લાગણીશીલ અને પ્રેમ તથા મિત્રાચારીમાં વફાદાર હોય છે. પ્રેમને આદર્શ માને છે. અને પોતાના પ્રેમ પાત્ર માટે ગમે તે કરવા તત્પર રહે છે. અને તેને ગમે તેથી પરિસ્થિતિમાં સ્વીકારવા તૈયાર થઈ જાય છે.

હૃદય રેખા બુધ નીચેથી નીકળી ગુરૂ-શનિની આંગળી વચ્ચે જતી હોય તો આવી વ્યક્તિનું ધ્યેય શુભ હોય છે. પરંતુ આવી વ્યક્તિ પોતાની લાગણીઓ પર કાબુ રાખી શકતી નથી. આમ થવાથી ક્યારેક અયોગ્ય વ્યક્તિઓ પર પ્રેમ રાખે છે. જેથી બીજા લોકો આવી વ્યક્તિને નિષ્કારણ બદનામ સાબિત કરતા હોય છે. આમ છતાં આવી વ્યક્તિ અન્યની પરવા કરવા નહી કરતા પોતા પર જ ભરોસો રાખે છે.

શની સુધી જ હૃદયરેખા પહોંચતી હોય તેની અંતમાં નાની-નાની શાખાઓ મસ્તકરેખા તરફ આકર્ષાતી હોય તેવી વ્યક્તિ વિલાસી, છીછરા સ્વભાવની અને પોતાની ઈચ્છા તૃપ્ત કરવા સિવાય કશું વિચારતી નથી. આવી વ્યક્તિ સ્ત્રી હોય તો તે પોતાના દેહના સૌંદર્ય પર વધારે ગૌરવ લઈ તેના ભોગવટામાં જ પોતાનો હેતુ સિદ્ધ કરે છે. ભોગી અને ભ્રમર જેવી સ્થિતીમાં જ પોતાની જીંદગી વિતાવે છે. ખાસ કરીને વેશ્યાઓના હાથમાં આવી રેખા જોવા મળે છે.

હૃદયરેખાના અંતમાં ચાર શાખાઓમાં ફાટા હોય તો આવી વ્યક્તિ જગતમાં પુજનીય બનતી હોય છે. દા.ત. ગાંધીજી અને રવિંદ્રનાથ ટાગોર.

હૃદયરેખાનો અંત તર્જની કહેતા ગુરૂની આંગળીના મૂળમાં અડતી હોય તો તે કષ્ટપ્રદ છે. આવી વ્યક્તિ ચંચળ, સંદેહયુક્ત ચિત્તવાળી હોય છે. તેને અત્યંત દુઃખો ભોગવવા પડે છે. પરસ્ત્રીગામી થાય છે. જાતકને ઘણા કષ્ટ અને મહેનત પછી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે.

હૃદયરેખા આગળ જઈ 'શનિ' નીચે વળાંક લઈને મસ્તકરેખા સાથે મળતી હોય તો અને આ રેખા શાખા વગરની હોય તો તે માણસ અલ્પ આયુષ્યવાળો હોય છે. તે અકસ્માત અથવા કોઈના દ્વારા મૃત્યુ પામનાર હોય છે.

હૃદયરેખાનો અંત સૂર્ય પર થતો હોય તો આવી વ્યક્તિ નિષ્ઠુર, લાગણીશુન્ય, એક નંબરની સ્વાર્થી, છેતરપીંડી કરનાર, સ્ત્રીઓ પ્રત્યે સ્વાર્થી પ્રેમ રાખનાર હોય છે. આવો જાતક અલ્પાયુ ભોગવે છે. તેમના જીવનનો અંત પણ આકસ્મિક રીતે જ આવતો હોય છે.

બુધ નીચેથી હૃદયરેખા નીકળી શની નીચે નમી મસ્તક રેખાને મળી ત્યાંથી ઉપર જઈ ગુરૂપર જતી હોય તો આવી વ્યક્તિને ભયંકર અકસ્માતો થવાની શકયતા રહે છે. અમુક ગાંડી વ્યક્તિઓના હાથમાં આ પ્રમાણેની સ્થિતી જોવા મળે છે.

ઉપરોક્ત સ્થિતી ઉપરાંત આવી રેખા હોવાથી કોઈ અકસ્માત થાય અને ચહેરાના ભાગમાં ગંભીર ઈજા થાય છે. આ સાથે મસ્તક રેખામાં બીંદુ બનતું હોય તો તે વર્ષ પ્રમાણમાં મગજમાં લોહી ચઢવું, મગજનું ખસી જવું વગેરે કષ્ટ ઉપાધીઓ આવે છે. સાથે ચંદ્ર પર નાની-નાની રેખાઓ (જાળી) હોય તો વ્યક્તિ અવશ્ય ગાંડી બને છે.


હૃદય રેખા મસ્તક રેખાની નજીક વહેતી હોય અને શની-ગુરૂ નીચે આવી સમાંતર નજીકથી પસાર થતી હોય પરંતુ મસ્તક રેખાને મળી ન જતી હોય તો લાગણીઓ પર 'માનસીક પ્રભાવ'નું જોર વધી જાય છે. આમ થવાથી તેમની માનસીક શક્તિઓ ઘણી વધી જાય છે અને ગમે તેવા ભયંકર ઝંઝાવાતો, મુશ્કેલીઓમાં આવી વ્યક્તિઓ પોતાના હૃદયના ભાવો છુપાવી શકે છે.

આયુષ્ય રેખા અને મસ્તક રેખા જુદા હોય તથા ગુરૂ પર ચોકડી હોય તો જતક પ્રેમ વિવાહ કરે છે.

હૃદય રેખાની શાખા ઘણી હોય અને નીચે નમતી હોય તો લાગણીશીલ, પ્રેમમાં નીરાશા અને સાથે શુક્ર પર ચોકડી હોય તો પ્રેમમાં ઘોર નીરાશા મળે.

શનીની નીચે હૃદય રેખાને સ્પર્શ કરીને ચતુષ્કોણમાં સ્પષ્ટ ચોકડી હોય તેને ગેબી ચોકડી કહે છે. આવી ચોકડી ધરાવનારાની અંતઃપ્રેરણા સારી હોય છે. જીવનમાં બનતા બનાવોની આગાહી જાતક દ્વારા થઈ જતી હોય છે.

**- જયેશ વાઘેલા**




માનવી એટલો જ મહાન બનશે જેટલો એ પોતાના આત્મા સચ્ચાઈ, ત્યાગ, દયા, પ્રેમ અને શક્તિનો વિકાસ કરશે.

# સાંખ્ય કુંડલી

સંખ્યા ઉપરથી બનાવવામાં આવતી કુંડલીને સાંખ્ય કુંડલી કહેવાય છે. સામાન્ય રીતે માણસની જન્મ તારીખ, મહિનો તેમજ ઈસવીસન સાથેના અંકોને નક્કી કરેલા અંકોની સાંખ્ય કુંડલીના કોઠામાં મુકવામાં આવે છે.  સાંખ્ય કુંડલી પરથી જાતકનો ગુણો જોવાય છે. જાતક પારમાર્થિક - બૌદ્ધિક કે ઐહીક છે આ પ્રકારે જાતકની વિશેષતાઓ જોવાય છે.

કોઈપણ સાંખ્ય કુંડલી માટે નીચેનો ૯ ખાનાનો કોઠો જે નક્કી કરેલો છે તે દોરીને પછી તે ખાનામાં જન્મ તારીખ - મહિનો અને ઈસવીસનના અંકો કોઠામાં ગોઠવવાથી સાંખ્ય કુંડલી બને છે.

સાંખ્ય કુંડલીનો કોઠો નક્કી છે તે ધ્યાનમાં રાખવું.

ઉદા. - મહાત્મા ગાંધીજીની જન્મ તારીખ : ૨-૧૦-૧૮૬૯

| | | | |
|---|---|---|---|
| ગુરૂ (3) | સૂર્ય (૧)<br>।। | મંગળ (૯)<br>। | પારમાર્થિક<br>આ કોઠામાં 3 અંક છે |
| શુક્ર (૬)<br>। | નેપચ્યુન (૭) | બુધ (૫) | બૌદ્ધિક<br>આ કોઠામાં ૧ અંક છે |
| ચંદ્ર (૨)<br>। | શનિ (૮)<br>। | હર્ષલ (૪) | ઐહિક<br>આ કોઠામાં ૨ અંક છે |

જન્મ તારીખના ૬ અંકો પરથી 3 અંકો પારમાર્થિક કોઠામાં આવેલી છે. જેથી સાંખ્ય કુંડલી દર્શાવે છે કે જાતક સંસારમાં રહીને બૌદ્ધિક વિચારો દ્વારા પારમાર્થિક કાર્યો કરી પરમાર્થ માટે જીવન વિતાવશે.

સાંખ્ય કુંડલી જોતી  વખતે જાતકનો સ્વભાવ નીચે પ્રમાણે જોવો. જન્મ તારીખના સરવાળા મુજબ શાસક ગ્રહ કાઢવો અને તેના સ્વભાવ મુજબ મનુષ્ય જીવન વિતાવે છે. સાંખ્ય કુંડલીમાં જે ગ્રહ હાજર ના હોય તેને લગતું કારકત્વ પણ હાજર હોતું નથી અથવા પ્રાપ્ત થતું નથી.

**શાસક ગ્રહોના સ્વભાવ :**

૧ - સૂર્ય → સત્યપ્રિય, ચારિત્ર્યવાન, સ્વાભિમાની હોય.

૨ - ચંદ્ર → સાંસારીક સુખ જોવાય જીવનમાં આનંદ માણવો, વકતા બનવું ગમે, માયાળુ, ચંચલ, પ્રપંચી, વાતચિતમાં હળવા પણ અવિવેકી હોય.

3 - ગુરૂ → શ્રદ્ધા-અંધશ્રદ્ધા, ઉચ્ચજ્ઞાન, ધર્મ, આધ્યાત્મિકતા

૪ - હર્ષલ → હિમ્મતવાન હોય, કંટાળો ના કરે, જીવનમાં આકસ્મિક ઘટનાઓ બનતી હોય, રૂઢીવાદી હોય, નાટકી ઘટના આપે, આઘાત આપે,

૫ - બુધ → ચીરતરૂણ (બાળક જેવા) રહે, અહંકાર ન હોય, એકિટિંગ ગમે, યશ મળે, હસમુખ અને હાજર જવાબી હોય, ધાર્મિક થઈ ન શકે, નીચલા સ્તરનું જ્ઞાન હોય, વિચારીને નિર્ણય લે.

૬ - શુક્ર → હસતો ચહેરો, કલાક્ષેત્રમાં રસ, પ્રગતિમાં કોઈ સ્ત્રી જવાબદાર, રસિયા, શ્રૃંગારપ્રિય, આકર્ષિત હોય, કપડા-લત્તાના શોખીન.

૭ - નેપચ્યુન → અંધશ્રદ્ધા, ઘણા હળવા, અબોલ (ગૂઢ) હોય.

૮ - શનિ → જીવનમાં ઘરેલુ તકલીફ, અભ્યાસમાં તકલીફ, દુ:ખ, કષ્ટમય જીવન, મહેનતું હોય, પ્રપંચ ન આપે, નિરાભિમાની, દુ:ખની છાયા જીવનમાં હંમેશ હોય, જીવનમાં સતત વિરોધ હોય.

૯ - મંગળ → શિસ્તપ્રિય, બીજાને સંભાળનાર, ગરમ સ્વભાવ, બીજાને સંતાપ આપનાર, રક્ષક, કદી કદી હિંસા પણ કરી બેસે, ધાર્મિક હોય, ફસામણી થાય તો હિંસક બને.

પારમાર્થિક કોઠો ખાલી હોય તો કોઈ પણ પ્રકારનું પૂર્વપુણ્ય હોતું નથી જે ખરાબ ઘટના આપે છે.

બૌદ્ધિક કોઠો ખાલી હોય તો બુદ્ધિથી વિચારતા નથી અને ભૂલો કરી બેસે. ઐહિક કોઠો ખાલી હોય તો આ જાતક વધુ સ્વાર્થી હોતા નથી.

॥ હરિ ૐ ॥


- પ્રદિપ વાસુદેવ જોષી



અનાહત ચક્ર



વિશુદ્ધી ચક્ર



આજ્ઞા ચક્ર



સહસ્ત્રાધાર ચક્ર



વૈદિક જ્યોતિષ સંસ્થાન
દ્વારા સમર્પિત
જીવન ગૌરવ સ્મૃતિચિન્હ

# ગોચરનાં મંગળનું ફળાદેશ

જન્મ કુંડળીમાં ૧૨ ભાવમાં મંગળનું ભ્રમણ

૧) જન્મનાં ચંદ્ર થી ૧ લા ભાવમાં એટલે કે ચંદ્ર જે ભાવમાં સ્થિત હોય ત્યાં ગોચરનો મંગળ આવે. ફળ : તાવ આવે, આંતરડાની તકલીફ જેવા રોગ આપે, તેમજ સ્ત્રીઓને માસીક પીડા તથા ગર્ભાશયની તકલીફ આપે.

૨) ચંદ્રથી ૨ જે ભ્રમણ - (અશુભ ફળ)
મતભેદ, નિષ્ફળતા, અશાંતિ, આંખની પીડા

૩) ચંદ્રથી ૩ જે ભ્રમણ - (શુભ ફળ)
ભાઈ-બહેન તરફથી સહકાર, દરેક કાર્યમાં આગળ વધવાનું સાહસ કરે

૪) ચંદ્રથી ૪ થે ભ્રમણ - (વધુ અશુભ)
માતાને તકલીફ થાય, ચોરીનો ભય, છાતીમાં દુખાવો થાય, શારિરીક કષ્ટ થાય

૫) ચંદ્રથી ૫ મે ભ્રમણ - (અશુભ ફળ)
સંતાનને તકલીફ, શત્રુ બાધા, અસામાજિક કાર્યોમાં સંડોવાય

૬) ચંદ્રથી ૬ ઠે ભ્રમણ - (વધુ શુભ)
શત્રુ વિજય, યશ, કોર્ટ કજિયામાં, માંદગીમાં રાહત

૭) ચંદ્રથી ૭ મે ભ્રમણ - (વધુ અશુભ)
ઝઘડા, કબક, દામ્પત્ય જીવનમાં તિરાડ

૮) ચંદ્રથી ૮ મે ભ્રમણ - (અશુભ)
અનેક પ્રકારની તકલીફો વેઠવી પડે

૯) ચંદ્રથી ૯ મે ભ્રમણ
સમાજ વિરૂદ્ધ તથા અધાર્મિક કાર્ય કરે

૧૦) ચંદ્રથી ૧૦ મે ભ્રમણ
હૃદય પીડા, ચોરીનો ભય, શત્રુભય, નોકરીયાત વર્ગને તકલીફ


૧૧) ચંદ્રથી ૧૧ મે ભ્રમણ - શુભફળ
જા. ખુબ પૈસા કમાય, વિજય પ્રાપ્તી, લગ્ન યોગ કે સંતાન પ્રાપ્તી થાય.

૧૨) ચંદ્રથી ૧૨ મે ભ્રમણ - અશુભ
ધન વ્યય, અકસ્માતની સંભાવના

જિજ્ઞાસા વગર જ્ઞાન નથી હોતું, અને દુઃખ વગર સુખ નથી હોતું.

જન્મનાં મંગળનાં નક્ષત્રથી ગોચરનાં મંગળનાં નક્ષત્ર સુધીનું ભ્રમણ કેવું ફળ આપે ?

દા.ત. જન્મનો મંગળ - કર્ક રાશી અને આશ્લેષા નક્ષત્ર છે.




દા.ત. જન્મનો મંગળ - કર્ક રાશી અને આશ્લેષા નક્ષત્રનો છે. અને ૨૩-૫-૨૦૧૫ નો મંગળ વૃષભ રાશી અને રોહિણી નક્ષત્રનો છે.

ફળ : આશ્લેષાથી રોહિણી નક્ષત્ર ૨૩મું થાય છે.

ફળ : જાતકને સુખ શાંતિ મળે. જ્યા સુધી રોહિણી નક્ષત્રમાં મંગળ છે ત્યાં સુધી.

જન્મ નક્ષત્રથી - ૧ - ૨ - બિમારી, અકસ્માત, જીવનનો ભય
૩ - ૪ - ૫ - ૬ - ૭ - ૮ - ઝઘડા, ગેરસમજ
૯ - ૧૦ - ૧૧ - સિદ્ધી, કાર્ય સફળતા
૧૨ - ૧૩ - ૧૪ - ૧૫ - ધનહાની, મિલ્કત પ્રાપ્તિ
૧૬ - ૧૭ - અર્થલાભ
૧૮ - ૧૯ - ૨૦ - ૨૧ - ભય, ચિંતા
૨૨ - ૨૩ - ૨૪ - ૨૫ - સુખ, શાંતિ
૨૬ - ૨૭ - યાત્રા પ્રવાસ

**- વાસંતી ભદ્રા**

# જન્મ નક્ષત્રથી ગોત્રજ્ઞાન

કુલ નક્ષત્રો ૨૭ છે. તેમાં
+૧ અભિજિત નક્ષત્ર ઉમેરવાથી
૨૮ નક્ષત્રો ટોટલ થાય છે.

ગોત્રની ગણના કરવા માટે ૨૮ નક્ષત્રોની ગણના કરવામાં આવી છે.

ગોત્રનાં નામ આપણા ૭ ઋષિઓના નામ પરથી રાખવામાં આવ્યા છે.

૧) મરીચ ઋષિ ગોત્ર - અશ્વીની, ભરણી, કૃતિકા, રોહિણી

૨) વસિષ્ઠ ઋષિ ગોત્ર - મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય

૩) અંગિરસ ઋષિ ગોત્ર - આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની

૪) અત્રિ ઋષિ ગોત્ર - હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા

૫) પુલસ્ત્ય ઋષિ ગોત્ર - અનુરાધા, જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા

૬) પુલદ ઋષિ ગોત્ર - ઉત્તરાષાઢા, અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા

૭) ઋતુ ઋષિ ગોત્ર - શતતારકા, પૂર્વા ભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા, રેવતી

**પ્રશ્ન** જો જાતકને પોતાનું ગોત્ર ખબર ન હોય તો ઉપર પ્રમાણે જાણી શકે ?

**ઉત્તર** દા.ત. જાતકનું જન્મ નક્ષત્ર કૃતિકા છે. તો જાતકનું ગોત્ર - મરીચિ આવશે.

મેળાપક વખતે : સગોત્રી નક્ષત્ર જો બન્નેનાં હોય તો લગ્ન ન કરવા. જીંદગી ભર કમનસીબી રહે.

**સગોત્રી એટલે (સમજ)**

દા.ત. મરીચિ ગોત્રમાં ૪ નક્ષત્ર આવે છે. અશ્વિની, ભરણી, કૃતિકા અને રોહિણી તો વરનું અશ્વિની અને કન્યાનું ભરણી નક્ષત્ર હોય તો તેને સગોત્રી નક્ષત્ર કહેવાય.

॥ હરિ ૐ ॥

**- વાસંતી ભદ્રા**



# સ્વરજ્ઞાન અને જ્યોતિષ


જ્યોતિષી એટલે ભવિષ્ય ભાખનાર એ સ્વરજ્ઞાનથી પરિચિત હોવોજ જોઈએ કારણ કે આ જ્ઞાન વગર ભવિષ્ય દર્શન કરવું અધૂરૂં છે. એટલા માટે જ્યોતિષશાસ્ત્રના સંદર્ભે કહ્યું છે કે :

**સ્વરહીનશ્ચ દૈવજ્ઞો નાથહીનં યથા ગૃહમ્ ।**
**શાસ્ત્રહીનં યથા વક્તં શિરોહીનં ચ યદ્વપુઃ ।।**

એટલે કે સ્વરોદયના જ્ઞાન વગરનો જ્યોતિષ અપૂર્ણ છે, એની અવસ્થા એવી છે કે માલિક વગરનું ઘર, શાસ્ત્ર વિના જેમ વાણી અધૂરી છે જેવી રીતે માથા વગરનું શરીર. વાસ્તવમાં સ્વરશાસ્ત્ર જ્યોતિષીઓ માટે અત્યંત ઉપયોગી છે કારણ કે ફલાદેશમાં પૂર્ણતા અને સૂક્ષ્મતા આવે છે. તેના આધારે કરેલી ભવિષ્ય વાણીઓ સત્યતાની કસોટી ઉપર તદ્દન સાચી ઠરે છે. તેના દ્વારા કરેલું ફળકથન તદ્દન સાચુ ઉતરે છે. જ્યોતિષો આ જ્ઞાનના ઉપયોગથી પ્રશ્નકર્તા જાતકના પ્રશ્નોનું સરળતાથી, ઝડપથી અને તદ્દન સત્ય રીતે કરવા માટે સમર્થ બને છે. પરંતુ સ્વરશાસ્ત્રના માધ્યમથી ભવિષ્ય વાણી કરતાં પહેલા સ્વર વિદ્યાનું પૂર્ણ જ્ઞાન તથા નિત્ય અભ્યાસ (સ્વાધ્યાય) અત્યંત આવશ્યક છે નહિ તો સ્વરશાસ્ત્રની પરિભાષાને અપૂર્ણ સમજીને પ્રશ્નના જવાબો તારવવામાં ગફલત થવાની રહેલી શક્યતાઓ છે. આથી આ બાબતે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ સારા સ્વરશાસ્ત્રી પાસેથી ગુરૂ-શિષ્ય રૂપે જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે.

મોટાભાગે વિદ્વાન જ્યોતિષીઓ અને સફળ ભવિષ્ય વાણીઓ કરનાર ભવિષ્યવેત્તાઓને આ વિદ્યા હસ્તગત હોય છે, જો કે ભવિષ્ય વાણી કરવા માટે કે ભવિષ્ય ભાખવા માટે આ શાસ્ત્ર પોતે સ્વતંત્ર રીતે સમર્થ છે. છતાં પણ હસ્તરેખા અને કુંડળીના જ્ઞાન સાથે સાથે જો આ શાસ્ત્રનું જ્ઞાન હોય તો આવા જ્યોતિષીઓ અનેક રીતે માનસન્માન કરે પ્રાપ્ત છે.

સંકલન - **અશોક ચૌહાણ**



कुंडलिनी (सर्पणी) शक्ति

પરોપકારનું પ્રત્યેક કાર્ય સ્વર્ગની તરફ જવાનું એક આગવું સોપાન છે.

## હિંદુ ધર્મનો સોળમો સંસ્કાર

આપણા ભારત વર્ષમાં ઋષિ મૂનીઓએ જન્મથી મૃત્યુ પર્યતના સોળ સંસ્કારો બનાવ્યા છે, જે ગર્ભાધાનથી લઈ અંત્યેષ્ઠિ સુધીના સંસ્કારોમાં હિંદુ ધર્મની ખૂબજ સુક્ષ્મ સંસ્કૃતિઓ વણી લેવામાં આવી છે.

આપણે અંહી સોળમાં સંસ્કાર વિષે વાત કરીશું. જીવાત્મા જ્યારે દેહ છોડે છે ત્યારે આત્માને દેહ સાથેનું મમત્વ છુટતું નથી. એ આ જગતના સંબંધોની અધુરી ઈચ્છા, તૃષ્ણા, વાસના, તડપ વગેરેને કારણે જીવાત્મા એ વાતાવરણમાં લગભગ ૪૯ દિવસ સુધી ત્યાંને ત્યાંજ વિચરણ કરતો હોય છે. આપણા ઋષિ મૂનીઓએ અગ્નિદાહ સંસ્કારની ક્રિયા અપનાવી જેથી જીવાત્માંનો દેહ પ્રત્યેનો મોહ છુટે, તે ઉપરાંત વિવિધ પ્રકારની ઉત્તરક્રિયાઓ, દાન પુણ્ય દ્વારા એ જીવાત્માની ઉર્ધ્વગતિ અર્થે વિવિધ પ્રકારની શ્રાદ્ધ વિધિ કરવામાં આવે છે.

આપણે ત્યાં વેદોના સમયથી યજ્ઞોનું વિધિવિધાન ચાલતું આવે છે, તે અનુસાર જીવનનો અંતિમ સંસ્કાર જેને અંત્યેષ્ઠિ કહેવામાં આવે છે, અહીં અંત્ય એટલે છેલ્લો અને ઈષ્ટિ એટલે યજ્ઞ બન્ને મળીને અંત્યેષ્ઠિ શબ્દ બન્યો છે. જેને અંત્યેષ્ઠિ સંસ્કાર એવું નામ આપવામાં આવ્યું છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ દ્વારા પણ આ સંસ્કારને આજના યુગમાં જગતભરમાંથી સમર્થન મળી રહ્યું છે. આપણી આ વિચારધારાને કુદરત એટલે નિર્સગ જોડે પણ સાંકળવામાં આવેલ છે. આખું બ્રહ્માંડ શેમાંથી બન્યું ? તો કહેવાય છે કે પંચતત્વોમાંથી. આપણો દેહ શેમાંથી બન્યો ? પંચતત્વોમાંથી એટલે કે યથા પિંડે તે બ્રહ્માંડે કે યથા બ્રહ્માંડે તે પિંડે, જે બ્રહ્માંડમાં છે તે બધુ જ પિંડમાં એટલે શરીરમાં છે, તો અહીં દેહ જે પંચ તત્વોમાંથી બન્યો હતો તે દેહમાંથી પ્રાણ નીકળ્યા બાદ તે નશ્વર દેહને કોઈ એક તત્વને ન સોંપતા પાછો પાંચેય તત્વમાં વિલિન કરવાની ભાવના રહેલી છે. જગતમાં દેશદેશાવરમાં અંતિમ સંસ્કારની વિવિધ પદ્ધતિ ચલણમાં છે. કોઈ જગ્યાએ નશ્વર દેહને દાટવામાં આવે છે તો દેહ ફક્ત પૃથ્વીત્વને અર્પણ થયો કહેવાય. કોઈ જગ્યાએ જળમાં વહાવવાની પ્રથા છે તો દેહ ફક્ત જળત્વને અર્પણ થયો કહેવાય. અમુક લોકો દેહ જીવતે જીવત દાન

પૂણ્ય થયો કે નહીં, તો મૃત્યુબાદ આ દેહ પક્ષીઓને ભક્ષણ અર્થ અર્પણ કરે છે. પરંતુ અધ્યાત્મિક, સાંસ્કૃતિક, ધાર્મિક કે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ દ્વારા એમ બધી રીતે ભારતની હિંદુ સંસ્કૃતિની અંતિમ ક્રિયા સૌથી ઉત્તમ માનવામાં આવે છે.

આપણી નજર સમક્ષ કોઈની અંતિમ ક્ષણો ચાલી રહી હોય ત્યારે શકય એટલું પ્રભુ સ્મરણ કરાવવું અથવા એમના કાનમાં પ્રભુ સ્મરણના શબ્દોનું ઉચ્ચારણ કરવું, જેથી જાતકનું લક્ષ્ય દુન્વયી બાબતોમાં ન રહેતા ઈશ્વર સ્મરણ તરફ રહે જેથી આત્માને સદ્‌ગતિ પ્રાપ્ત થાય.

અંતિમ ક્ષણોમાં મૃત શરીરના મુખમાં બની શકે તો ગંગાજળ પાવું, તુલસી પત્ર મુખમાં મુકવું, ત્યારબાદ સ્નાન કરાવવું, સફેદ વસ્ત્રમાં વીટાળવું. જો કન્યા કે સુહાગણ સ્ત્રી હોય તો ચુંદડી કે સાડી પહેરાવવી, વિધવા હોય તો સફેદ સાડી પહેરાવવી, ત્યાદ બાદ ગાયના છાણ દ્વારા લિપણ કરેલી ભુમિપર ઉત્તરાભિમુખ સુવાડવું અને ભજન ધૂન અથવા ગીતાના ૧૫ માં અધ્યાયનો પાઠ કરવો.

ઘરનાં તથા અંગત સગા સંબંધીઓએ પ્રણામ તથા પ્રદક્ષિણા કરી, ફુલ હાર અર્પણ કરી, ચાંદલો કરી નનામી તૈયાર કરવી. નનામીમાં બે લાંબા વાંસ તથા તેત્રીસ આડા ખપાટીયા બાંધી તૈયાર કરી એના પર ચટાઈ પાથરી મૃત શરીરને ઘરમાંથી બહાર લાવતી વખતે માથા તરફથી બહાર લાવવું. નનામી પર મુકી સફેદ વસ્ત્ર ઓઢાડી મુંજની દોરી દ્વારા બાંધવામાં આવે છે. મૃતાત્માને તથા મૃત શરીરને મલિન પ્રેતો તથા ક્ષેત્રપાલોથી રક્ષણ માટે ઘઉંના ષટ પિંડો તૈયાર કરી બલિદાન માટે સાથે રાખવા જેમાંથી ૧. ઉત્ક્રાંતિપિંડ નનામી સાથે ૨. પાંથપિંડ પ્રેત નિમિત્તેનો અલગ નનામી સાથે રાખી સાથે લઈ જવામાં આવે છે, ૩. ખેચર નિમિત્તપિંડ આકાશમાં ફરતા મલિન જીવાત્મા શેરીના ચોક વચ્ચે, ૪. ભુતનિમિત્તપિંડ આને પણ ભૂતો માટે સ્મશાનમાં સાથે રાખવો, ૫. વાયુનિમિત્તપિંડ વિસામાના સ્થળે, ૬. સાધક પિંડ મૃત દેહના હાથમાં રાખવામાં આવે છે. સાથે લાવેલા ચારેય પિંડોને છેલ્લે જળમાં પધરાવવામાં આવે છે. ત્યાર બાદ ચાર વર્ણોના ચાર શ્રીફળ ચારે ખુણા પર બાંધવા. અંતિમ યાત્રા ચોકમાં પહોંચે ત્યારે ચારેય દિશામાં શ્રીફળ વધેરી દેવામાં આવે છે. એક દોણીમાં અગ્નિ ઘરેથી લઈ જવામાં આવે છે. આ અગ્નિ ક્વ્યાદ અગ્નિ કહેવાય છે. (ક્વ્ય એટલે શબનું માંસ અને અદ એટલે ખાનાર) દોણી મૃતકના ઘરનો સૌથી

નાનો સદસ્ય અથવા પિતરાઈ ભાઈ એ પકડવાની અને સ્મશાન યાત્રા દરમ્યાન દોણી પકડેલી વ્યક્તિ અને શબ વચ્ચે કોઈ ન આવે તેનું ધ્યાન રાખવું.

તે ઉપરાંત મુંડન માટે કહેવાય છે કે અગ્નિદાહ અગાઉ એટલે કે ષટ્પિંડી વખતે કરાવવું જોઇએ, પરંતુ હાલ લોકો દશમાંની કે બારમાંની શ્રાદ્ધ વિધિ અગાઉ કરે છે. મુંડન પાછળનો આશય શબનો સ્પર્સ વગેરે થયો હોય માટે, શ્રાદ્ધ વિધિમાં યોગ્યતા પ્રાપ્તિ અર્થે, સદ્ગતની સ્મૃતિમાં પોતાની પ્રિય વસ્તુ અર્પણ કરવાની ભાવના, સદ્ગતે હયાતિ દરમ્યાન માથે હાથ ફેરવેલો હોય તો તેની માયા છોડવવા કે મરણશોકનો પર્યાય તરીકે મુંડન કરાવવામાં આવે છે.

નનામી સાથે ઘરની સ્ત્રીઓએ આંગણાથી વધુ આગળ સુધી જવું નહીં. નનામી ઉપાડનારમાં ઘરના અંગતો જ રહે એનું ધ્યાન રાખવું. ઘરેથી નીકળી કુલ ચાર જગ્યાએ વિસામો કરવામાં આવે છે. પહેલો ઘરના આંગણે, બીજો ઝાંપાની બહાર, ત્રીજો ગામના પાદરે, ચોથો સ્મશાને, સ્મશાનના દરવાજે પહોંચી મૃતદેહને ફરી માથુ આગળ રહે તેમ અંદર લઈ જવો જેથી ગામ તરફ તેનુ મુખ રહે.

ચિતા પર મૃતદેહ મુકતા પહેલા ફરી સ્નાન અથવા જળ છાટીં મુખ્ય વસ્ત્ર રાખી બાકી ઓઢાડેલા વસ્ત્રો કે ચુંદડી કાઢી લેવા, ત્યારબાદ મૃતદેહને ચિતા પર મુકી દેહ પર ઘી ચોપડવામાં આવે છે, એ દરમ્યાન નનામી એટલે ઠાઠડીને બાંધેલી દોરીને કાપ્યા વગર બન્ને તરફ ખેંચીને કે હલાવીને છૂટી પાડી દેવાની હોય છે, ત્યાર બાદ સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કે ગાયત્રીમંત્ર બોલવા. પાંચ પ્રદક્ષિણા કરી સદ્ગતના જયેષ્ઠ પુત્ર દ્વારા અગ્નિદાહ આપવામાં આવે છે. પુરૂષ હોય તો મુખાગ્નિ અને સ્ત્રી હોય તો પગના અંગુઠા દ્વારા અગ્નિ દાહ આપવામાં આવે છે. નાના બાળકો માટે એટલે જેમનાં દાંત ન ઉગ્યા હોય એમનો અગ્નિ સંસ્કાર ન કરતા એમને ભુમિમાં દાટવામાં આવે છે. સાધુ સન્યાસીઓમાં અમુક સમાધી લેતા હોય તે પદ્માસન અવસ્થામાં ભુમિ સમાધિ લેતા હોય છે. કોઇક સાધુ સન્યાસી જળ સમાધી લેતા હોય છે બાકી અગ્નિ સંસ્કારનો સામાન્ય નિયમ ચાલતો આવે છે.

અગ્નિદાહ બાદ છેલ્લે ચિતાગ્નિને ઠારવાની પ્રથા છે, દાહ આપનારે એક માટીનો કાચો ઘડો પાણીથી ભરી સદ્ગતના પગ પાસેથી વિમુખ ઉભા

રહી તેમાં નાના પથ્થર વડે કાણું પાડી જળની ધારા સાથે પ્રદક્ષિણા કરી બીજુ, ત્રીજુ, ચોથુ એમ પ્રદક્ષિણા કરી છેલ્લે સદ્‌ગતના મસ્તિષ્ક તરફ વિમુખ ઉભા રહી ઘડો પાછળ તરફ પાડી દેવાનો હોય છે, ત્યાર બાદ ચિતાને તળીયેથી અસ્થીફુલ ભેગા કરી તેને દૂધ તથા જળ દ્વારા ધોઈ સ્વેત અથવા હળદર દ્વારા પીળુ બનાવી તેના પર દર્ભ પાથરી તેમાં અસ્થીઓ મુકી તેને કુલડી માં ભરી સ્મશાન અથવા ઘરની બહાર ઝાડની ડાળખી પર બાંધી દેવું. મૃત્યુના સાતમા દિવસ સુધીમાં અસ્થી ફુલનું વિર્સજન પવિત્ર નદીમાં કરવામાં આવે છે, સૂતક માટે બે દિવસથી લઈ દસ દિવસ કે વધુમાં વધુ ચાલીસ દિવસ સૂતક વર્ણ જ્ઞાતિ અનુસાર પાળવામાં આવે છે.

શ્રાદ્ધ વિધાન ત્રણ વિભાગમાં થાય છે.

અગ્નિ સંસ્કારથી બારમાં તેરમાં સુધીની વિધિ દશગાત્રવિધિ, નવશ્રાદ્ધ, પ્રેતશ્રાદ્ધ વગેરે વિધિને પૂર્વ વિધિ કરવામાં આવે છે, દસમાંના ચોખાના અથવા જવના જે શરીર દસ ચંદ્રમાંસમાં તૈયાર થતું હોય છે તેને દસ પિંડ દ્વારા શરિરનાં અંગો તથા ઈંદ્રીયોના વિર્સજનના અનેક પ્રકારના ભાવ વિકાસ અર્થે કરવામા આવે છે. અગિયારમાંના બાવન પિંડ જેમાં એક અડદનો માસાન્ન તરીકે બાકીના ચોખાના રાખવામાં આવે છે, બારમાંના ચાર પિંડ ચોખાના જેમાં ત્રણ નાના એક પિતાનો, એક દાદાનો, એક પરદાદાનો, ચોથો મોટો નારીયેળના આકારનો જેનું વિભાજન ત્રણ ભાગમાં કરી આગલા ત્રણમાં ભેળવી દેવાનો હોય છે. છેદન બાદ સદગતના આત્માને પિતૃની સંજ્ઞા અપાય છે. લોકાચાર પ્રમાણે અમુક સમાજોમાં એકાદસ દ્વાદસનું સરવણું ભેગું કરી દેવામાં આવે છે જે ઉચિત નથી. તેરમાંના દિવસે શૈયાદાન તથા ગૌ પુચ્છ પાણીની વિધી કરવામાં આવે છે, અંહી ગાયનું પુછડું પકડી જીવાત્માંને વૈતરણી નદી પાર કરાવવાની ભાવના રહી છે.

મધ્યમ જેને માસિક શ્રાદ્ધ દસમાં દિવસથી માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક અને વાર્ષિક એમ શ્રાદ્ધ વિધી દ્વારા પ્રેત દેહમાંથી પિતૃદેહમાં જાય છે, આ મધ્યમ શ્રાદ્ધ વિધિ થયો કહેવાય.

પિતૃદેહની પ્રાપ્તિ બાદ દર વર્ષે ભાદ્રપદ માસમાં તિથિએ કરવામાં આવતુ શ્રાદ્ધ કે વાસ નાખવામાં આવે છે, જેને મહાલય શ્રાદ્ધ કહેવાય છે, તે ઉપરાંત તિર્થોમાં જઈ શ્રાદ્ધ કે પિંડદાન કરવામાં આવે છે તેને નૈમિત્તિક શ્રાદ્ધ કહેવાય

છે. શ્રાદ્ધમાં ધરાવેલ ભોગના અધિકારી મૃતાત્માઓ બને છે.

આ બધા ઉપરાંત સામાન્ય મૃત્યુ પામેલા અવગત આત્માંની શાંતિ માટે શ્રાદ્ધ સરવણુ, કુંવારા મૃત્યુ પામેલા માટે લીલ પરણાવવી, અપમૃત્યુ, અકસ્માત, હત્યા, આત્મહત્યા, અગ્નિથી, જળથી કે ગુંગળામણથી મૃત્યુ પામેલા અવગત માટે નારાયણ બલી (વિષ્ણુ બલી) નો વિધિવિધાન કરવામાં આવે છે. તે ઉપરાંત પૂર્વે કુળના આગેવાન કે સમાજ માટે યુદ્ધસંગ્રામમાં શહીદી મેળવનાર માટે પાળીયો સ્થાપવામાં આવતો જેને વિવિધ નામે ઓળખવામાં આવે છે, જે સૂરધન, દાદા, સૂરાપૂરા વગેરે નામે ઓળખવામાં આવે છે.

સંકલન – અશોક ચૌહાણ

નોંધ : ઉપરોક્ત વિધિવિધાન સર્વ સામાન્ય રૂપે રજુ કરવામાં આવી છે. વર્ણ, જ્ઞાતિ અને સમાજ અનુસાર વિવિધ પ્રકારના વિધિવિધાનો પ્રચલનમાં છે.



જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કોણ જશે ?
ત્રણસો ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવળિયો કોણ થાશે ? જાગને... ૦૧

દહીતણાં દહીંયરાં, ઘીતણાં ઢોબરાં, કઢિયલ દૂધ તે કોણ પીશે ?
હરિ મારો હાથિયો, કાળીનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેઈં ? જાગને... ૦૨

જમુનાને તીરે ગોધણ ચરવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે ?
ભણે નરસૈયોઃ તુજ ગુણ ગાઈ રીસીએ, બૂડતાં બાંહડી કોણ સાહશે ? જાગને... ૦૩

## VEDIC JYOTISH SANSTHAN

# RESULT

## VEDIC JYOTISH PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | ROSHNI V NAIK | DISTINCTION | 88 |
| 2 | GEETA A MISTRY | DISTINCTION | 86 |
| 3 | NAMRATA K MADHU | DISTINCTION | 83 |
| 4 | MANISHA V PATEL | DISTINCTION | 80 |
| 5 | RAJENDRA H LIA | DISTINCTION | 79 |
| 6 | SUDHIR C SHETH | DISTINCTION | 79 |
| 7 | BHAVNA R MEHTA | DISTINCTION | 78 |
| 8 | BHAVIN K MEHTA | FIRST | 73 |
| 9 | BHARAT A SARVAIYA | FIRST | 72 |
| 10 | MEGHNA N THAKKAR | FIRST | 72 |
| 11 | GEETA B SARVAIYA | FIRST | 69 |
| 12 | NEETA B VORA | FIRST | 69 |
| 13 | PRITI J THAKAR | FIRST | 69 |
| 14 | MAHENDRA M JOSHI | FIRST | 68 |
| 15 | GAJANAN D GUPTA | FIRST | 67 |
| 16 | RAJESH S MEHTA | FIRST | 67 |
| 17 | BHAVANA D PRAJAPATI | FIRST | 66 |
| 18 | DIPAK B GAGLANI | FIRST | 66 |
| 19 | ANIL J KANANI | FIRST | 65 |
| 20 | SAMEERN KAWA | FIRST | 65 |
| 21 | GEETA S BORKHATARIYA | FIRST | 64 |
| 22 | MANISHA K JASAPARA | FIRST | 64 |
| 23 | GITABHARTI A PANCHAL | FIRST | 63 |
| 24 | MALTI D VALA | FIRST | 63 |
| 25 | MANISHA P JADHAV | FIRST | 63 |
| 26 | MINAKSHI K BHUDDHDEV | FIRST | 63 |
| 27 | NITIN R VORA | FIRST | 63 |
| 28 | VIRAL B MODI | FIRST | 63 |
| 29 | JARNA Y MEHTA | FIRST | 62 |
| 30 | JINAL L GALA | FIRST | 62 |
| 31 | SONAL R PANCHAL | FIRST | 62 |
| 32 | VARSHA V RACHH | FIRST | 62 |
| 33 | CHHAYA R JAVERI | FIRST | 61 |
| 34 | KHUSHBU M MADIA | FIRST | 61 |
| 35 | PAVAN J TIRWADI | FIRST | 61 |
| 36 | PRAKASH I DESAI | SECOND | 60 |

# VEDIC JYOTISH SANSTHAN

## RESULT

### VEDIC JYOTISH PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 37 | GANESH V JOSHI | SECOND | 59 |
| 38 | HIRAL J KHAMBHATA | SECOND | 59 |
| 39 | DEVENDRA A DAGHA | SECOND | 58 |
| 40 | MAHESH K JOSHI | SECOND | 58 |
| 41 | ANUBEN N DOSHI | SECOND | 57 |
| 42 | JAYESHKUMAR G GOR | SECOND | 53 |
| 43 | RAMESH M BHATT | SECOND | 51 |
| 44 | AARTI H SANGANI | SECOND | 49 |
| 45 | SATISH M BHARUCHA | SECOND | 49 |
| 46 | DAKSHA S VORA | SECOND | 47 |
| 47 | SOWRIN R VORA | SECOND | 46 |
| 48 | MAHESH I GANDHI | SECOND | 41 |
| 49 | PRAKASH R AMARSEDA | SECOND | 41 |
| 50 | DINTAD SHAH | PASS | 37 |
| 51 | VIJAYA K JOSHI | PASS | 37 |

### VEDIC HAST REKHA VIGNYATA

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | NAMRATA K MADHU | DISTINCTION | 88 |
| 2 | GEETA A MISTRY | DISTINCTION | 85 |
| 3 | MANISHA V PATEL | DISTINCTION | 78 |
| 4 | RAJENDRA H LIA | DISTINCTION | 76 |
| 5 | ROSHNI V NAIK | FIRST | 73 |
| 6 | GITABHARTI A PANCHAL | FIRST | 72 |
| 7 | MANISHA K JASAPARA | FIRST | 72 |
| 8 | MANISHA P JADHAV | FIRST | 71 |
| 9 | MEHANDRA M JOSHI | FIRST | 71 |
| 10 | MEGHNA N THAKKAR | FIRST | 68 |
| 11 | MALTI D VALA | FIRST | 66 |
| 12 | PARUL B BHATT | FIRST | 65 |
| 13 | BHAVNA R MEHTA | FIRST | 63 |
| 14 | GEETA B SARVAIYA | FIRST | 63 |
| 15 | NITIN R VORA | FIRST | 63 |
| 16 | BHAVIN K MEHTA | FIRST | 62 |
| 17 | SMITA M PANDYA | FIRST | 62 |
| 18 | KHUSHBU M MADIA | FIRST | 61 |

## VEDIC JYOTISH SANSTHAN

# RESULT

## VEDIC HAST REKHA VIGNYATA

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 19 | PAVAN J TIRWADI | FIRST | 61 |
| 20 | BHARAT A SARVAIYA | SECOND | 60 |
| 21 | RAJESH S MEHTA | SECOND | 59 |
| 22 | CHHAYA R JAVERI | SECOND | 58 |
| 23 | GANESH V JOSHI | SECOND | 58 |
| 24 | PRITI J THAKAR | SECOND | 58 |
| 25 | SUDHIR C SHETH | SECOND | 58 |
| 26 | JARNA Y MEHTA | SECOND | 56 |
| 27 | NEETA B VORA | SECOND | 55 |
| 28 | SONAL R PANCHAL | SECOND | 55 |
| 29 | VIRAL B MODI | SECOND | 55 |
| 30 | BHAVANA D PRAJAPATI | SECOND | 54 |
| 31 | NARENDRA R SONI | SECOND | 54 |
| 32 | VIJAYA K JOSHI | SECOND | 54 |
| 33 | ANIL J KANANI | SECOND | 53 |
| 34 | HIRAL J KHAMBHATA | SECOND | 53 |
| 35 | AARTI H SANGANI | SECOND | 51 |
| 36 | MANIKSHI K BHUDDHDEV | SECOND | 51 |
| 37 | PRAKASH R AMARSEDA | SECOND | 50 |
| 38 | JINAL L GALA | SECOND | 49 |
| 39 | SAMEERN KAWA | SECOND | 49 |
| 40 | SATISH M BHARUCHA | SECOND | 49 |
| 41 | ANUBEN N DOSHI | SECOND | 48 |
| 42 | DAKSHA S VORA | SECOND | 48 |
| 43 | DINTAD SHAH | SECOND | 47 |
| 44 | VARSHA V RACHH | SECOND | 47 |
| 45 | DIPAK B GAGLANI | SECOND | 45 |
| 46 | GAJANAN D GUPTA | SECOND | 45 |
| 47 | JAYESH R KAKKA | SECOND | 45 |
| 48 | RAMESH M BHATT | SECOND | 45 |
| 49 | DEVENDRA A DAGHA | SECOND | 44 |
| 50 | GEETA S BORKHATARIYA | SECOND | 42 |
| 51 | JAYESHKUMAR G GOR | SECOND | 40 |
| 52 | MAHESH I GANDHI | SECOND | 40 |
| 53 | MAHESH K JOSHI | SECOND | 40 |
| 54 | PRAKASH I DESAI | SECOND | 40 |

## VEDIC JYOTISH SANSTHAN

## RESULT

### VEDIC VASTU PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | ROSHNI V NAIK | DISTINCTION | 89 |
| 2 | GEETA A MISTRY | DISTINCTION | 87 |
| 3 | NAMRATA K MADHU | DISTINCTION | 86 |
| 4 | MANISHA V PATEL | DISTINCTION | 78 |
| 5 | AMEE R FURTA | FIRST | 71 |
| 6 | GEETA S BORKHATARIYA | FIRST | 68 |
| 7 | BHAVNA R MEHTA | FIRST | 67 |
| 8 | PRAKASH R AMARSEDA | FIRST | 67 |
| 9 | MINAKSHI K BHUDDHDEV | FIRST | 66 |
| 10 | NITIN R VORA | FIRST | 66 |
| 11 | VARSHA V RACHH | FIRST | 66 |
| 12 | BHARAT A SARVAIYA | FIRST | 65 |
| 13 | NEELIMA D PANDYA | FIRST | 65 |
| 14 | MANISHA P JADHAV | FIRST | 64 |
| 15 | RAJENDRA H LIA | FIRST | 63 |
| 16 | ANIL J KANANI | FIRST | 62 |
| 17 | GEETA B SARVAIYA | FIRST | 61 |
| 18 | JAYESHKUMAR G GOR | FIRST | 61 |
| 19 | MANISHA K JASAPARA | FIRST | 61 |
| 20 | BHAVANA V PANCHOLI | SECOND | 60 |
| 21 | ANUBEN N DOSHI | SECOND | 59 |
| 22 | MEGHNA N THAKKAR | SECOND | 58 |
| 23 | SHILPA R TTHAKKAR | SECOND | 58 |
| 24 | GANESH V JOSHI | SECOND | 57 |
| 25 | JINAL L GALA | SECOND | 57 |
| 26 | MAHENDRA M JOSHI | SECOND | 57 |
| 27 | NEETA B VORA | SECOND | 57 |
| 28 | AMIT H TRIVEDI | SECOND | 55 |
| 29 | GAJANAN D GUPTA | SECOND | 55 |
| 30 | SAMEERN KAWA | SECOND | 55 |
| 31 | DIPAK B GAGLANI | SECOND | 53 |
| 32 | MALTI D VALA | SECOND | 53 |
| 33 | DINA KISOR DESAI | SECOND | 52 |
| 34 | HIRAL P GOGRI | SECOND | 52 |
| 35 | KHUSHBU M MADIA | SECOND | 52 |
| 36 | MINAKSHI J JETHVA | SECOND | 52 |

## RESULT

### VEDIC VASTU PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 37 | VRAJLAL D CHAUHAN | SECOND | 52 |
| 38 | KISHOR N GIDWANI | SECOND | 51 |
| 39 | SATISH M BHARUCHA | SECOND | 51 |
| 40 | DEVENDRA A DAGHA | SECOND | 50 |
| 41 | PRAKASH I DESAI | SECOND | 50 |
| 42 | SOWRIN R VORA | SECOND | 48 |
| 43 | JARNA Y MEHTA | SECOND | 47 |
| 44 | PARTH R DESAI | SECOND | 47 |
| 45 | PAVAN J TIRWADI | SECOND | 46 |

### VEDIC JYOTISH BHUSHAN

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | SIMA J BHATT | DISTINCTION | 85 |
| 2 | DR. HIMANSHU VYAS | DISTINCTION | 79 |
| 3 | SWAPNIL KOTECHA | FIRST | 74 |
| 4 | ANITA M LIMBACHYA | FIRST | 70 |
| 5 | HETAL V LIMBACHYA | FIRST | 69 |
| 6 | AMI H VYAS | FIRST | 66 |
| 7 | PRATIMA B PANDYA | FIRST | 65 |
| 8 | VIMAL H GANDHI | FIRST | 65 |
| 9 | CHANDRAKANT TALATI | FIRST | 63 |
| 10 | NISHA R SEATH | FIRST | 63 |
| 11 | SMITA M JOSHI | FIRST | 62 |
| 12 | VARSHA J MADIA | FIRST | 62 |
| 13 | USHA A KAPADYA | FIRST | 61 |
| 14 | MAMTA M VALYA | SECOND | 60 |
| 15 | MANIKSHI K VYAS | SECOND | 60 |
| 16 | KALINDI D TRIVEDI | SECOND | 58 |
| 17 | JAYESH M BHATIA | SECOND | 55 |
| 18 | JIGNESH J PAREKH | SECOND | 54 |
| 19 | PRAMILA V PANCHAL | SECOND | 52 |
| 20 | KRINA R SAVLA | SECOND | 51 |
| 21 | HEMLATA J SAMPAT | SECOND | 49 |
| 22 | DHARMESH PATEL | SECOND | 48 |
| 23 | JAYSHRI A JOLAPARA | SECOND | 48 |
| 24 | SURENDRA K TRIPATHI | SECOND | 48 |
| 25 | HETAL B SHAH | SECOND | 47 |

# RESULT

## VEDIC JYOTISH BHUSHAN

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 26 | JIGNESH C CHAVADA | SECOND | 46 |
| 27 | PARUL P MOTA | SECOND | 46 |
| 28 | TEAJASH JAIN | SECOND | 46 |
| 29 | BHAVANA R PARMAR | SECOND | 45 |
| 30 | GANESH P THORAT | SECOND | 45 |
| 31 | JYOTI M BHATIA | SECOND | 45 |
| 32 | NITIN I BHATT | SECOND | 45 |
| 33 | CHARULATA R PUROHIT | SECOND | 43 |
| 34 | HARESH N TRIVEDI | SECOND | 43 |
| 35 | KISHORE N GIDWANI | SECOND | 43 |
| 36 | URMILA C KANTHARIA | SECOND | 43 |
| 37 | MANISH R MEHTA | SECOND | 42 |

## VEDIC JYOTISH MARTAND

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 1 | VARSHA D RAVAL | DISTINCTION | 87 |
| 2 | PRADIP V JOSHI | DISTINCTION | 82 |
| 3 | JAYESH H WAGALA | DISTINCTION | 79 |
| 4 | SANGEETA U BHATT | DISTINCTION | 78 |
| 5 | HINA V OZA | DISTINCTION | 77 |
| 6 | RAMESH K RAVAL | DISTINCTION | 76 |
| 7 | KISHOR R PATEL | FIRST | 69 |
| 8 | MEENABEN B RANDERIA | FIRST | 65 |
| 9 | AADITAYAKUMAR P JAIN | FIRST | 62 |
| 10 | MADANKUMAR V BHATIA | FIRST | 62 |
| 11 | MANGESH R VAJA | FIRST | 62 |
| 12 | HASMUKH S BHUPTANI | SECOND | 60 |
| 13 | CHAITALI H PARMAR | SECOND | 59 |
| 14 | KUNAL B SHAH | SECOND | 56 |
| 15 | NAVIN J CHAWDA | SECOND | 56 |
| 16 | CHARULATA R PUROHIT | SECOND | 55 |
| 17 | NILESH K JANI | SECOND | 54 |
| 18 | RAJUL R MEHTA | SECOND | 54 |
| 19 | CHETAN B PANDDYA | SECOND | 50 |
| 20 | P V SUBBARAO | SECOND | 50 |
| 21 | VISHVA M MAGIA | SECOND | 50 |
| 22 | DEVAYANI H BATHIA | SECOND | 48 |
| 23 | VANITA PANDEY | SECOND | 46 |

## VEDIC JYOTISH SANSTHAN

## RESULT

### VEDIC VASTU BHUSHAN

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | DR. HIMANSHU VYAS | DISTINCTION | 86 |
| 2 | AARTI P KOTHARI | DISTINCTION | 84 |
| 3 | ANITA M LIMBACHYA | DISTINCTION | 80 |
| 4 | HEMLATA J SAMPAT | DISTINCTION | 79 |
| 5 | JYOTI M BHATIA | DISTINCTION | 79 |
| 6 | JAYESH M BHATIA | DISTINCTION | 78 |
| 7 | SNEHAAL J PAREKH | DISTINCTION | 76 |
| 8 | HETAL V LIMBACHYA | FIRST | 75 |
| 9 | TEAJASH JAIN | FIRST | 74 |
| 10 | GANESH P THORAT | FIRST | 73 |
| 11 | MONA C SHAH | FIRST | 73 |
| 12 | ASMITA U BHATT | FIRST | 72 |
| 13 | PRAKASH M PARMAR | FIRST | 72 |
| 14 | DEVANGANI N DAVE | FIRST | 71 |
| 15 | AMI H VYAS | FIRST | 69 |
| 16 | DHARMESH PATEL | FIRST | 67 |
| 17 | DEEPAK T GOHIL | FIRST | 66 |
| 18 | VIMAL H GANDHI | FIRST | 66 |
| 19 | CHANDRAKANT TALATI | FIRST | 65 |
| 20 | BHAVANA R PARMAR | FIRST | 64 |
| 21 | NISHA R SEATH | FIRST | 64 |
| 22 | KRINA R SAVLA | FIRST | 63 |
| 23 | MAMTA M VALYA | FIRST | 63 |
| 24 | VARSHA J MADIA | FIRST | 63 |
| 25 | AVANI M JOSHI | FIRST | 62 |
| 26 | KALINDI D TRIVEDI | FIRST | 62 |
| 27 | USHA A KAPADYA | FIRST | 61 |

### VEDIC SWARGYAN GNYATA

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | SWAPNIL KOTECHA | DISTINCTION | 89 |
| 2 | TEAJASH JAIN | DISTINCTION | 87 |
| 3 | JAYSHRI A JOLAPARA | FIRST | 72 |
| 4 | ANITA M LIMBACHYA | FIRST | 71 |

## VEDIC JYOTISH SANSTHAN

# RESULT

## VEDIC SWARGYAN GNYATA

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 5 | DHARMESH PATEL | FIRST | 70 |
| 6 | JAYESH M BHATIA | FIRST | 70 |
| 7 | DR. HIMANSHU VYAS | FIRST | 68 |
| 8 | HETAL V LIMBACHYA | FIRST | 67 |
| 9 | AMI H VYAS | FIRST | 65 |
| 10 | BIPIN H BHANDARE | FIRST | 65 |
| 11 | HEMLATA J SAMPAT | FIRST | 65 |
| 12 | MONA C BAJARIA | FIRST | 65 |
| 13 | SNEHAAL J PAREKH | FIRST | 65 |
| 14 | AARTI P KOTHARI | FIRST | 64 |
| 15 | GANESH P THORAT | FIRST | 64 |
| 16 | JIGNESH C CHAVADA | FIRST | 64 |
| 17 | MAHESH C VIRA | FIRST | 64 |
| 18 | MANIKSHI K VYAS | FIRST | 64 |
| 19 | MONA C SHAH | FIRST | 64 |
| 20 | NITIN I BHATT | FIRST | 64 |
| 21 | PRAMILA V PANCHAL | FIRST | 64 |
| 22 | SIMA J BHATT | FIRST | 64 |
| 23 | HETAL B SHAH | FIRST | 63 |
| 24 | SMITA M JOSHI | FIRST | 63 |
| 25 | USHA A KAPADYA | FIRST | 63 |
| 26 | PARUL P MOTA | FIRST | 62 |
| 27 | VIMAL H GANDHI | FIRST | 62 |
| 28 | JYOTI M BHATIA | FIRST | 61 |
| 29 | PRATIMA B PANDYA | FIRST | 61 |
| 30 | SURENDRA K TRIPATHI | FIRST | 61 |
| 31 | CHANDRAKANT TALATI | SECOND | 60 |
| 32 | KALINDI D TRIVEDI | SECOND | 60 |
| 33 | PRAKASH M PARMAR | SECOND | 60 |
| 34 | KRINA R SAVLA | SECOND | 59 |
| 35 | BARKHA D AACHARYA | SECOND | 55 |
| 36 | BHAVANA R PARMAR | SECOND | 54 |
| 37 | MAMTA M VALYA | SECOND | 54 |
| 38 | VARSHA J MADIA | SECOND | 49 |
| 39 | JIGNESH J PAREKH | SECOND | 48 |

# આકાશ દર્શન ૨૦૧૫










# આકાશ દર્શન – ૨૦૧૫

પ્રિય વાચકો,

વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા યોજાયેલો આકાશ દર્શનનો અદ્‌ભૂત કાર્યક્રમ સતત પાંચમા વર્ષે પણ એટલોજ અવિસ્મરણીય રહ્યો જેને વર્ણવતા મને અનેરો આનંદ થઈ રહ્યો છે.

૧૪ માર્ચ ૨૦૧૫, શનિવારની સાંજે એમ.કે.જી.એસ. શાળા ખાતે કાર્યક્રમની શરૂઆત થઈ જેમાં ૨૫૦ જેટલા જ્યોતિષ અને ખગોળ શાસ્ત્રના જિજ્ઞાસુ લોકોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી.

નહેરૂ પ્લેનેટોરિયમથી આવેલા ખગોળ શાસ્ત્રીઓએ ત્યાં હાજર રહીને આકાશમાં વિહરતા ગ્રહોની જાણ કરાવી. શીતળતાનો કારક ચંદ્ર અને પરાક્રમનું પ્રતીક મનાતા મંગળ ગ્રહને ટેલીસ્કોપની મદદથી અવકાશમાં ફરતા જોઈ લોકો આનંદવિભોર થઈ ગયા. મનમાં ભય પેદા કરતા શનિ મહારાજ અને પોતાના મહાકાય કદ માટે જાણીત એવા ગુરૂ ગ્રહને જોવાનો લાહવો ત્યાં ઉપસ્થિત સહુએ લીધો.

નક્ષત્રો, રાશિઓ અને તારામંડળની ઓળખ તથા સ્પર્ત્શી અને વિવિધ ઉપગ્રહની ઓળખ ખગોળશાસ્ત્રીઓએ રસિકોને કરાવી. સ્લાઈડ શોના માધ્યમ દ્વારા બ્રહ્માંડમાં અવતરિત ગ્રહો, ઉપગ્રહો અને વિશેષ કલાકૃતિઓની માહિતી ખગોળશાસ્ત્રીઓએ આપી.

સંપૂર્ણ રાત્રિ દરમ્યાન ચાલી રહેલા તદ્દન નિ:શુલ્ક કાર્યક્રમમાં ચહા, કોફી અને અલ્પાહારની જાયફત રસિકોએ માણી.

સંસ્થાના અધ્યાપકો દ્વારા જયોતિષ વિષયક વિવિધ પ્રવચનો દ્વારા જનસમુદાયને માહીતગાર કર્યા, જેમાં જ્યોતિષ શાસ્ત્રનું મહત્વ, વાસ્તુની વિશિષ્ટતાઓ, ગ્રહોની ગરિમા તથા જ્યોતિષ શાસ્ત્ર દ્વારા આરોગ્યનું અનુમાન ઇત્યાદિ રસપ્રદ વિષયોએ જ્યોતિષ રસિકોનો ઉત્સાહ વધાર્યો, સાથે સાથે સ્વરજ્ઞાનની મહત્તા, શરીરમાં સમાયેલા સાત ચક્રોની વિશેષતાઓનું વર્ણન જ્યોતિષ વિદ્વાનો દ્વારા કરાવવામાં આવ્યું. ત્યારબાદ સૂર્યોદય થતા પહેલાજ બ્રહ્મમુર્હતમાં ૐકારના નાદે વાતાવરણમાં તાજગી અને ઉમંગનો સંચય કર્યો.

રાત્રિભર ચાલી રહેલા અદ્‌ભુત કાર્યક્રમનો આનંદ ત્યાં ઉપસ્થિત નાના મોટા સહુએ લીધો. શરીરમાં ઉમંગ અને મનમાં શાંતિ મેળવી સૂર્યદેવના દર્શન કરી સહુએ ઘર તરફ પ્રયાણ કર્યું.

આકાશ દર્શનનું વર્ણન આ લેખ સાથે પૂર્ણ થયું એમ કહેવું થોડું અઘરૂ છે, કારણકે દર વર્ષની જેમ આ વર્ષે પણ અવકાશી યાત્રાની સફરનો અનુભવ અનેરો રહ્યો. ‘આકાશ દર્શન’ ના કાર્યક્રમને યાદગાર બનાવવાનો ખરો શ્રેય વ્યવસ્થાપક સમિતીને આભારી છે, જે કાર્યક્રમ સફળ બનાવવાના નિરંતર અથાગ પ્રયાસ કરે છે. વૈદિક જયોતિષ સંસ્થાન તેમનો ખરા હૃદયથી આભાર વ્યક્ત કરે છે. તથા આવા અદ્‌ભૂત કાર્યક્રમને સફળ બનાવતા જયોતિષ જીજ્ઞાસુ અને તેમના પરિવાર જનોની સંસ્થા આભારી છે.

વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા દર વર્ષે યોજાતા આવા વિશેષ કાર્યક્રમો જ્યોતિષ વિદ્યાને જાળવી અને ટકાવી રાખવા તથા લોકો સુધી પહોંચાડવામાં સહાયરૂપ થાય છે.

।। હરિ ૐ ।।

ઝંખના દવે
(વૈદિક જ્યોતિષ સંસ્થાન)

# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ૨૦૧૪

